
કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ
વર્ષ ૬૬મું
એપ્રિલ ૧૯૮૩
સળંગ ૭૮૩મો અંક
તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક





સૂર્ય

આફ્રિકામાં જેમ ઇજિપ્તની તેમ મધ્ય અમેરિકાના મેક્સિકોના વિસ્તારમાં એઝટેક પ્રજાની એક આગવી સંસ્કૃતિ વિકસી હતી. પથ્થરમાં કોતરેલું આ શિલ્પાંકન એમના સૂર્ય – દેવતાનું છે. ઇજિપ્તની પેઠે એમનાં શિલ્પોની પણ આગવી લાક્ષણિકતાઓ રહી છે. મેક્સિકો પર સ્પેનનાં આક્રમણો બાદ આ સંસ્કૃતિનો હ્રાસ થયો. (ઉપર) 'કચ્છ અને રામરાંધ' નામના એક સુંદર સચિત્ર ગ્રંથમાંથી લીધેલું ચિત્રાંકન. શ્રી રામસિંહજી રાઠોડના એ અંગ્રેજી ગ્રંથ વિષે જુઓ આ અંકની 'કલાવાર્તા'.



રામ-રાવણ યુદ્ધ • કચ્છના મહારાવ દેશળજીના ફટાયા કુંવર ગગુભા(હમીરજી)ને તેરાની જાગીર મળી. ત્યાં વસવા જતાં પહેલાં એ પરમ રામભક્તે રોજ સવારે રામના દર્શનાર્થે દરબારગઢના શયનખંડની ચારે ભીંતો ઉપર લગભગ પોણોસો ફૂટ લાંબી ચિત્રપટ્ટીમાં કચ્છી લોકરામાયણ, રામાયણની કથા ચિતરાવી હતી. કચ્છી કમાંગરી ત્યારે પરાકાષ્ટાએ હોઈ ૧૯મી સદીના મધ્યકાળનાં એ ચિત્રોમાં ભારતીય લોકકળાની લઢણ સાથે કમાંગરીની આયસ્રનો અભિગમ દેખાય છે. રાજા દશરથના કામેષ્ટિ યજ્ઞથી રામરાજ્યાભિષેક સુધીની કથાનાં ચિત્રો જોતાં ભાવકનું ચિત્ત સ્વચ્છ અને પ્રસન્ન રહે એ દષ્ટિએ તેમાં ક્યાંય સ્થૂળ રૂપ કે લોહી નીંગળતી કાયા દર્શાવી જ નથી. પાત્રોની વેશભૂષા પણ તત્કાલીન કચ્છી છે. અહીં એ ચિત્રપટ્ટીનો એક ભાગ દર્શાવ્યો છે. તેમાં ચિત્તભ્રષ્ટ રાવણનું મન ગધેડા જેવું હતું તે દર્શાવવા તેના માથે ગધેડાનું મસ્તક ચીતરેલું છે. (શ્રી રામસિંહજી રાઠોડ તથા 'ભારતીય સંસ્કૃતિ દર્શન'ના સૌજન્યથી. (જુઓ આ અંકની 'કલાવાર્તા'.)

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પુરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦ તથા આજીવન રૂ. ૯૦૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઓફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે. અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો. 'કુમાર'ની કોથળી પર તે દર્શાવવામાં આવ્યો હોય છે.
- સરનામામાં ફેરફાર કે એવી કંઈ સૂચના જે માસની આખર સુધીમાં મળશે તેનો અમલ તે પછીના માસના અંકથી શક્ય બનશે. આવી સૂચના મળ્યા પહેલાં રવાના થઈ ચૂકેલો અંક ફરી મોકલવો શક્ય નથી.
- ગુમ થયેલા અંકો અંગે જો અમને એકાદ માસમાં ફરિયાદ મળશે તો જ તેનો નિકાલ થઈ શકશે. પરન્તુ એથી જૂના અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે અશક્ય છે.

તમામ પત્રવ્યવહારનું સરનામું
કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

કુમાર સળંગ અંક ૭૮૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

બે વસંતકાવ્યો/ઉશનસ્

વાસંતી પરોઢનો તડકો

(હરિણી • સોનેટ)

મધુર તડકો વાસંતી આ પરોઢ તણો પડ્યો
હજી શિશિરશા છાયાન્ધરા થીજ્યા મુજ આંગણ,
પ્રસરી નહિ શું, પાંખો બેઠું પતંગિયું બે ક્ષણ!
બ્રહદ કદની પાંખો વચ્ચે ન દેહ - સ્રજ્યો-જડ્યો!
વિવિધ વરણી પાંખો પ્હોળી પ્રસારિત, જે ઢીલી
ક્વચિત જ હલે, વાયુલ્હેરે ઊંચીનીચી થૈ ઠરે
હલનચલને થોડું થોડું સુ-વર્ણ ખર્યા કરે
ધરની ઉપરે, થોડો થોડો હવા પણ લે ઝીલી;
મધુર તડકો, વાસંતી આ પતંગમ-ઉજ્જવલ
ઘરબહિર છે શેરી વચ્ચે પડેલ; હું શું કરું?
નયન ભરી લૌં? ઠાંસી નાડી ભરી લઉં? સંઘરું?
પુલકથી ઝીલું? એ તો પાછો સ્વભાવથી ચંચલ;
અબઘડી જશે ઊડી ક્યાંયે પતંગું, વિહંગ થૈ,
વરણ સઘળા ઊડી જાશે; ફરી મળશે ય ન્હૈં.

વસંતપંચમી અને ગીતસર્ગ

(પૃથ્વી - સૉનેટ)

હજી ન રચ્યું જે; પરંતુ અનવદ્ય મૌનાંગમાં
મહારું કલ-ગીત એક મધુસિક્ત, ગુંજારવે
પ્રપૂર્ણ, લયપીનયુક્ત અહીં ક્યાંક છે ઉત્સવે
વસંતગગડે વિકીર્ણ બહુ વર્ણના સ્વાંગમાં.

દ્રુમેદ્રુમની પુષ્પિત વિટપ-વલ્લી ભેગી ભળી
વણાઈ ગઈ માહરા ગીતની પંક્તિઓ હિલ્લળે,
વિખૂટી વિટપોથી થાય નહીં; ના વીંટા ઊકલે;
રુધિર નીકળ્યા વિના ખરી શકે ન કોઈ કળી.

જઈ. વિટપ-પંક્તિના વિનત છેડલે પર્ણની
નવીનતમ પ્રાસનો ખીલી ઊઠેલ સંબંધ છે,
પહાડી સ્રજી પર્વપર્વ મહીં અંતરા-બંધ છે,
પહાડ-તરુઓની ટોચ પર ચોટ છે વર્ણની!

પછી અહીંથી ઊર્ધ્વ છે નરી જ વ્યોમની વ્યંજના!
સમાધિ મહીં શબ્દ-અર્થનણું યે કશું ભાન ના.

ભીનો કલરવ/વ્રજલાલ દવે

(ગઝલ)

નભે ખાલી ખાલી ઘનો ના ધસે છે;
સમંદરની માયા ગગનને રસે છે!

ચડી વૃક્ષમાંહી લીલાશોની ભરતી,
થડોની તિરાડોય ભીનું હસે છે!

ગળી ઓગળી માટીની કાય દ્રવતી
ડહોળાં જલોમાંય કલરવ લસે છે!

લિયો રોપી છલકંતી મોસમ હૃદયમાં,
ઉષ્મા તો ઠંડકની બાથે શ્વસે છે!

ફલાંગે ફલાંગે ધસી આભથી યે
યુવાની નસોમાં એ વિદ્યુત્ વસે છે!

ધમાલો, અવાજો ને કકળાટ કાળા
ઘડીક તો થઈ ચૂપ આઘા ખસે છે!

રોયાથી ખૂબ ખૂબ રાજી/નટરાજ બ્રહ્મભટ્ટ

(ગાન)

રોયાથી ખૂબ ખૂબ રાજી હો રામ
અમે રોયાથી ખૂબ ખૂબ રાજી
આંસુનાં પાનાને ઊતરતા જાવ
અને બળની રે જાય ભાઈ બાજી...

હસવાની વાત પરે હસવું આવે,
હવે હોઠોથી કામ નથી લેવું
તડકાના ટેકાથી ટાઢક જો થાય
પછી છાયાને ખાલી શું કે'વું
કાયાને કાટ નહીં લાગે કષાયનો
આંસુથી રોજ રહું માંજી...

આંસુને ઓળખી લો ઓસડ છે કામનું
બાકી તો જનમારો ખોયો
એની તો મોજ ખરી મીરાંએ માણી
કે આંસુમાં શ્યામને જોયો
કદીયે સુકાય નહીં એવો આ સોયરો
આઠે ને પ્હોર રહું આંજી.

જૂની રંગભૂમિના અડીખમ નટવર્ય


અમૃત જાની

સુશીલા જોશી

પ્રથમ વિશ્વયુદ્ધનો અંતિમ તબક્કો હતો અને સમગ્ર વિશ્વ જ્યારે યુદ્ધની નાગચૂડમાંથી છૂટવા મથી રહ્યું હતું ત્યારે માતૃવિયોગથી ઝૂરતા સાતઆઠ વર્ષના પુત્રને તેના પિતા સૌરાષ્ટ્રના નાનકડા ગામ ટંકારાથી એકાએક કરાંચી લઈ ગયા. કરાંચીના એક વિશાળ બંગલાના કમ્પાઉન્ડમાં દાખલ થતાં પુત્રે કુતૂહલથી પૂછ્યું, 'બાપુજી, આપણે ક્યાં આવ્યા?' પિતાએ વત્સલભાવે જવાબ આપ્યો, 'આ આપણું થીએટર એટલે કે નાટકશાળા!'

. અમૃત જાની યુવાન વયે





આ પુત્ર તે જૂની ગુજરાતી રંગભૂમિના ખ્યાતનામ નટવર્ય શ્રી અમૃત જાની. લગભગ પાંચ દાયકા લગી રંગભૂમિ પર અભિનયનાં અજવાળાં પાથરનાર અમૃતભાઈને ગુજરાત સરકારે ૧૯૮૯નો ગૌરવ પુરસ્કાર આપીને બહુમાન કર્યું છે. ઉત્તમ કળાકારો. અને કળાવિવેચકોએ બિરદાવેલી તેમની અભિનય-કારકિર્દીનાં સુખદ સંભારણાં જીવનની ઢળતી સંધ્યાએ મૂડીની જેમ જાળવી રહ્યા છે. શ્રી બકુલ ત્રિપાઠીએ કહ્યું છે તેમ, ખરેખર વાતોડિયા અને સ્નેહભૂખ્યા માણસ છે આ અમૃત જાની. તેમની નિખાલસતા સ્પર્શી જાય એવી. વાતોમાં ધીરેધીરે આત્મીયતાનો સેતુ રચાવા લાગે. એ સેતુ થકી એમના અંતરદ્વારે હું સહેજ ટકોરા મારું ત્યાં તો ભીતરની ગાંઠો એક પછી એક ઉકેલાતી ગઈ._

કુમળી વયે કરાંચીના થીએટરની રંગીન દુનિયાને નજરે માણતાં માણતાં અભિનયના તમામ સંસ્કાર આપોઆપ ઝિલાતા ગયા. આમ, પિતાએ નાટકની ઝગારા મારતી આભાસી દુનિયાનું દર્શન કરાવ્યું. છતાં તેઓ પુત્રને નાટકિયો બનાવવા નહોતા માગતા. કેમ કે એ જમાનામાં ઉચ્ચ વર્ણના છોકરાઓ નાટકમાં ઊતરે એ લાંછન ગણાતું. સ્ત્રીઓથી તો નાટકમાં ઊતરાય જ નહીં. એટલે સ્ત્રી-ભૂમિકાઓ પણ છોકરાઓને ભાગે કરવાની આવતી. નસીબ તેમને રંગભૂમિની દિશામાં જ ખેંચી ગયું.

૧૭ જુલાઈ ૧૯૧૨માં જન્મેલ અમૃતભાઈ પચાસ વર્ષો રંગદેવતાને ચરણે ધરી જૂની અને નવી રંગભૂમિની સાંકળરૂપ બની રહ્યા. અભિનય, દિગ્દર્શન, પરિચર્ચાઓ, નાટ્યશિક્ષણ એમ ઘણાઘણા ખેલ કર્યા પણ તે છતાં લગભગ પચ્ચા જેટલાં નાટકોમાં તેમણે ભજવેલ સ્ત્રી-ભૂમિકાઓની વિશિષ્ટતા રંગભૂમિના ઇતિહાસમાં નોંધપાત્ર ઘટના ગણાશે. ૧૯૪૮માં ગંગાપ્રેશીની છેલ્લી ભૂમિકા કરી તેમણે ઘાઘરી-પોલકાં ઉતાર્યાં. સદ્દભાગ્યે તેમના નાનાપુત્રે એ ભૂમિકા વીડિયો કસેટમાં ઉતારી લીધી છે એટલે એ જોવાનો લહાવો રસિયાઓને મળી રહે તેમ છે.

૧૯૨૭માં 'ભારતગૌરવ' નાટકમાં છાયાદેવીની ભૂમિકા દ્વારા ૧૪ વર્ષની વયે અભિનયપંથે પગલાં પાડનાર અમૃતભાઈએ ૧૯૨૯માં મુંબઈના આર્યનૈતિક નાટક સમાજના વાસવાળા થીએટરમાં કવિ ત્રાપજકરના 'રણગર્જના' નાટકમાં કમળાની ભૂમિકા ભજવી મુંબઈ અને ગુજરાતના પ્રેક્ષકોને મુગ્ધ કર્યા. તેમનું કામ જોઈ અભિનયપારખુ સોરાબજી કાત્રકબાવા અને લાલજી નંદાએ તેમને એ જમાનાની રજવાડી નાટ્યસંસ્થા રોયલ કંપનીમાં લઈ લીધા, જ્યાં તેમણે અનેક નાટકોમાં સ્ત્રી-ભૂમિકાઓ કરી એ સમયના કલાકારોમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

ગુજરાતી રંગભૂમિ પર ગુજરાતી સ્ત્રીનો આદર્શ મૂર્તિમંત કરવા તેમણે જે સાધના કરી તેનો ઇતિહાસ પણ ઘણો રોમાંચક છે. ઘરબહાર, કુટુંબપરિવાર છોડી સતત નાટ્યશાળામાં જ રહી અભિનયના પાઠ શીખવાના. બહાર જવું હોય તો પણ પઠાણના પહેરા નીચે જવું પડતું. તેમના અભિનય પર વારી જઈ નાટ્યરસિયા સ્ત્રીપુરુષો તેમને પ્રેમપત્રો લખતા, જે તેમની પાસે સેન્સર થઈને આવતા. સ્ત્રી-ભૂમિકા કરવા માટે કમનીય દેહયષ્ટિ અને સુરીલો અવાજ આટલું હોય તો બીજું બધું દિગ્દર્શકો સંભાળી લેતા.

આજે ૮૦ વર્ષની જૈફ વયે પણ અભિનય એમના શ્વાસમાં ધબકે છે. હજુ તાજેતરમાં ૨૭ માર્ચ ૧૯૮૯ના રોજ વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે મુંબઈ આકાશવાણી દ્વારા આયોજિત જૂની રંગભૂમિના કળાકારોના સમારંભમાં ભાગ લેવા ગયા ત્યારે માત્ર સંવાદ દ્વારા અભિનયની છટા ઉપસાવી પ્રેક્ષકોને આશ્ચર્યમાં નાખી દીધા. આજથી વીસ વરસ પહેલાં શ્રી જશવંત ઠાકરના દિગ્દર્શનમાં 'અંતરના અપરાધી' (ક્રાઈમ એન્ડ પનિશમેન્ટનું રૂપાંતર) નાટકમાં ઘરડિયા માર્મેલેડોવની ભૂમિકા કરી નાટ્યરસિકોનાં મન હરી લીધાં. જશવંતભાઈએ તેમના માટે યોગ્ય જ કહ્યું છે કે -

"અમૃત જાની એક ઉમદા વ્યવસાયી નટ છે. નટ એટલે કલાકાર; અને નટની ઉત્તમ ચિત્ત-અવસ્થાએ તે નટરાજ નામની અવસ્થા પાસે પહોંચે. કલાત્મક અભિનયની સૂક્ષ્મ નજર અમૃત જાનીમાં પ્રગટ થઈ છે. આ વિવેક નટરાજનો કૃપાકટાક્ષ છે; જેના આશિષ અમૃતને ક્યાંક પ્રાપ્ત છે, જેથી હું તેમને 'નટવર્ય' કહી સંબોધું છું."

અમૃતભાઈને ગૌરવ છે એ જમાનાનું, એ તાસીરનું, એ અભિનયક્ષમતાનું તેથી જ ઉન્નત મસ્તકે પ્રશ્ન કરે છે -

'અમારી સો વરસ ઉપરની તખ્તાની દુનિયામાં દરેક કોમના એવા અનેક મહાન નટો, દિગ્દર્શકો, સંગીતકારો, નૃત્યકારો થઈ ગયા. એમાંની કોઈ પણ વ્યક્તિની બરાબરી કરી શકે તેવો કલાકાર આજની પેઢીમાં થયો નથી. થાય એમ હું ઇચ્છું છું, પણ એ શક્ય છે?'

એમની વાત ખરી, પણ દરેક યુગના પોતાનાં આગવાં મૂલ્યો હોય છે. સમયચક્ર ફરતાંની સાથે ઘણુંબધું ફરી જતું હોય છે. એટલે તુલના ન થઈ શકે છતાં તેમની અભિનય ક્ષમતા અંગે બે મત નથી.

જૂની રંગભૂમિની વાતો સાથે જ કેટલાંય નામો તેમના હોઠે ચડી આવે છે. અશરફખાન, મોહન લાલા, કવિ ત્રાપજકર, મણિલાલ પાગલ, જયશંકર સુંદરી વગેરે... જીભને ટેરવે રમ્યા કરતાં આવાં નામોની યાદી ઘણી લાંબી છે. ત્રાપજકરજીએ એકવાર તેમને કહેલું કે 'વો અદાકે સાથ ખડે રહો કે દેખનેવાલે દંગ રહ જાય!'

અને અમૃતભાઈએ એમના આ વાક્યને બ્રહ્મવાક્ય માની અભિનયમાં ઉતાર્યું એ જ એમના અભિનયની સફળતા. તેમના મતે નાટક વંચાતું નથી બોલાય છે. આ વાતની ખાતરી કરવી હોય તો તેમના પુત્ર શ્રી ઇન્દુભાઈ જાનીના અમદાવાદમાં ગુલબાઈના ટેકરા પર આવેલા ૭, ત્રિમૂર્તિ સોસાયટીના બંગલે પહોંચી જાઓ. નાટકની વાત છેડો બસ, પછી તો કોઈ પણ ડાયરી કે પુસ્તક વગર રંગભૂમિ પર પોતે ભજવેલી ઉત્તમ ભૂમિકાઓના ચોંટદાર સંવાદો હોંશે હોંશે સંભળાવશે. હું પણ એમની સામે મૂક શ્રોતા બની સાંભળતી રહી. કરુણ સંવાદો બોલતાં આંખમાંથી દડદડ આંસુ સરવા લાગે અને તમે એ ભાવજગતમાં તણાવા લાગો. તેમણે મુખ્યત્વે કરુણ ભૂમિકાઓ કરી છે અને પ્રેક્ષકોને રસતરબોળ કરી દીધાં છે. એ માટે એમને ક્યારેય આંખમાં ગ્લિસરીન નથી આંજવું પડ્યું. પોતાની ભૂમિકા સાથે એ એટલા ઓતપ્રોત થઈ જાય કે આંખમાંથી આંસુ સહજ વહેવા લાગે. એ જમાનામાં અમૃતભાઈના કંઠેથી ગવાતાં 'પ્રીતિના ઘાવે જે છે ઘવાયાં - એને વચન કેરા માર આમ ન મારો' અથવા 'કંથને હું કાંઈ નથી કહેતી, રિસાઈને સાજના અબોલડાં લેતી...' ગીતોમાં આઠ દસ વખત વન્સમોર મળતા. ગીત સાંભળવા માટે આગલી હરોળની દસ રૂપિયાની ટિકિટ ખરચી નાટ્યશોખીનો આઠઆઠ દસદસ વખત નાટક જોવા આવતા.

લોકો ચાર આનાની ટિકિટ લઈ નાટક જોવા આવે પણ બે આનાની ઓપેરા બુક જરૂર ખરીદે, જેથી નાટકનાં ગીતો ગાઈ શકાય. ગામમાં નાટક રજૂ થયા પછી બજારમાં નીકળે ત્યારે ચોરામેમણ લોકો દુકાને બેઠાંબેઠાં નાટકનાં ગીતો ગાતા હોય અને વાતો કરતા હોય કે - 'સાલા અમરૂને, ટો કમાલ કર દિયા હૌ, કલેજા તોડકે રખ દેટા હય!' જનસમાજ દ્વારા મળેલું આથી મોટું પ્રમાણપત્ર બીજું કયું હોઈ શકે?

ડાબી બાજુથી - 'ગર્વખંડન' નાટકમાં હીરાલાલની કૉમિક ભૂમિકામાં; ગો માત્રિના 'સરસ્વતીચંદ્ર'માં અલકકિશોરી





કરાંચીમાં તખ્તા પર તેમના આગમન સાથે જ પ્રેક્ષકોમાં દાદા ગણાતા ખામોશિયા 'ખુશ રહો ક્વેટા મેલ' ઉપનામથી તેમને વધાવી લેતા અને જનતા પણ તેમને આપેલ આ ઈલ્કાબ ગમ્યો હોય તેમ ખુશખુશાલ થઈ તાળીઓના ગડગડાટ કરતી. નાટક પૂરું થયા પછી જનતા તેમને જોવા માટે બહાર ખડી રહેતી. એવો હતો એમના અભિનયનો પ્રભાવ !

તખ્તાએ જેમને તરુણીનું આકર્ષણ બક્ષ્યું તેવા અમૃતભાઈ પર ફિદા થનાર ઍંગ્લો ઇન્ડિયન્ કે પારસી કુટુંબો, અભિનયની સુવાસને અત્તરની ભેટ ધરનાર સરૈયા પ્રેક્ષકો અને અઢારે વર્ણના લોકો જ્યાં ભેગા થાય એવા નટમંડળોની ભાવાત્મક એકતા દાદ માગી લે તેવી. કોમી હુલ્લડના કપરા કાળમાં કરફ્યુ દાખલ થાય એ પહેલાં 'ગાડાનો બેલ' જોવા એકઠું થતું માનવકુળ એ જમાનાની નાટ્યપ્રવૃત્તિની ઉજજવળ કીર્તિ સમું હતું.

યોગક્ષેમની ચિંતા અમૃતભાઈએ પ્રેક્ષક સમુદાય પર છોડી હતી અને એટલે જ જયપરાજયના પચાસેક વર્ષો પ્રેક્ષકો અને પરદાની વચ્ચે રંગીન આભાસી દુનિયામાં વિતાવનાર અમૃતભાઈનું યોગક્ષેમ હાલ તેમના પુત્રો સંભાળી રહ્યા છે. મોરબી-ટંકારાથી આરંભાયેલ અમૃતભાઈની જીવનયાત્રા કરાંચી, મુંબઈ, રાજકોટ, વડોદરા વગેરે અનેક સ્થળોએ પડાવ નાખતી અમદાવાદ આવી સ્થાયીત્વ ધારણ કરે છે. એમની જમા પૂંજીમાં રહ્યાં છે માત્ર અતીતનાં સ્મરણો. એના વિષાદના ઓથારમાં સચવાયાં છે 'અભિનયપંથે' પુસ્તકનાં પાનાં, જે અમૃતભાઈની આત્મકથાનો મૂલ્યવાન સામાજિક દસ્તાવેજ છે.

તેમણે આજીવન ગુજરાતી રંગભૂમિને પોતાની અભિનયકલા દ્વારા દીપાવી છે. સુંદર વેશભૂષા, કોઠાસૂઝ અને મળેલી ભૂમિકામાં તન્મય બની શ્રેષ્ઠ અભિનય આપવો એ તેમની આગવી રસસિદ્ધિ ગણાતી. શબ્દોના અર્થને અભિનય દ્વારા કઈ રીતે મુખરિત કરવો એનો કસબ અમૃતભાઈને સાધ્ય છે. અર્થને એક આગવું વ્યક્તિત્વ આપી કંઈ કેટલાય ચાહકોના હૃદયને તેમણે તરબતર કર્યાં છે. અક્ષરે અક્ષરમાં પ્રકટતો ઉચ્ચારણનો જાદુ અને તેનો સમગ્ર પ્રભાવ કેટલી ઊંડી અસર મૂકી જાય છે તેની અનુભૂતિ ગુજરાતી પ્રજાને અમૃતભાઈએ કરાવી. નાટ્યસર્જકોના શબ્દોને સજીવન કરવામાં તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું.


સ્વ. જામનલિખિત 'લગ્નબંધન'માં સ્ત્રીપાત્રમાં

અમૃતભાઈ આજ પણ વાતો કરતાં કરતાં અતીતની ઝલક આપી શકે છે. તેમની પાસે વર્ષોની મહેનત અને અનુભવે પ્રાપ્ત કરેલું અભિનયનું રસાયણ છે. તેથી જ તો રઘુનાથ બ્રહ્મભટ્ટ, મૃણાલિની સારાભાઈ, ઊર્મિલા ભટ્ટ - માર્કન્ડ ભટ્ટ, વગેરે વિશિષ્ટ વ્યક્તિઓએ તેમની અભિનયકળાને મુક્તકંઠે બિરદાવી છે.

આજે જ્યારે નાટક ચાલતાં નથી એવી કાગારોળ સંભળાય છે ત્યારે તેમનો એક અનુભવ ખરેખર પડકારરૂપ લાગે. 'એ વખતે ત્રાપજકરજીનું લખેલ અને અમદાવાદના પી.જી.ગાંધીએ તૈયાર કરેલ 'વીરપસલી' નાટક વડોદરમાં રજૂ થયું. મુખ્ય ભૂમિકા વિજયા (શાંતારામની નાયિકા સંધ્યા) કરતી. ત્યારે એ નાટક જોવા માટે અમદાવાદથી વડોદરા ખાસ ટ્રેન જતી, જે વીરપસલી ટ્રેન રીકે ઓળખાતી. એમાં અમદાવાદના પ્રેક્ષકો ખીચોખીચ ભરાઈને નાટક જોવા જતા.'

આવી અનેક વાતો તેમની સ્મૃતિમાં અકબંધ જળવાઈ રહી છે. છેલ્લે તેમના ગઝલસંગ્રહનાં પાનાં ફેરવતી તેમની એક ગઝલની પંક્તિઓ ટપકાવી લઉં છું -

પ્રસંગો જિંદગાનીમાં, ઘણા એવાય આવ્યા છે,
અવર ને પાઈ અમૃત, મેં હળાહળને પચાવ્યાં છે.
કહી ને કોઈ બીજાને નથી મૂર્ખાઈ હું કરતો
પ્રણયના દર્દ દિલનાં મેં સદા દિલમાં સમાવ્યાં છે. □

સફાઈ કામદાર શ્રી હકા ભીખાની દિનચર્યા

— જનક ત્રિવેદી —

શ્રી હકા ભીખા ગીરથોરડી રેલવે સ્ટેશનના સફાઈ કામદાર છે. હકાનો બાપ ભીખા રૂડા અને દાદો રૂડોભાભો રેલવેના સફાઈ કામદાર હતા. કાલાનુસાર રેલવેના ચોપડે હોદ્દાનું નામ બદલાયું, પરંતુ હકીકતમાં એનાં નામ પાછળ હજી પણ જાતિ વાચક હોદ્દાનું પૂછડું લગાડી બોલાવવામાં આવે છે. એને એ ફુમકા સામે કોઈ વિરોધ નથી. હકા ભીખાને રાવ-ફરિયાદ કરવાની ટેવ જ નથી.

રૂડાભાભાએ નાગવદર સ્ટેશનનું એક જ પ્લેટફૉર્મ વાળ્યું હતું. બાકીનો સમય ગામના મંગળ અવસરોમાં ઢોલ વગાડીને અને નશેરનાં મડદાં પીંખીને જિંદગી કાઢી હતી. આજે પણ રૂડાદાદાનો બોખો ઢોલ હકા ભીખાના ક્વાર્ટરની ભીંત શોભાવે છે.

રૂડાભાભાનો દીકરો અને હકા ભીખાનો બાપ ભીખો ભગત પણ રેલવેનો આબરૂદાર સાવરણાધારી કામદાર હતો. સવારે સ્ટેશન ચોખ્ખું ચણાક કરી બાકીનો સમય તેઓશ્રી પોળી પડકી પાથરેલી ખાટલી ઉપર અખંડ ચોવીસ કલાક બિરાજમાન રહેતા અને કાલાંના કસુંબાનો કેફ કરી અગમનિગમનાં 'ગિનાન' અને સત્સંગમાં ગાળતા. રાતે બોદા એકતારા સંગે બસૂરા રાગે ભજન રાગોડતા. ભીખો ભગત એમ જ આ અસાર સંસારની વૈતરણી તૂટેલ તુંબડે તરી ગયેલા. 'ભીખો હવે ભગત થઈ ગ્યો...એનાથી નોકરી નૈં થાય....' - એમ જાણી એક દયાવાન ટ્રાફિક ઇન્સ્પેક્ટરે ભીખાને બદલે હકાનું નામ રેલના ચોપડે ચડાવી દીધેલું. ત્યારે હકાથી સાવરણો બે હાથેય માંડ ઊપડતો. રૂડાભાભાના બોખા ઢોલની પડખે જ હકાના બાપ ભીખા ભગતનો ભાંગેલ તુંબડું અને તૂટેલા તારવાળો એકતારો ટીંગાય છે. હકા ભીખાના પુણ્યશ્લોક પૂર્વજો હકા માટે આટલો આધિભૌતિક વારસો મૂકતા ગયા છે.

ચાલીસે પહોંચેલા હકા ભીખા ધનશ્યામ ફોટોફેઈસ અને પીળી પડેલી વિશાળ આંખો ધરાવે છે. કાબરચીતરાં લાંબાં ઓળિયાં પાણી નાખી ચપોચપ ઊભાં ઓળે છે. ચહેરાથી સવિશેષ કાળા હોઠ વચ્ચે ચમકતા સફેદ દાંતથી હકા ભીખા ઘણા રૂડા લાગે છે. હકા ભીખા ખભા ઝૂકેલા અને માથું જમીન-ઢાળું રાખી ઘસડાતી ચાલે ચાલે છે. અલગ અલગ રંગની સ્લિપરનાં તળિયાં કાણાં છે, અને ક્યારેક સરતચૂકથી ડાબું-જમણું અવળાં-સવળું પહેરાઈ જાય છે. ગનીમત છે, હકા ભીખાના ચરણમાં જાસલ તો જાસલ સ્લિપર હોય છે. જૂનાં કપડાંવાળી ઝબુડી વાઘરણ પાસેથી પચ્ચીસ રૂપિયામાં ખરીદેલી ખમીસ-પાટલૂનની જોડી હકા ભીખા ઠાઠથી પહેરે છે.

હકા ભીખાને બે ભાઈ છે. મોટો લાભુડો સાંધાવાળો છે, જે મોટો કામચોર અને ઓટીવાળ છે. લાભુડાને અપાવી દીધેલી રકમના વ્યાજના ત્રણસો રૂપિયા હકા ભીખા છેલ્લાં બે વર્ષથી ભરે છે. નાનો સામત આંટા-લૂસ છે.

હકા ભીખા બે છોકરાના બાપ છે. અગિયાર-બારનો મોટો ચંદીયો ભણતો નથી અને ફિલમનાં ગાણાં ગાતો બકરાં ચરાવે છે. એને ગંજીપત્તાની રમત સારી ફાવે છે. પાનાંમાં હેરફેર કરી લે એટલો માહિર બની ગયો છે. ક્યારેક બાજી જીત્યો હોય તો હકા ભીખા ચંદીયા પાસેથી બેચાર રૂપિયા ઉછીના લે છે. અદ્દલ હકલબરી ફિન જેવો નાનો મયલો ઋતુઋતુનાં ફળફળાદિ - જેવાં કે પેપડી, લીંબોળી, ચણીબોર અને ચોરાઉ લીલી મગફળી, મગની શીંગો, ડોડા અને કૂણાં ચીભડાં તથા ગાજર ખાવાનો ભારે શોખીન છે. વાંસા બાવળા થાય એનો વાંધો નહિ.

હકા ભીખા પૂરા બારસો ઓગણસાઠ રૂપિયાના પગારદાર નોકરિયાત છે. હકા ભીખાને છેલ્લું 'કોટર' મળ્યું છે, જેને ગામના નાનીલા 'હકાભાઈના બંગલા' તરીકે ઓળખે છે. નાતમાં હકા ભીખા રેલવેના હોદ્દેદાર, સફાઈ કામદારનું દબદબાભર્યું સ્થાન ધરાવે છે. હકા મીઠાને 'પરમોશન જોતાં નથી.' હકા ભીખા ક્યારેક મૂડ હોય તો સીમની બોરડીઓનાં જાળેજાળાંથી પરિચિત એવા ચંદીયા અને મયલાને સોનેરી સલાહ આપે છે. - 'હાળ્યો, કઉં સું...ભણો...ભણો... ! કાંક ભણશો તો ઉંપર થાહો...! ગાંઈધી બાપુને આંદિરાબુને આપડા હાટું બૌ કાલટી કરીન લાભ દીધાસ....તી, હાળ્યો, ઈનો લાભ લ્યો, તો કોક દિ બે પાંદડે થાહો...!

હકા ભીખા ખુલ્લાં આભ નીચે ટૂટલમૂટલ ખાટલી ઢાળી સૂએ છે. રાત આખી સો સોની નોટોનાં સપનાં બિછાવેલી પથારીમાં ઘસઘસાટ ઊંઘતા રહે છે. સવારે ઊઠતાંવેંત વાસી મોઢે શિવાજી બીડી સળગાવે છે. પછી મુખારવિંદ વીછળ્યા વિના કોઈના ઘરે ચા પીવા ચાલતા થાય છે. ઘરમાં ચા હોય તો ખાંડ ન હોય અને ખાંડ હોય તો ચા ન હોય. અથવા મોટેભાગે તો બંને ન હોય. ગમે તે હોય, હલકું વરણ હોવાના સદ્ભાગ્યે હકા ભીખાના નસીબે સવારના પહોરની ચા મળી રહે છે. કંઈક આ મેળમાં હકા ભીખા રેલવેના 'પરમાનન્ટ' પગારદાર હોવા છતાં રેલવેનું સફાઈકામ પહેલાં કરવાને બદલે રેલવે હદ બહારનાં ખાનગી મકાનોની સફાઈ પ્રથમ પતાવે છે. સ્ટેશન માસ્તર તેથી રોજિંદા કચકચાટ કરે છે. પણ હકા ભીખા જરાય કાનસોરો દેતા નથી. ગાળો ખાવી બહેતર, પણ ચા ખોરી પાલવે નહીં!

હકા ભીખાના દિવસનો શુભારંભ આ પ્રમાણે થાય છે : કથાનાયક હકા ભીખા સાવરણો બગલમાં દબાવી સવારે આઠેક વાગે ડોલતા ડોલતા સ્ટેશન વિસ્તારમાં એન્ટ્રી પાડે છે. પ્લેટફૉર્મ - આરોહણ કરી ઑફિસની ઓસરીની ધારે ઊભડક બેસી બીડી સળગાવે છે. પછી ધુમાડાની આરપાર દૃષ્ટિ નોંધી રાખે છે. એ વખતે તેઓશ્રી કોઈ વિચારશીલ પુરુષ જેવા દેખાય

છે. ખરેખર તો તેઓ કામનું આયોજન ગોઠવતા હોય છે. દરમિયાન સ્ટેશન માસ્તર દષ્ટિગોચર થતાં હકા ભીખા ઊભા થઈ સલામ મારી રામ રામ કરે છે. સ્ટેશન માસ્તરના નસીબમાં રામનું નામ નહીં હોવાથી હકા ભીખાને મોડા આવવા બદલ ત્રણચાર ગાળો ઠપકારે છે. હકા ભીખા ખી...ખી કરે છે. તેમને સાહેબની ગાળોનું જરાય માઠું લાગતું નથી. હકા ભીખાને માઠું લગાડવાની આદત જ નથી. સ્ટેશન માસ્તર બીજી બેત્રણ ગાળો ચોપડાવતા ઓફિસમાં જાય છે. 'આ સ્ટેશન માસ્તર નક્કી નરકમાં જવાનો' - તેવી પાકી ખાતરી હોય તેમ હકા ભીખા તેની સામે દયાર્દ્ર નજરે જોતા રહે છે. પછી સાવરણો હાથમાં ધારણ કરી, છેલ્લો દમ મારી બીડીને ઊઘાડા પગ નીચે કચરી પ્લેટફોર્મ પર ઉઝરડા પાડવાની શરૂઆત કરે છે.

સ્ટેશન મસ્તર હાજરી પૂરવા મસ્ટર કાઢી નવા પીરિઅડ માટે નવાં પાનામાં સ્ટાફમાં નામ લખે છે. સૌથી છેલ્લું નામ લખે છે - શ્રી હકા ભીખા. શ્રી હકા ભીખાને સપનેય ખ્યાલ નથી આવવાનો કે એનાં નામ આગળ 'શ્રી' લગાડાય છે. તેઓ દઢપણે કહે છે, - 'એવું સાબ્નાં નામું પાંહે હોય... અમારે એવું ન હોય.'

બ્રાન્ચ લાઈનનાં ફ્લેગ સ્ટેશન સરખા આ સ્ટેશને પેસેન્જર આવતા નથી. પણ સ્ટેશન માસ્તર અને સાંધાવાળાઓએ ફૂંકેલી બીડીઓનાં ઠૂંઠાં ઊડઝૂડ ફેરવેલા સાવરણાની સળીઓની વચ્ચેથી સરકી ગયાં હોય તે બધાં એકેક કરી શ્રી હકા ભીખા વીણી લે છે. પીપર-લીમડાનાં પાન, પેપડી-લીંબોળીઓ અને બકરાંની લીંડીઓ તથા બીડીઓનાં ઠૂંઠાંની એકઠી કરેલી નાનીનાની ઢગલીઓ ભેળી કરી 'ફાયર' લખેલી જૂની ઘોબાળી ડોલમાં ભરી ખાડામાં ફેંકી આવે છે.

કુલ જમા સાત મિનિટના કામમાં શ્રી હકા ભીખા થાકી જાય છે અને હાશકારો નાખી રેતીમાં પડેલી અર્ધચક્રાકાર ડિઝાઈન ઉપર ઊભડક પગે બેસી બીડી સળગાવે છે. બીડી પીતાં પીતાં કાંકરાની ઢગલીઓ કરતાં જતાં હકા ભીખા ચિંતનશીલ અવસ્થામાં બેઠા હોય તેવો ભાસ થાય. ખરેખર તો તેઓ કાંકરાની ઢગલીમાં વરલીના આંકડા ગોઠવતા હોય છે.

ડ્યૂટી પર આવતા એ.ગ્રેડ પોઈન્ટ્સમેન કુરજી ભાણા હકાને નવરો ધૂપ બેઠેલો ભાળી ઝંડી ફટકારે છે. સામે શ્રી હકા ભીખા દાંત કાઢી બોલે છે, - 'તમે ય સું, કુરજીબાપા...ઉયશું બાવડું નંદવી નાખસ્યો...'

આજે પંદરને બદલે સાત તારીખ હોત તો બરાબર આ જ સમયે શ્રી હકા ભીખા મોટી પળોજણમાં ઘેરાએલા દેખાત.

દરેક સાત તારીખની સવારે એકનું એક દશ્ય ઊપસે છે :

શ્રી હકા ભીખા ચાપાણી પતાવી વહેલાસર પ્લેટફોર્મ વાળી નાખે, પછી 'સાંધાવાળા ભાયું' જોડે બીડીઓ ફૂંકતા ગપ્પા હાંકે છે, - 'આજુ ખેલ્ય પગારની સલિપું આવિયું નથી... સરકાર બોનસ નૈં દે તો હડતાલ પડવાની... કલારકું ફાટ્યાસ...ટી.એ. ફોરમ ભર્યાંતાં ઇનાં કાવડિયાંય આવ્યાં નૈં... મોટાની સોડી પાચી થૈ...તી કુંકાવાવ જાવુંસ... ફદિયાંનો જોગ કરવો જોહે... લાભુડાના ફૂલે ભમરા સે...મંગાળે મશ્ય વાળતો જ નથ્ય ...બાવી તારીખે ડીવીઝોમ ઈનિસપેકસન સે...પીએફ બી કપાય સે...!'

પછી આખીયે લાઈનના સાંધાવાળા, કેલવાળા અને સફાઈવાળા વગેરેના ઇષ્ટદેવ વલ્લભ કાળાની બુલેટ આવી પહોંચે છે. શ્રી હકા ભીખા વલ્લભ કાળાને સલામ ભરે છે. સામે વલ્લભ તેને બેચાર ગાળો દે છે. શ્રી હકા ભીખા મલકાતા રહે છે.

પછી આવે છે સબસ્ટિટ્યૂટ વિલન : ગામનો દુકાનદાર. અને છેલ્લે આવે છે ત્રણ સો ચોપન લોકલ. સ્ટેશન માસ્તર પગાર લઈ, ગાડી ગયા પછી, સ્ટાફને ચૂકવવાની શરૂઆત કરે છે. શ્રી હકા ભીખા પે રોલમાં સહી કરવામાં શક્ય એટલો વિલંબ કરે છે. અંતે પગાર લેવો જ પડે છે. કપાત કેટલી થઈ...ટી.એ. ચારજ થયું કે નહીં... જેસી બેન્કનો કેટલામો હમો કપાયો... ઇન્ક્રિમેન્ટ લાગ્યું કે નહીં વગેરેની પૂછપરછનાં બહાનાંસર બહાર પગ મૂકવામાં ફરી વિલંબ કરે છે. તેમ કરવામાં, કમ સે કમ વિલંબિત ક્ષણો સુધી તો પૈસાનું સ્પર્શ સુખ મળશે - એવો જ કંઈક, શ્રી હકા ભીખાનો ઇરાદો હોવો જોઈએ.

પછી શ્રી હકા ભીખા વધસ્થળે ધકેલાતા બલિના બોકડાની જેમ નિરુપાયે બહાર પગ મૂકે છે. બાંકડે બેઠેલા કાળાનો ચારે આંગળીએ સોનાની વીંટીઓવાળો પંજો એના તરફ લંબાય છે. શ્રી હકા ભીખા ગિલોટીન નીચે માથું મૂકવા આગળ વધે છે. મહિના આખાના લોહી-પરસેવા જેવા, કપાઈ-કપાઈને હાથમાં આવેલા રૂપિયા સાડા નવસોની નોટો હજી હકા ભીખાના અંગુલિસ્પર્શનું પૂરું સુખ પણ પામી ન હોય ત્યાં જાલિમ વ્યાજખોરના હાથમાં જઈ પડે છે. વલ્લભ કાળા કંઈ બોલતો નથી, પણ શ્રી હકા ભીખાની આંખોમાં સીધી ખોંચાએલી એની ખામોશ ક્રૂર આંખો ઉચ્ચારે છે, - 'ઓછા કેમ ? હરામીની ઓલાદ... બીજી વાર નૈં આપું !' શ્રી હકા ભીખા સમજણા માણસ છે. પૂરેપૂરા સાડા નવસો વલ્લભના હાથમાં ધરી દે છે. ત્યારે શ્રી હકા ભીખાની વહુ પ્લેટફોર્મ પર આવે છે, અને હકાને ખાલી હાથે જોઈ લેણદારોને ઘૂમટામાંથી કહે છે, - 'હંધાય, એકેક બડે ઠોકો તમારા બાપને.' શ્રી હકા ભીખા ઘરવાળી સામે ખસિયાણું હસતા બોલે છે, - 'હવે ડાયની થા મા... ઘરભેળી થા' પછી શ્રી હકા ભીખા મહિના દિ'ના દાણા માટે થોડા પૈસા પાછા આપવા વલ્લભને કરગરે છે. ઉધાર ચા-સીગારેટ પીવડાવે છે. છતાં વલ્લભનું હૈયું પીગળતું નથી. છોગામાં દુકાનદાર ઉઘરાણી કરે છે. શ્રી હકા ભીખા વલ્લભને વિનવે, - 'બસેં પાસા આપો તો મારો વેવાર...' પરંતુ મહિને વીસ ટકા અને વરસે બસ્સો ચાલીશ ટકા વ્યાજ લેતો માણસખાઉ પૈસા દેવાને બદલે ઉપદેશ આપે 'પથારી જેવડી સોડ્ય કરતો હો તો !' વેપારી રગરગે, 'ટૂંકી મૂડીનો મારો વેપલો... અડધા ચૂકવો તો ય આપડો વેવાર ચાલુ રહેશે... નીકર હવે માલ ઉધાર નહીં મળે..' વલ્લભ કાળા વેપારીને ય સલાહ આપે, - 'આ નાત્યને ઝાઝું ધીરાણ નો કરાય, હમજ્યો...' બુલેટને કીક મારતાં વલ્લભ કાળા કહેતા જાય, - 'એલા, હકલા, તાણ્ય પડે તો થોડા દિ' કેડ્યે વિયાજે થોડાક લૈ જાજે...' શ્રી હકા ભીખાના જીભના ટેરવા સુધી શબ્દો આવી જાય, - 'તાણ્ય માથા કાંય શીંગડાં થોડાં હોય,... તી !' પરંતુ હરફેય જીભના ટેરવાથી આગળ વધે નહીં.

શ્રી હકા ભીખા હાટડીવાળાને હાથેપગે પડી, થોડા દિવસમાં પૈસા આપી જવાની હૈયાધારણ બંધાવી વેંનો પાડે.

પછી, પાછળ રહે છે એકલા હકા ભીખા અને હાથમાં રહે છે પગારની એકલી કમ્પ્યૂટર સ્લિપ ! માગીભીખીને ઉધાર લીધેલા પૈસામાંથી પગાર લેવા બચાવી રાખેલા છેલ્લા વીસ પૈસા પણ રેવન્યૂ ટિકિટ પેટે ચૂકવી દીધા છે, અને હવે ખિસ્સામાં માત્ર દીવાસળીનું ખાલી ખોખું પડ્યું છે. સ્ટેશન માસ્તર અને સાંધાવાળા ક્યારનાય ઘરે ચાલ્યા ગયા છે.

વેઈટિંગ હૉલના કાળમીંઢ પથ્થરના પગથિયે એકલા ઊભેલા શ્રી હકા ભીખા બુલેટનો દૂર જતો અવાજ સાંભળતા રહે છે. ઊતરતા જેઠની સનસનાટ વહેતી હવાના ઝપાટે શ્રી હકા ભીખાના વાળ ઊડવા માંડે છે. સીસમ જેવા પણ નમણા ચહેરે શોભતી મોટીમોટી આંખો હમણાં ચૂઈ પડશે અને હમણાં પહાડ જેવડો નિસાસો નાખશે એવું લાગે. આ કરપીણ ઘટનાનો સાક્ષી ખુદ હચમચી જાય, કે હવે હકા ભીખા શું કરશે ?! શું ખાશે ?! બાળબચ્ચાંને આખો મહિનો શું ખવડાવશે ?! ટીબીયલ ઘરવાળીની સારવાર કઈ રીતે કરશે ?! બીડી ક્યાંથી કાઢશે ?! દીવાસળી ક્યાંથી કાઢશે ?! માચીસનાં ખાલી ખોખાં અને પગારની સ્લિપના આધારે શું ચચ્ચાર માણસનાં પેટ ભરાશે_?! હવે હકા ભીખાનું શું થાશે ?! આ લોહીઝાણ બનાવ નજરે જોનારને હકા ભીખા પાસેથી વ્યાજ પેટે આખો પગાર ઝૂંટવી જનાર વ્યાજખોરનો ટોટો પીસી નાખવાનું મન થાય, અને માત્ર ચારસો રૂપડી ખાતર હકાનાં બાળબચ્ચાંને ભૂખે મારવા તૈયાર થનાર દુકાનદારના ફૂલા બોરડીની સોટીએ સોટીએ સબોડી નાખવાનું મન થઈ આવે. પરંતુ તેમને ખબર નથી, આ ઘટના દરેક મહિનાની સાતમી તારીખે છેલ્લાં ત્રણચાર વરસથી ઘટતી આવી છે !

કશું જ બનતું નથી. ધારણા મુજબનો કોઈ જ પ્રત્યાઘાત શ્રી હકા ભીખા દાખવતા નથી.

પછી શ્રી હકા ભીખા, હવાએ ઊડાડેલાં પીંગળાં મેલાં જટિયાં સરખાં કરી આકાશ ભણી નજર માંડી એકલા એકલા બબડે છે, - 'ઓણ મે ટેમસર થાવાના... જાર્ય-બાજરાના ભાવ ઊતરવાના, મગફળીવાળા ન્યાલ થૈ જાવાના...' પછી પીડામાંથી છુટકારો થયો હોય તેમ રાહતનો શ્વાસ લેતાં હાશકારો નાખે છે. પછી ખિસ્સામાં બીડીની તલાશ કરે છે, પણ મળતી નથી. પેન્ટનાં ખિસ્સાના ખૂણે સરતચૂકથી રહી ગયેલી એક ભાંગેલી બીડી સળગાવે છે. ચપટીમાં દબાવી તૂટેલી બીડીના ઊંડા કશ ખેંચે છે. એમ ખેંચતાં ખેંચતાં જ બીડી પૂરી કરી શ્રી હકા ભીખા થૂંકીને ઊભા થાય છે.

પછી સાત તારીખનો સંદર્ભ કોઈ પણ પંદર, વીસ, પચ્ચીસ અથવા ત્રીસ તારીખ સાથે જોડાય છે -

સંડાસ સાફ કરવાનું યાદ આવતાં શ્રી હકા ભીખા સાવરણો લઈ પ્લેટફોર્મના છેડા તરફ ચાલતા થાય છે અને બબડતા જાય છે - 'માથે મેલું ઉપાડવાના કાયદા નીકળી ગ્યા... તો ય મારું બેટું, હજી ય મેલાનાં ડબલાં ઉહેડવા પડે_ઈ કેવું કે'વાય...!... આ કેવો અન્યા...!!... ગરીબ માણાંનું કોય કરતાં કોય હાંભળે જ નૈં...?!'

કોઈ યૂનિયનવાળો સામાજકલ્યાણ ખાતાને ફરિયાદ કરવાની સલાહ આપે તો શ્રી હકા ભીખા એની સામે સાશંક નજરે જોતાં જવાબ વાળે, 'કરવું હોય તો હંધુંય થાય... પણ કોકના પેટ ઉપર પાટુ મારવાનું કામ નૈં આપડું...ના, આપડે એવું કાંય કરવું નથી... ઉપથા ખોટા રિપોટ થાય...ને વાંકગના વગર બડલી થાય_ના, ...ના_ ઇ કાંય કરવું નથી...!'

પછી શ્રી હકા ભીખા ઝાઝું વિચાર્યા વગર સંડાસનાં ડબલાં સાફ કરી મેલાનો ડબ્બો માથે ચડાવી ખાતરના ખાડામાં ઠાલવી આવે છે. પછી ડંકીએ હાથ-પગ-મોઢું સારી પેઠે ધોઈ નાખે છે. ખાલી ડોલ પાછી ફાયરની બીજી ડોલ સાથે લટકાવી દે છે.

કામસર આવેલા સ્ટેશન માસ્તર પાસેથી હકા ભીખા બીડી માગી પેટાવે છે. પછી બીડી ફૂંકતા વિચારે છે, '...ત્રણ સો સાંઠમાં લાભુડો ઊતરવો જોવે...'

થોડીવારે હકા ભીખાનો નાનો ભાઈ સામત, રોટલા ખાવા બોલાવવા આવે છે. સ્ટેશન માસ્તર એને ઓળખતા નથી, - 'આ કોણ છે...?' - 'મારો નાનો ભાય સામતો...' - હકા ભીખા સામતની વાત કરે છે. સામત આંટા-લૂસ છે. ત્રણ છોકરાનો બાપ છે. પી. ડબ્લ્યુ.ડી.માં ચોકીદાર હતો. કોન્ટ્રાકટર સાથે મળી કરેલી સરકારી માલની ચોરી ઇજનેરે સામત માથે નાખી...જણ મૂંઝાયો ને ખાબક્યો કૂવામાં...માથામાં ઇજા થઈ...પણ દુર્ભાગ્યે બચી ગયો. ...ત્યારથી સામતની કમાન છટકી... બોલે તો એકાદ વેણ... બાકી મરક્યા કરે... પોતાને સામતસિંગ કહે તો સામત રાખડી-રઝળી ખાય છે... સામતની વહુ મજૂરી-દાડીદપાડા કરીને, અને મજૂરી ન મળે તો દેહ વેચીને ત્રણ છોકરાંનું પેટ પાળે છે, - હકા ભીખા કોઈ શરમ, સંકોચ, છોછ અથવા હીણપતભાવ વગર પોતાના માજાણ્યા નાનાભાઈની કરમ કઠણાઈની વાત કરે છે, '...એકલું બાય માણહ ગામડા ગામમા બીજું કરે ય સું...!! પાંસ જણનાં પેટ ભરવાનો સુવાલ હોય તંયેં અજજત આબરુની મા ક્યાં પૈણવી... કો... ?!!'

સ્ટેશન માસ્તર પાસે પત્થરના ઘા જેવા સવાલનો કોઈ જવાબ નથી એ માથું ધુણાવતા ઘર તરફ ચાલતા થાય છે, અને હકા ભીખા પોતાના ઘર ભણી.

રોજિંદા ક્રમ પ્રમાણે ગઈ કાલે સાંજે અને આજે સવારે પાટામાંથી વીણેલી કોલસીનો ડબ્બો હકાની ટીબીયલ ઘરવાળી ત્રણ કિલોમીટર છેટે ગામમાં વેચી આવી છે, અને તેમાંથી મળેલા પૈસાના દાણા ખરીદી - દળાવી સાથે તેલ-મસાલા લઈ ઘરે આવી ગઈ છે, અને રોટલા ઘડી રહી છે. શ્રી હકા ભીખા બટેટાના રસાદાર શાક સાથે રોટલા (પ્રિય વાચક, તને માન્યામાં નથી આવતું ને ?!) ભપકાવીને ખાઈ લે છે. પછી હાથમાં ખાટલી અને ખભે ગોદડી નાખી લીમડા નીચે સૂવા જતાં ઘરવાળીને આદેશ દેતા જાય છે, '...લાભુડો આવે તો ટાળો કરશ મા... રોટલો ખવાડજે...ને...બોવ

મગસમારી કરે તો - અને તારી ગાંઠયે હોય તો- બેપાંચ બાળજે_ મને જગાડજે મા.'

શ્રી હકા ભીખા લીમડાને બદલે સ્ટેશનના બાંકડે ગોદડું ફેંકી સ્ટેશન માસ્તરના ઘરે જાય છે. છોકરાં રોટલા વગરના રહેશે-નાં રોદણાં રોઈ માસ્તર પાસેથી દસ રૂપિયાની નોટ ઉછીની લઈ હકા ભીખા સીધા હોમ સિગ્નલ પાસે બાવળ નીચે બપોરની ફુરસદમાં પત્તે રમતા ફેલવાળાઓ સાથે જુગાર રમવા ઊપડી જાય છે. શ્રી હકા ભીખા જબ્બર આશાવાદના પુરસ્કર્તા છે. તેમને આશા છે કે દસના પચાસ-સો બની જાય તો મહિનાના ઘણા થઈ જાય. પરંતુ એવો કોઈ કરીશ્મો બનતો નથી. અડધી કલાકમાં અમર આશાનું મડદું ખભે નાખી યુદ્ધ હારેલા મહારથીની જેમ પાછા ફરે છે અને લીમડા નીચે ઢબી જાય છે, - દુનિયા જાય જહન્નમની ઊંડી ખાડમાં !

દિવસ ઢળતાં શ્રી હકા ભીખા ઘરે જઈ ખાંડ-ચાનાં ડબલાં ખંખેરી એક 'કોપ' દૂધ વગરની કાળી ચા પી સ્ટેશને પહોંચે છે.

'મહિને વીસ ટકાના વ્યાજના દરિયામાં કેમ ડૂબી મૂઆ_?' - એવું પૂછવામાં આવે છે ત્યારે શ્રી હકા ભીખા દાંત કાઢતા કહે છે"- 'હકા ભીખાને ગુલા ખેંસવામાં તકલીપ પડી ગૈ_!'

કદીક ગુલા ખેંચવામાં લાભ થાય છે ત્યારે શ્રી હકા ભીખા અમરેલી શહેરના હેર કટિંગ સલૂનમાં બાલ-દાઢી કરાવે છે, અને મટન મારકીટેથી માંસ ખરીદતા આવે છે. પૈસા વધતા હોય તો દારુની કોથળી પણ લેતા આવે છે, - '...ક્યેંક તો ટેસડો મારવો જોવે ને !'

શ્રી હકા ભીખા ભાદરવી અમાસે પીપળે પાણી પાવા જાય છે. પિતૃઓ પીપળે રહેલું પાણી પીવા આવે છે - એવું તેઓશ્રી દ્રઢપણે માને છે. નોરતાંમાં શ્રી હકા ભીખાને માતાજી સરમાં આવે છે. માતાજીનાં નિવેદ ચૂકી ન જવાય તેની કાળજી શ્રી હકા ભીખા ખાસ રાખે છે. પણ છોકરાંઓનાં નામ નિશાળમાં દાખલ કરાવવાનું હર વખત ભૂલી જાય છે.

ત્રણ સો ત્રેપન લોકલ જાય છે. સૂરજ આથમે છે. પછી ખીચડી અને બકરીના દૂધનું વાળુ કરી શ્રી હકા ભીખા ખૂલા આભ નીચે ખાટલીમાં લંબાવે છે. એમના ચરણ ખાટલીમાંથી બહાર લબડતા રાખે છે. પછી સ્પેર રાખેલી બીડી પેટાવી દમ મારતા ટગર ટગર તારા જોતા રહે છે, અને વિચાર કરે છે_ ફક્ત વિચાર જ_ચિંતા નહીં_ 'માગસર હોત તો ઢોલ વગાડવા વયો જાત... કપાતે પગારે... પણ ક્યે છ, ઓણ્ લગન ઓછાં_ પણ માગશર કે વઈશાખ નો આવે તો ય સું_ ! આપડો વેવાર ક્યાં ખોટો સે_ વલ્લભદાદો ઘડીબઘડી ખીજાય લ્યે એટલું જ... બાકી કાવડિયાં દેવાની આપડને કોઈ દિ' ના નથી કીધી_જાળિયાવાળા દેલુભા બાપુ આપડને ના પાડે નૈં_ ના સું કરવા પાડે... આપડો વેવાર_! અટાણે જઈન ઊભો રઉં તો,_ જાઉં_? જાળિયે જાઉં...?... ના, ઈ કરતાં લાઠીએ જાઉં, ના જાળિયે_ના, લાઠીએ_ ના.. જાળિએ.. ના... લાઠીએ_' - એમ કરતાં શ્રી હકા ભીખાનું મન લવારીએ ચડી જાય છે. પછી ક્યારે નીંદરે ઘેરાઈ જાય છે એનું ઓસાણ એમને રહેતું નથી.

આમ રેલવેના સફાઈ કામદાર શ્રી હકા ભીખાનો એક દિવસ પૂરો થાય છે, અને મહિનો કેમ નીકળશે એવા તમારા પ્રશ્નનો છેદ ઊડી જાય છે, કારણ કે હરરોજ વચ્ચે એક રાત પડે છે અને હરરોજ સવારે એક નવો સૂરજ ઊગે છે.

આ બયાનને સફાઈકામદાર શ્રી હકા ભીખની દિનચર્યા ગણવી હોય તો દિનચર્યા અથવા જીવનવૃત્તાંત ગણવું હોય તો જીવનવૃત્તાંત ગણી શકાય. □

લઘુકથા

ખાઈ

ઈશાને ધારિણીને એક કાગળ આપતાં કહ્યું : "પ્રદોષ ટાઈમ્સ'ના ખબરપત્રીનો કાગળ છે, સિંહનાદ ઠાકોરનો !"

'પ્રદોષ ટાઈમ્સ' ઘણું જાણીતું અખબાર હતું. અને સિંહનાદ ઠાકોરની પણ એટલી જ નામના.

ઈશાને કહ્યું : "સિંહનાદ ઠાકોર બાપુજી વિષે જાણકારી મેળવવા આપણો ઈન્ટર્વ્યૂ લેવા માગે છે. 'પ્રદોષ ટાઈમ્સ'ની ચારિત્રપૂર્તિ માટે એ બાપુજી વિષે લખવાના છે."

ધારિણીએ પત્ર વાંચ્યો.

પતિપત્ની કશીક મૂંઝવણમાં પડી ગયાં હોય એમ થોડીવાર મૂગાં રહ્યાં. પછી ધારિણી બોલી : 'બાપુ વિષે એમને જે જાણવું છે એમાંનું આપણે કંઈ જાણતા નથી !'

'હા, ઠાકોરના મોટા ભાગના પ્રશ્નોના ઉત્તરથી આપણે અજાણ છીએ.'

'બાપુની ડાયરીઓમાંથી કંઈક મળી રહે.'

'એ તો એમણે એમના એક મિત્રને સોંપી દીધી છે. એ મિત્ર બાપુજીનું ચરિત્ર લખવાના છે.'

'એમના લેખોની ફાઈલોમાંથી કંઈ મળે ?'

'આપણે નવા મકાનમાં શિફ્ટ થયાં ત્યારે તેં જ એ કાઢી નાખી હતી એ ભૂલી ગઈ? અને આપણે એમનાં બધાં જ પુસ્તકો સાર્વજનિક પુસ્તકાલયમાં આપ્યાં હતાં !'

'અને સાથે રહેવા છતાં આપણે એમનાથી અળગાં જ રહ્યાં_'

'આપણાં અને એમના રસનાં ક્ષેત્રો જ સાવ જુદાં; એમાં આપણો શો દોષ?'

'એ તો ખરું, પણ એમણે જ્યારે જ્યારે કંઈક કહેવા ઇચ્છા કરી ત્યારે ત્યારે આપણે વિવેક ખાતર પણ એમની વાત તરફ લક્ષ ન આપ્યું...કદાચ એને લીધે જ છેલ્લાં વર્ષોમાં તો એ મૂગા જ થઈ ગયા !'

'જનરેશન ગૅપ, બીજું શું ?'

પતિપત્ની થોડીવાર વિચારમાં ખોવાયેલાં રહ્યાં. પછી ધારિણી બોલી : 'આપણે બાપુના મિત્રોને મળીએ. એમની પાસેથી બાપુના અંગત જીવન વિષે કંઈક જાણવાનું મળે.'

'એ જરા હાસ્યાસ્પદ લાગશે. વળી, એમના અંતરંગ મિત્રો પણ હવે બહુ નથી રહ્યા !'

'તો પછી શું કરવાનું ?'

'આ મુલાકાતને જ ટાળીએ.'

'પણ એ માટે કોઈ નક્કર બહાનું જોઈએ.'

'શોધી કાઢીશું. ઓફિસ સમય દરમ્યાન હું કોઈ યોજના વિચારી લઈશ. તને કંઈ સૂઝે તો પણ કહેજે. આ મુલાકાત ન યોજાય એવું તો કંઈક કરવું જ પડશે.'

'હા, એ સિવાય બીજો કોઈ છૂટકો નથી.' □

ભૂમધ્યને બે કાંઠે : ૨૦

ઈટાલીનાં યજમાનો

પ્રીતિ સેનગુપ્તા

ઈટાલીના આ લાંબા પર્યટન દરમ્યાન લોકો મળતાં તો રહ્યાં, પણ જેમને મિત્રોની જેમ મળવાનું બન્યું તે બધાં મિલાનોમાં રહેનારાં હતાં. એ કારણે ત્યાં ગાળેલા દિવસો યાદગાર બન્યા. બાકી તો, મિલાનો પહોંચીને હોટેલ શોધવાની ખાસ્સી મુશ્કેલી પડેલી. ક્યાંતો બધી ભરાઈ ગયેલી, ક્યાંતો એક પ્રવાસીને ઓરડો આપવા કોઈ તૈયાર નહોતું. આપી દે, અને પછી બીજા બે પ્રવાસી સાથે આવે તો પાછાં કાઢવા પડેને. ટ્રેનમાંથી નીકળતાં એક જાપાની છોકરી મળી ગયેલી. એ પણ મારી જેમ રાત માટે સ્થાન શોધી રહી હતી, પણ એ સાથે ઓરડામાં રહેવા ઇચ્છતી નહોતી. રાત પડી ગઈ હતી. હોટેલ શોધતાં ક્યાં ક્યાં ફરીએ ? મેં એને સમજાવી, પણ એ માની નહીં. આખરે, એક નાની હોટેલમાં બે ઓરડા ખાલી હતા, તે અમને બંનેને આપવા માટે સંચાલકો તૈયાર થયાં. ઓરડા હતા સરસ, ને એકલાનું ભાડું તો મોંઘું પણ હોય. પણ ફરવા નીકળ્યા પછી પૈસાની ચિંતા કેટલી કરવાની ? એ તો પગલે પગલે ખરચવા જ પડે.

જાપાની છોકરી યાશોએ અને હું પછીથી ખાવાનું શોધતાં બહાર નીકળ્યાં. દસેક વાગ્યા હશે, તેથી અમારે બહુ દૂર જવું નહોતું. થોડું આગળ ચાલ્યાં પછી એક ગલીમાં પિત્ઝાની એક નાની દુકાન દેખાઈ. સસ્તો, સ્વાદવાળો, શાકાહારી, પોષક ખોરાક એટલે પિત્ઝા તો એમાં આવે જ. ઈટાલીમાં તો પાસ્તા ખાવાની પણ ખૂબ જ મઝા. રેસ્ટોરાંવાળાઓને સમજાવવું જ મુશ્કેલ, કે શાકાહારીઓ શું શું ના ખાય.

યાશોએના જીવનની વાતો સાંભળી નવાઈ લાગતી રહી. આધુનિક દેશની એ નાગરિક હતી. સમકાલીન જમાનામાં ઉછેર પામી હતી, અને હવે બરાબર આધુનિક રીતનું જીવન ગાળી રહી હતી. એ લંડનમાં રહેતી હતી, ને ઈટાલી ફરીને પાછી ત્યાં જવાની હતી. પિત્ઝાની એ દુકાનમાં એક યુવક કામ કરતો હતો. ઈટાલિયન હતો, પણ સરસ અમેરિકન ઢબનું અંગ્રેજી બોલતો હતો. એ માટે એણે ક્લાસ ભરેલા. કહેતો હતો કે બે-ચાર મહિનામાં એ લશ્કરમાં જોડાવાનો હતો. એક વર્ષ માટે ફરજિયાતપણે ઈટાલિયન યુવકોને લશ્કરમાં જોડાવું પડે છે.

આ બંને સાથે તો ફરી મળવાનું કદાચ ક્યારેય નહીં થાય, પણ તે પછીની રાતે લિલિયાના નામની સ્ત્રીને મળવાનું થયું, અને એની સાથે મિત્રતા સહેલાઈથી થઈ ગઈ. એનાં નામ અને ફોન નંબર મારી ભાણીએ મને આપેલાં. મિલાનો પહોંચીને મેં ફોન કર્યો તો તરત એણે ઉત્સાહથી વાતો કરી અને મને પોતાને ઘેર જમવા બોલાવી. રાતના અંધારામાં એનું ઘર શોધી કાઢવાનું હતું. ટ્રામ તો સાચી લીધી, પણ રસ્તામાં નામ વંચાય નહીં. પાસે બેઠેલાંને પૂછતી રહી. ઊતરવાનો રસ્તો આવતાં એક છોકરીએ મને જણાવ્યું, ને હું ઊતરી ગઈ. 'વિઆ રાગુસા.' ગલી જેવો રસ્તો, ને એ પણ અંધારો. એમાં વળી ઘરનો નંબર શોધવાનો. કોઈ જતું-આવતું પણ નહોતું. શિયાળાની શરૂઆત હતી, ને લોકો પોતપોતાને ઘેર પહોંચી જતાં હતાં સાંજ પડતાં જ.

લિલિયાના બહુ સરસ, સહજ વ્યક્તિ હતી. એ હોશિયાર અને કાર્યશીલ હતી. માર્કેટ રિસર્ચર તરીકે કામ કરતી હતી, પણ તે સિવાયના સમયમાં સામ્યવાદી પાર્ટીની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતી હતી. એ નારી-સમાનતાની હિમાયતી પણ હતી. પુખ્ત, પરિપક્વ વ્યક્તિને છાજે તે રીતે લિલિયાના પોતાની વિચારસરણીઓ પ્રત્યે સ્પષ્ટ અને દૃઢ હતી. એણે લગ્ન કર્યાં હતાં, પણ એને બાળકો જોઈતાં નહોતાં. એના પતિને એ ઇચ્છા હતી. નમતું જોખવાને બદલે લિલિયાનાએ છૂટાછેડા લઈ લેવાનું પસંદ કરેલું. પ્રતિભાસંપન્ન આધુનિક યુવતીઓને હવે પોતાનાં વિચાર-વલણ પ્રમાણે જીવવાનો હક્ક છે.

એનો ફ્લેટ નાનો હતો, પણ દક્ષતાથી સજાવેલો હતો. જોવી ગમે તેવી વસ્તુઓ મૂકેલી હતી, ને જગ્યા બચાવવા માટે, છેક છતને અડીને ગોઠવેલાં પાટિયાં પર પુસ્તકો મૂક્યાં હતાં. છત પરથી કાચના ચોરસ આકારો સજાવટ માટે લટકાવેલા હતા. પશ્ચિમના શાસ્ત્રીય સંગીતનો એને શોખ હતો, અને ફરવાનો પણ હતો. એ ન્યૂ યૉર્ક આવી ગઈ હતી. મેં ફરી આવવા એને આમંત્રણ આપ્યું. 'મારે માટે શાકાહારી ભોજન બનાવવું પડશે', કહી મેં જરા માફી માગી હતી. પણ એણે તરત કહેલું કે, 'એ તો સહેલું છે.' પછી એણે સરસ સૂપ બનાવેલો. સાથે પાઉં ને ઑલિવ મૂક્યાં હતાં. આ બંને વસ્તુ ઈટાલીમાં તો વખણાય. મિલાનોમાં ખાવાની મઝા આવી ગયેલી મને. વેનિસ પછી ત્યાં મને પેલી સ્વાદિષ્ટ ઑલિવવાળી બ્રેડ મળી ગયેલી. ન્યૂ યૉર્કમાં એને શોધ્યા કરું છું, પણ ક્યાંયે દેખાતી નથી. તેથી એ અપ્રાપ્ય વસ્તુનું સ્મરણ એ બંને શહેરો માટેનો ઝુરાપો તાજો કરે છે.'

સરસ જમી, વાતો કરી, પછી લિલિયાનાને કોઈ સામ્યવાદી મીટિંગમાં જવાનું હતું. હું પણ જાત. લોકો ને એમની પ્રવૃત્તિઓ વિષે જાણવા મળત. પણ હું ખૂબ થાકેલી હતી. વળી, ઈટાલિયનમાં ચાલનારી કાર્યવાહી હું શું સમજવાની ? તેથી એ મને હોટેલ પર ઊતારી ગઈ. મને કહે, 'એ લત્તો બહુ સારો નથી ગણાતો.' જોકે મને કશી તકલીફ પડી નહીં એ લત્તામાં.

ઈટાલીનો પ્રવાસ મેં ૧૯૮૯ના ઑક્ટોબરમાં કરેલો. એ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં હું એન્ટાર્કટિકા ગયેલી. એ જહાજમાંના મુસાફરોમાં એક ઈટાલીયન હતો, જે મિલાનોનો હતો. વ્યવસાયે એ ડૉક્ટર હતો, પણ સંવેદનશીલ હૃદયને કારણે એ કવિ પણ હતો. એનું નામ પાઓલો હતું. જહાજમાં ફક્ત અમે બે જ લખ્યા કરતાં, ને એ રીતે ઓળખાણ થયેલી. પછી કાગળોથી સંપર્ક રહેલો. હું ઈટાલી જવાની છું જાણીને પાઓલોએ મને મળવાનું આમંત્રણ આપેલું. એની હૉસ્પિટલ મિલાનોથી થોડે દૂર હતી - મોન્ઝા નામના ગામમાં. ટ્રેન લઈને પંદરેક મિનિટમાં ત્યાં પહોંચી ગઈ ખરી, પણ પછી જરૂરી નંબરની બસનું સ્ટૅન્ડ શોધતાં થોડો સમય ગયો. સાંજના સાત વાગ્યામાં તો અંધારું થઈ ગયેલું.

બસમાં એક વયસ્ક યુગલ હતું, જે ત્યાં સુધી જવાનું હતું, તેથી મારે ચિંતા કરવાની જરૂરી નહોતી. ગામની લગભગ બહાર નવી બંધાયેલી એ

હૉસ્પિટલનાં ઘણાં મકાનો હતાં. દરેક દસેક માળ ઊંચું હશે. ઘણીબધી બારીઓ, અને બધી બત્તીઓથી ઝગમગ થયેલી દેખાય. આખો કૉમ્પ્લેક્સ જરા વિચિત્ર, બિનઅંગત જેવો દેખાતો હતો. અંદરથી બધાં મકાન ચોખ્ખાં, શાંત, પ્રકાશથી ભરપૂર અને ખાલી ખાલી હતાં. મારે 'એ' નંબરના મકાનના દસમા માળે જવાનું હતું. ત્યાં નર્સોને મારા આવવાની જાણ હતી. પાઓલોની સાથે મેં એન્ટાર્કટિકા જવાનો અપૂર્વ અનુભવ માણ્યો હતો. એ વિષે મેં પછી 'ધવલ આલોક, ધવલ અંધાર' નામના પુસ્તકમાં લખ્યું. પણ ત્યારે, પાઓલોને મળીને આનંદ થયો. એણે મને બે નાનાં કાવ્ય-પુસ્તકો આપ્યાં. છપાઈ, કાગળ, પૂઠું વગેરે ખૂબ સરસ હતાં. એ તો ઇટાલિયનમાં હતાં, પણ અનેક તબીબી લેખો એ અંગ્રેજીમાં પણ લખતો હતો. મારિઆ તેરેસા નામની એની એક મિત્ર મોટર લઈને આવી, અને અમને નજીકના બુગેરિઓ નામના ગામે લઈ ગઈ. ત્યાં પાઓલોના એક મિત્ર-દંપતીને ત્યાં અમે જમવાનાં હતાં. હું રાતે પાછી મિલાનો જઈ ના શકું, તેથી હું ત્યાં જ રાત રોકાવાની હતી. એવી વ્યવસ્થા એ લોકોએ કરી હતી.

એ ઘર ડૉક્ટર પેલેન્ત્રોનિ ફ્રાન્ચેસ્કોનું હતું. ઇટાલીમાં અટક પહેલાં ને નામ પછી બોલવાનો રિવાજ છે. એ યુવાન હતો, પણ એની પત્ની રોબેર્તા તો એટલી નાની દેખાય કે પહેલાં મેં એને કુટુંબની દીકરી માની હતી. ફ્રાન્ચેસ્કા એમની દીકરીનું નામ હતું. એ ને રોબેર્તા બહેનો જેવાં લાગે ! પતિ-પત્ની બંને મળતાવડાં હતાં, પણ ફ્રાન્ચેસ્કો એની વાતોમાં જરા ગાંડા કાઢતો હતો. એના વિચારો ચોક્કસ હતા, ને સાથે એકદમ અક્કડ ને જડ જેવા હતા. એ પોતે પણ કવિતા લખતો હતો, ને સાહિત્યક્ષેત્રે કાવ્ય સિવાય કોઈ સ્વરૂપ એ પસંદ નહોતો કરતો. ગદ્ય નહીં, નાટક નહીં. ઉપરાંત, અમેરિકન સર્જકો તો નહીં જ. એની સાથે શું દલીલો કરવી, ને વાત પણ શું કરવી ?

વળી, એ બહુ જ મોટા અવાજે સંગીત વગાડી રહ્યો હતો. આખું ઘર બહુ મોટું ને સરસ હતું. પણ રસોડું ઘણું નાનું હતું. અમે બધાં - લગભગ આઠ જણ ત્યાં જ બેઠેલાં. મારા સિવાયની ચારેક સ્ત્રીઓ - બધી ઇટાલિયન - મદદ કરતી હતી. કાપકૂપી, સાફસૂફી; ચીઝ, શિંગ આપવામાં, વગેરે. પાઓલોએ પાસ્તા બનાવ્યા. એમાં 'સૉસ' પૂરતો નહોતો તેથી જરા સૂકા થયા હતા. ફ્રાન્ચેસ્કો લાંબી લાંબી એકોક્તિ આપ્યે જતો હતો. વચમાં ચાર-પાંચ વાર મારી માફી માગી, પણ બોલવાનું બંધ ના કર્યું. જરા ચંચળ, જરા અધીરો હશે, પણ સાથે જ એનામાં કસબ હતો. દસ-બાર તો એનાં કાવ્ય-પુસ્તકો હતાં. બધું મળીને સાંજ સાધારણ રહી, પણ ઇટાલિયનોના જીવનનો અંશ જોવા પામી ખરી.

ઘરમાં સૌથી ઉપરનો કક્ષ મને આપેલો. મોટો, આરામદાયક, બાથરૂમ સાથેનો સરસ ઓરડો હતો. હું સારું જ સૂતી. સવારે કામ પર જતાં પહેલાં રોબેર્તા મને 'આવજો' કહેવા આવી. ડૉક્ટર પેલેન્ત્રોનિને એ દિવસે મિલાનોની કોઈ હૉસ્પિટલમાં જવાનું હતું, તેથી એ મોટરમાં એ તરફ જવાના હતા. મને એમણે મિલાનોના સ્ટેશન પાસે ઉતારી દીધી.

વળી બીજી એક સાંજે બીજાં થોડાં જણ સાથે જમવાનું થયું. એ સ્ત્રી-પુરુષોમાં ઇટાલિયન ઉપરાંત બે જર્મન પણ હતાં. એટલે અંગ્રેજીમાં વાત થતી રહી. એ બધાં હોશિયાર, સહૃદયી, કળાપ્રેમી, સરળ ને સ્માર્ટ હતાં, તેથી રસ પડે તેવી વાતો કરી શકાઈ. ત્યાં બહુ જ વસ્તુઓ બનાવાઈ હતી. એમાં 'પોલેન્તા' કહેવાતી વાનગી વિશિષ્ટ હતી. લોમ્બાર્ડી પ્રદેશની એ ખાસ વાનગી છે. મકાઈના લોટમાંથી બનાવાય છે. ઘરની રાંધેલી મને ખાવા મળી, એ કેવી મઝા !

યજમાન જિઓવાન્ની ત્રણ વાર ભારત જઈ આવેલા. બીજાં બધાં - દાગ્માર, લૉરેન્ઝો, આન્નાલી, પાઓલા, સર્જિઓ, જ્યોર્જિઓ - ભારતની હસ્તકળા તેમજ સર્જનકળા વિષે જાણકાર હતાં. વળી, અમેરિકનો ઇટાલિયનો માટે શું ધારે છે તે પણ એમને જાણવું હતું. બધાંને પહેલી વાર મળતી હતી, પણ જરાયે અજાણ્યું ના લાગ્યું. સમય ખૂબ સરસ વીત્યો એ સાંજે. □

ઇતિહાસધારા

અશોક હર્ષ

આ દેશ પરના મુગલ શાસકોને લાગ્યું કે અહીંના હિન્દુ રાજવીઓના સાથ વિના પોતે રાજ્ય વિસ્તાર સાધી શકે તેમ નથી, એટલે તેમણે એમના પ્રત્યે મૈત્રીનો હાથ લંબાવ્યો, તેમને માન-અકરામથી નવાજી મહત્ત્વનાં પદો આપવા માંડ્યાં. આ મૈત્રીએ મુગલ સામ્રાજ્યના વિસ્તાર, સંરક્ષણ અને સ્થિરતામાં નોંધપાત્ર હિસ્સો આપેલો છે. કછવાહા અને રાઠોડો, હાડા અને બુંદેલાઓએ કાબૂલથી માંડી છેક બલખ સુધી મુગલોની આણ ફેલાવેલી. આની નોંધ 'અકબરનામા' અને 'હિઝુક જહાંગીરી'માં વિગતે લેવામાં આવેલી છે જેમાંથી આંબેડના કછવાહા રાજવ મિર્ઝા રાજા જયસિંહનું નામ ખાસ ઉલ્લેખનીય છે. આંબેડ પછી પાટનગર તરીકે જયપુરની સ્થાપના કરવામાં આવી, જે ઉત્તર ભારતનું એક અગ્રણી રાજ્ય બની રહેલું.

મિર્ઝા રાજા જયસિંહે ઇ. ૧૬૧૭ થી ૧૬૬૭ સુધીનાં ૫૦ વર્ષ રાજ-સિંહાસને રહીને શાહજહાંના લાંબા શાસનકાળ અને ઔરંગઝેબના શાસનના પહેલા દાયકામાં મુગલ સમ્રાટના નેજા નીચે તુર્કો, અફઘાનો અને હિંદીઓના બનેલા સૈન્યની દોરવણીમાં એક કાબેલ સેનાપતિ તરીકે અને વહીવટી ક્ષેત્રે એક કાબેલ મુત્સદ્દી તરીકે નામના મેળવેલી. અનેક વિદ્યાઓ અને ફારસી તેમ જ તુર્કી સહિત અનેક ભાષાઓમાં પ્રવીણ હતો.

મુગલોને યુદ્ધોમાં વિજયો અપાવવા સાથે પોતાને સોંપાયેલા પ્રાન્તોનો પણ ઉમદા વહીવટ ચલાવનાર મિર્ઝા રાજા જયસિંહ માટે 'મસીરૂલ ઉમરા'માં જણાવ્યું છે કે, બાર વરસની ઉંમરથી તેણે યુદ્ધક્ષેત્રે તેમ જ વહીવટી ક્ષેત્રે પોતાની પ્રતિભા ઝળકાવવા માંડી હતી. અફસોસની વાત એ છે કે, કર્નલ ટોડે તેના રાજસ્થાનના ઈતિહાસમાં કરેલા અછડતા ઉલ્લેખને બાદ કરતાં આ કછવાહા રાજવીનું પૂરું જીવનચરિત્ર આજ સુધી આપણને નથી મળ્યું. ભારતના ખ્યાત ઈતિહાસકાર સર જદુનાથ સરકારે એ માટે પ્રયત્ન કરેલો અને સંસોધન પણ આદરેલું, કેમ કે 'તેનું જીવનચરિત્ર ૧૭મી સદીના ભારતીય ઈતિહાસ પર મહત્ત્વનો પ્રકાશ પાડે તેમ છે.' તેમના જણાવ્યા પ્રમાણે, 'આ મહાન રાજવીના મંત્રી ઉદયરાજે ફારસીમાં લખેલા "હફત અંજુમન"માંથી એને માટે ઘણી માહિતી મળે તેમ છે, જેની હસ્તપ્રત હાલ પારીસના 'બિબ્લીઓથેક નેશનલ'માં સંઘરાયેલી છે. વિશેષ મહત્ત્વની વાત એ છે કે ઉદયરાજે તેમાં મિર્ઝા રાજા જયસિંહે ઔરંગઝેબ પર લખેલા પત્રોનો પણ સમાવેશ કરેલો છે.'

*

મધ્યયુગમાં આ દેશમાં રાજારજવાડાં અંદરોઅંદર લડવામાં જ એટલાં મશગૂલ રહેતાં કે કોઈ પણ વિદેશી આક્રમણનો સંગઠિત સામનો એ કદી જ ન કરી શક્યાં. રજપૂત રાજવીઓમાં એ જમાનામાં 'ટીકાદોર' નામનો એક રિવાજ ચાલ્યો આવતો હતો. એ રિવાજ મુજબ, કોઈ પણ રજપૂત રાજવીએ ગાદીએ આવ્યા પછી આસપાસના કોઈ પણ રાજ્યનો થોડોઘણો મુલ્ક જીતવાનો રહેતો, એ સિવાય એના ટીકા (રાજ્યારોહણ)માં એટલી અપૂરપ લેખાતી.

આ રિવાજ છેક સત્તરમી સદી સુધી ચાલુ રહેલો, એ ઉદેપુરના મહારાણા રાજસિંહે ગાદીએ આવ્યા પછી માલપુર તથા અન્ય પ્રદેશો પર આક્રમણ કરીને ચલાવેલી લૂંટ એ દર્શાવી આપે છે. લૂંટમાં મેળવેલાં કાંચન અને કામિનીઓની પોતાની પ્રજામાં તેણે છૂટથી કરેલી લહાણ વિશે 'રાજવિલાસ'નો કર્તા તેને બિરદાવતાં લખે છે, 'ઘરઘર કામિની કાંચન દીય.'

*

મુગલ સમ્રાટ શાહજહાંના શોકાતુર એકાકી ઘડપણની લાકડી તેની સૌથી મોટી અને લાડકી પુત્રી જહાંઆરા હતી. શાહજહાંના શાસનકાળમાં પાટનગર દિલ્હીનો સુપ્રસિદ્ધ રાજમાર્ગ ચાંદનીચોક એણે જ ઇ. ૧૬૦૦માં બંધાવેલો. એ વખતનો ૧૫૨૦ વાર લાંબો અને ૪૦ વાર પહોળો આ રાજમાર્ગ લાલ કિલ્લાના લાહોરી દરવાજાથી શરૂ થઈને ફતેહપુરી મસ્જિદ સુધી પહોંચતો હતો. રાજમાર્ગની બરાબર વચ્ચે થઈને એક નહેર વહેતી હતી, જેની બંને બાજુએ સુંદર વૃક્ષોની હારમાળા આવેલી હતી. અજવાળી રાતે ચાંદનીનો પ્રકાશ આ નહેરનાં હિલ્લોળતાં પાણીમાં અનેકધા ઝળકી ઊઠતો એ પરથી કવિહૃદયી જહાંઆરાએ જ તેને 'ચાંદનીચોક'નું નામ આપેલું. આજે એ નહેરનું નામનિશાન રહેવા નથી પામ્યું, કેમ કે અંગ્રેજોએ ઇ. ૧૯૧૦માં એ પૂરી કાઢીને બંને કાંઠાનાં વૃક્ષો પણ સાફ કરી નાખેલાં.

આ સમગ્ર રાજમાર્ગ ત્યારે ત્રણ સમાન ભાગોમાં વહેંચાયેલો હતો. લાહોરી દરવાજાથી દરિબા સુધીનો માર્ગ 'વર્દી બજાર' તરીકે ઓળખાતો, દરિબાથી ફુવારા સુધીનો ભાગ 'ફૂલકી મંડી' તરીકે, અને ત્યાંથી ફતેહપુરી મસ્જિદ સુધીનો ભાગ 'ફતેહપુરી બજાર' તરીકે. આ રાજમાર્ગ ઉપરાંત જહાંઆરાએ એક સરાઈ અને એક વિશાળ બાગ પણ ઊભાં કરેલાં, જે બાગ 'બેગમ કા બાગ' તરીકે ઓળખાતો, અને સરાઈ વેપારીઓ અને પ્રવાસીઓના ઉતારા તરીકે કામ આવતી. આજે નથી એ બાગનું કોઈ ચિહ્ન કે નથી ચાંદનીચોકની વચ્ચે આવેલા ઘંટાઘરનું અસ્તિત્વ. ચાળીસેક વર્ષ પર ઘડિયાળોનું એ ટાવર તૂટી પડતાં લોકો તેની નીચે દબાઈને માર્યા ગયેલા.

લાલ કિલ્લાથી આ રાજમાર્ગ પર આવતાં આરંભમાં એક મંદિર અને અંતમાં મસ્જિદ આવે છે. બંને છેડાઓ વચ્ચે હિન્દુઓનું એક મંદિર, ખ્રિસ્તીઓનું એક દેવળ, શીખોનું એક ગુરુદ્વારા તથા મુસ્લિમોની એક મસ્જિદ આવેલી છે. 'સુનહરી મસ્જિદ' નામે ઓળખાતી આ મસ્જિદમાં બેઠેબેઠે જ નાદિરશાહ તેના સૈનિકોએ ચલાવેલી ખૂનામરકી અને લૂંટ જોતો રહેલો, અને તેનો પૈશાચિક આનંદ માણતો રહેલો.

ઔરંગઝેબે તેના મોટા ભાઈ દારા શિકોહના શિરચ્છેદ પહેલાં આ ચાંદનીચોકમાં થઈને જ અપમાનિતરૂપે સરઘસાકારે ફેરવેલો. નવમા શીખ ગુરુ તેગ બહાદુરનો તેણે ચાંદનીચોકમાં જ શિરચ્છેદ કરાવેલો. અંગ્રેજોએ પણ ૧૮૫૭ના નિષ્ફળ નીવડેલા વિપ્લવના હાથ આવેલા સૈનિકોને આ જ ચોકમાં ફાંસીએ લટકાવીને લોકોને જોવા તેમની લાશો રઝળતી મૂકેલી. અને છેલ્લે, અંગ્રેજ વાઈસરોઈ લોર્ડ હાર્ડિંજ ગાડીમાં બેસીને લાલ કિલ્લામાં જવા નીકળેલો ત્યારે તા. ૨૩મી ડિસેમ્બર ૧૯૧૨ના રોજ આ ચાંદનીચોકમાં જ ભારતીય ક્રાન્તિકારી દળ તરફથી ફુવારા આગળ તેના પર બોમ્બ ફેંકવામાં આવેલો, જેમાં થોડોક ઘવાયા છતાં એ બચી જવા પામેલો, પણ તેની પાછળનો એક હજૂરિયો માર્યો ગયેલો. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

આ અમદાવાદ

તા. ૫-૨-૯૩

આપણે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિન તરીકે ઓળખીએ છીએ. પણ આ વર્ષે ૨૪મી જાન્યુઆરીના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં એક વાચકનો પત્ર વાંચતાં ૨૬મી જાન્યુઆરી વિશે નવું જાણવા મળ્યું. આજથી ૫૯૨ વર્ષ પહેલાં ૨૬મી જાન્યુઆરીએ સુલતાન અહમદશાહે અમદાવાદનો પાયો નાખ્યો હતો ! આમ, ૨૬-૧ તો અમદાવાદનો જન્મદિન છે. ૫૯૨ વર્ષ પહેલાં (આજે ૫૮૭ વર્ષ પહેલાં) ૨૬મી જાન્યુઆરીના ગુરુવારે બપોરે ૧-૨૦ મિનિટે અમદાવાદનો પાયો નખાયો.

શરૂઆતમાં અમદાવાદ શહેર એટલે ભદ્રનો વિસ્તાર. પછી જુમ્મા મસ્જિદ બંધાઈ અને પછી ફરતો કોટ અને વિખ્યાત દરવાજાઓ બંધાયા. કાંકરીઆ તળાવ તો મોડું સુલતાન કુતુબુદ્દીને બંધાવ્યું અને તેનું નામ હૌજે-કુતુબ હતું.

ઈ.સ. ૧૫૯૩માં અમદાવાદ ઘણું સુંદર શહેર ગણાતું અને આખા એશિયામાં તેના જેવું શહેર ન મળે તેમ કહેવાતું, પણ પછી તેનાં વળતાં પાણી થયાં. ઈ.સ. ૧૬૧૮માં જ્યારે જહાંગીર અમદાવાદ આવ્યો ત્યારે તેણે તો શહેરને ગર્દાબાદ (ધૂળનું નગર) કહ્યું હતું. તેણે તો તેની નોંધમાં લખ્યું છે : 'મને તો આશ્ચર્ય થાય છે કે અહમદશાહે આ કમબખ્ત ભૂમિમાં એવું તે શું જોયું કે અહીં નગર વસાવવાની તેને ઈચ્છા થઈ ? અને ત્યાર પછી પણ લોકોએ પોતાની જિંદગીનાં અમૂલ્ય વર્ષો અહીં કેમ કરીને વિતાવ્યાં હશે ? અહીં તો ગરમ લૂ વાતી રહે છે, પાણીના સાંસા છે, ચારે બાજુ રેતી ઊડે છે, અને આખું વાતાવરણ ધૂળથી ભરેલું રહે છે. મેં અગાઉ આ શહેરને ગર્દાબાદ કહ્યું છે, પણ હવે તેને શું નામ આપવું તે જ સૂઝતું નથી. સમૂમિસ્તાન (લૂની જગ્યા) કહેવું કે બિમારીસ્તાન કે પછી જહન્નમાબાદ કહેવું ! આ બધાં નામ અમદાવાદ માટે બેસતાં આવે એમ છે.'

૧૯મી સદીના મધ્યભાગમાં ફોર્બસને અમદાવાદ ગરીબીમાં સબડતું અને જુનવાણી બાંધણીનાં નાનાં ઘરોવાળું નગર લાગ્યું હતું. પણ ૧૮૬૧માં રણછોડલાલ છોટાલાલે અહીં પહેલી કાપડની મિલ નાખી. અમદાવાદનો સિતારો બદલાવો શરૂ થયો અને આધુનિક અમદાવાદનો યુગ શરૂ થયો.

હજુ ૧૯૩૦માં જવાહરલાલ અમદાવાદ આવ્યા હતા ત્યારે તેમણે જ જહાંગીરનું ગર્દાબાદ યાદ આવે છે એમ કહ્યું હતું અને તે જ જવાહરલાલ ૧૯૫૭માં અમદાવાદ આવ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે હવે આ શહેરને કોણ ગર્દાબાદ કહેશે, અહીં તો દરેક મકાનની જુદી બાંધણી અને યુરોપ - અમેરિકાની છેલ્લામાં છેલ્લી ઢબની બાંધણીનાં મકાનોની સાથે ઠેઠ અહમદશાહના વખત સુધીના સઘળા પ્રકારની બાંધણીનાં મકાનો સાથે સાથે ઊભેલાં દેખાશે !

જેનો નાગરિક 'અમદાવાદી' તરીકે વિખ્યાત છે તે નગરનો કેવો વિશિષ્ટ ઈતિહાસ છે !

લોકભારતી

તા.૧૬-૧૨-૭૪

તમે નાનાભાઈ ભટ્ટનું નામ તો સાંભળ્યું હશે. ભાવનગરની શામળદાસ કોલેજમાં પ્રોફેસર. ગાંધીજી ભારતમાં પ્રવૃત્તિ શરૂ કરે તે પહેલાં જ તેમને કોલેજ-શિક્ષણનું બિનકુદરતી તત્ત્વ ખૂંચતું હતું. છેવટે તેમણે કોલેજની નોકરી છોડી અને ભાવનગરમાં દક્ષિણામૂર્તિ સંસ્થા સ્થાપી, બાળમંદિરથી હાઈ સ્કૂલ સુધીનું શિક્ષણ આપતી આ સંસ્થા ૧૯૨૦થી ૩૦ના ગાળામાં ખૂબ ફૂલીફાલી અને શિક્ષણના ક્ષેત્રમાં ત્યાં કેટલાયે પ્રયોગો થયા. પણ ૧૯૩૦ની લડતમાં સંસ્થા ગેરકાયદે જાહેર થઈ અને તેથી બંધ પડી. પછી નાનાભાઈને થયું કે ભાવનગર શહેર એ ભારતનું પ્રતિનિધિ નથી. ભારતની પરિસ્થિતિને અનુરૂપ શિક્ષણ-વ્યવસ્થા વિકસાવવી હોય તો નાના ગામમાં જઈ ખેતી વચ્ચે રહીને પ્રયોગો કરવા જોઈએ. તેથી લડત દરમિયાન બંધ થઈ ગયેલી ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા તેમણે ફરી શરૂ કરી જ નહીં, પણ સોનગઢ પાસેના આંબલા ગામે ગ્રામ-દક્ષિણામૂર્તિ શરૂ કરી અને ગામડાંનાં છોકરા-છોકરીઓને હાઈ સ્કૂલ સુધીનું શિક્ષણ ખેતીને કેન્દ્રમાં રાખીને આપવાની યોજના કરી. સરકારની ગ્રાન્ટ નહીં અને માન્યતા નહીં, છતાં આપબળે ચાલતી સંસ્થા.

આઝાદી પછી ગ્રામ-દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા થવી જોઈએ તેમ વિચારી નાનાભાઈએ સણોસરામાં લોકભારતી ગ્રામ વિદ્યાપીઠની સ્થાપના કરી. ગઈકાલે હું ત્યાં ગયો હતો. ભારતીય ગ્રામીણ વાતાવરણમાં ગ્રામજનો માટેની આ વિદ્યાપીઠ અમેરિકાની કોઈ પણ સારી યુનિવર્સિટીમાં પળાતા સિદ્ધાંતો પ્રમાણે ચાલે છે.

પ્રથમ તો તે સમ્પૂર્ણપણે નિવાસી વિદ્યાપીઠ છે. ગામડાંની વચ્ચે છોકરા અને છોકરીઓ સાથે એકસરખો અભ્યાસક્રમ ભણે છે. એક વર્ગમાં ૬૫થી વધુ વિદ્યાર્થીઓ લેવાના નહીં. વિદ્યાર્થી પાસેથી ભણવાની કોઈ ફી લેવાની નહીં. પણ તેના બદલામાં તેણે સંસ્થાના ખેતરમાં રોજ બે કલાક કામ કરવાનું. વરસના કુલ ૨૦૦ કામના દિવસો. વ્યવસ્થા એવી ગોઠવી છે કે એક વિદ્યાર્થી પાસેથી વરસના ૪૦૦ કલાકનું જે કામ મળે તેની રૂપિયામાં કિંમત કાઢીએ તો મોટી કોલેજની વાર્ષિક ફી જેટલી થઈ જાય અને પાછું જે કામ તે કરે તે તેના અભ્યાસ સાથે સુસંગત પણ ખરું.

હું ત્યાં ગયો તે દિવસે સવારે સાતથી નવ વાગ્યા સુધીનો શ્રમનો સમય હતો. પહેલા વર્ષનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ત્યારે ખેતરમાં હતાં. લક્ષ્મી કપાસ અને વારા કપાસનાં બી ઉપર સંકર-વિધિ કરી વારાલક્ષ્મી જાતના સંકર કપાસનું બિયારણ ઉત્પન્ન કરવાના કામમાં બધાં લાગ્યાં હતાં. લક્ષ્મી કપાસના

(અનુસંધાન પૃ. ૧૨૭ પર)

એપિક થીએટરનો ઉદ્‌ગાતા :

બર્ટહોલ્દ બ્રેખ્હ્‌ત

હસમુખ બારાડી

'વાસ્તવિક્તાં' વિશે બીજા દોરની વાત કરતાં પહેલાં, એ સમજવા માટે, એનો ઈન્કાર કરનારાની વાત આજે સાંભળીએ : બર્ટહોલ્દ બ્રેખ્હ્‌તની. આપણે ત્યાં અને દેશવિદેશમાં એના વિશે ખૂબ ગેરસમજો ફેલાયેલી/ફેલાવવામાં આવેલી છે; તેમ એનાં નાટકો ભજવવાં, એને 'ક્વોટ' કરવો, એની શૈલીની વાત કરવી એ ફેશન છે; એનાથી આધુનિક અને પ્રગતિશીલ ગણાઈ શકાય છે !



મૂળે જર્મનીનો નાટ્યલેખક (૧૮૯૮-૧૯૫૬), પણ એનું કામ 'થીએટર'માં એટલું સર્વવ્યાપી કે નાટ્ય-લેખન, અભિનય, નાટ્ય-દિગ્દર્શન, થીએટરની ઘટનાપરક 'વાસ્તવિક્તાં', સામાજિક દૃષ્ટિકોણ, નટ-પ્રેક્ષક સંબંધ કોઈ પણ વાતમાં, વીસમી સદીના જગતભરના થીએટર પર એની ખૂબ અસર વર્તાય છે.

વીસ વરસની ઉંમરે એણે પહેલું નાટક લખ્યું 'બાલ', અને બાવીસે એ મ્યૂનિકના થીએટરમાં ડ્રામાતુર્ગ ('નાટ્યલેખક') તરીકે નિમાયો ત્યારે જર્મન રંગભૂમિ પર ગ્રામ્ય, વ્યાપારી, સસ્તાં મનોરંજક નાટકો, ડ્રૉઈંગ-રૂમ કોમેડિઓ અને મેલોડ્રામા 'જમ્યા પછીના મનોરંજન' તરીકે પિરસાતાં; એમાં આકરી સ્પર્ધા હુંસાતુંસી, દ્વિઅર્થ સંવાદો, નારીઓનું પ્રભુત્વ હતું. કહેવાતા પ્રકૃતિવાદ (નેચરલિઝમ) અને વાસ્તવવાદ (રિયલિઝમ) ચલણી સિક્કા હતા...

એને જ સમાન્તર પણ મોટા દિગ્દર્શકો/નિર્માતાઓ પણ સક્રિય હતા : (૧) મેક્સ રેનહાર્ટ - વાસ્તવવાદ અને રંગદર્શિતા (રોમેન્ટિક) તત્ત્વોના મિશ્રણવાળી એની શૈલી હતી; મોટા ઉત્સવો/સમારંભોની જેમ એ નાટ્યનિર્માણો કરતો; સર્કસનાં સ્ટેડિઅમો, વિશાળ ઐતિહાસિક સ્થળો કે આખા ગામ/શહેરને સંડોવતી જગ્યાઓમાં એનાં નાટકો રજૂ થતાં. (૨) લિયોપાર્ડ જેસનર - એનાથી તદ્દન જુદી રીતે અભિવ્યક્તિવાદ (એક્સ્પ્રેસનિઝમ)નાં નાટકો કે પ્રશિષ્ટ (ક્લાસિક્લ) નાટ્યો શૈલીપરક (સ્ટાઈલાઈઝ્ડ) રીતે પ્રસ્તુત કરતો, અને (૩) ઈર્વિન પિસ્કાટરનાં નાટ્ય-નિર્માણો એટલે 'દસ્તાવેજીકરણ', 'અખબાર', 'જાહેર ચર્ચા', એમાં પાટિયાં દેખાય/ચોપાનિયાં વહેંચાય, સ્લાઈડ્ઝ, ફિલ્મ અને ફોટોગ્રાફ્સ બનાવાય; કોરસનાં ગીતો ગવાય, પ્રેક્ષકો ભાગ લે; 'એજિત પ્રોપ' - એટલે કે 'એજિટેશન - પ્રોપેગેન્ડા' (આંદોલન-વિચારપ્રસાર)નાં નાટકો...

આવા વિવિધ રીતે ધમધમતા જર્મન થીએટરમાં જર્મનીના એક નવા શહેર મ્યૂનિકમાં 'નાટ્યલેખક' તરીકે બ્રેખ્હ્‌તની મુદ્રા હતી 'કાળઝાળ ભભૂક્તા યુવાન'ની, તોફાની-ઉછાંછળા બંડખોરની; કોફી-હાઉસ ચર્ચા ગજવનારની, ગિટારે ગીતો ગાઈ નાઈટ ક્લબોમાં નાચનારાની ! દાયકામાં એણે ચારેક નાટકો લખ્યાં : એમાં જગવિખ્યાત બનેલાં તે 'થ્રી-પેની ઓપેરા' ('તીન પૈસાચા તમાશા' - મરાઠી) અને 'મેન ઈઝ મેન'. જર્મનીમાં તે દિવસોમાં હિટલરનો ઉદય થઈ રહ્યો હતો, સોવિયેત સંઘમાં સ્તાલિનનો કલા પરનો ભરડો ભીંસાતો હતો, છતાં 'સમાન વહેંચણી'ના આદર્શવાદે અનેક રંગાયેલા હતા; 'રેડિયો' અને 'ફિલ્મ'નો પ્રચાર વધતો જતો હતો (બે મોટા કલાકારો - ચાર્લી ચેપ્લીન અને બ્રેખ્હ્‌તે જ હિટલરને હિંમતભેર પેશ કરી જાણ્યો છે આજ સુધી, અને એની વાતેય આપણે કરીશું ફિલ્મ અને થીએટરની વિશિષ્ટતાઓ દર્શાવવા). પેઈન્ટિંગમાં 'દાદાઈઝમ'નો પ્રભાવ વરતાતો હતો તો ફ્રોઈડસાહેબે માણસના મનને ખોલી નાખ્યું હતું...

આ બધાંની વચ્ચે 'આવાં ગાર્દ' બ્રેખ્હ્‌તનાં કારનામાંઓ આવાં હતાં : સિદ્ધાંતો/આગ્રહો માટેના સંઘર્ષો, હુમલાઓ અન પ્રતિ-હુમલાઓ, ચર્ચપત્રો અને વિદ્રોહો; સામ્યવાદી પક્ષ કહે કે 'એ અમારો નથી (કારણ કે અમને ગાંઠતો નથી, અમને ય પડકારે છે)' ! અને વિપક્ષો કહે કે 'એ તમારો છે : એનાં નાટકો જ જુઓને !' હિટલરની આંખે એ ચડી ગયો હતો - અને આમેય પ્રચાર શક્ય નહોતો, (જો કે એનાં નાટકો 'પ્રચાર'નાં નથી, પણ એની વાત પછી.) ઊલટું, એનાં પુસ્તકોની વિરોધીઓએ હોળી કરી હતી...

તો એવું શું હતું એનાં એ વખતનાં નાટકોમાં ?

બાલ (૧૯૧૮): એ નામના એક કથાકાવ્યને આધારે બાવીસ દશ્યના આ નાટકમાં, માનવસહજ વૃત્તિઓ પ્રમાણે જીવતા એક યુવાનની વાત છે; સ્ત્રીઓમાં રસ, કંટાળે ત્યારે એનો ત્યાગ કરે, રખડુ રઝળતું જીવન જીવે, ગિતાર વગાડી પેટિયું રળે; એક દિવસ સંગીતકાર મિત્રને હોટલની વેઈટ્રેસના બાહુપાશમાં જોઈ એનું ખૂન કરી નાખ્યું, પોલીસથી બચવા એ જંગલોમાં નાસી ગયો...એની નાટ્યસૂઝ અને ભાષાએ એ વખતે સહુને આંજી દીધેલા.

'લગ્ન' (૧૯૨૬) : લગ્નની પાર્ટીમાં વરરાજા કહે છે 'મેં આ બધું ફર્નિચર બનાવ્યું છે, પણ મહેમાનો બેસતાં ગયાં તેમ તેમ એ તૂટવા માંડ્યું. - એ સાથે મહેમાનોનો દંભ પણ ખુલ્લો થવા માંડ્યો. દરમ્યાન જાણવા મળે છે કે ખોટું તો બધું છે - કન્યા ગર્ભવતી છે, વરને એની બેવફાઈની શંકા છે વગેરે. મહેમાનો જાય છે, પ્રકાશ વિલાતાં પડદાને બદલે શયનખંડના પલંગના પડવાનો ધમાકો સંભળાય છે...આ કોમેડિની ફ્રેન્કફર્ટમાં પ્રસ્તુતિ નિષ્ફળ ગયેલી, પણ પછીના ત્રણેક દાયકે જર્મનીમાં એની ભારે અસર વર્તાયેલી.

'થ્રી પેની ઓપેરા' (૧૯૨૮) : ભિખારીઓના રાજા પીચુમની દીકરી પોલી, પિતાની ઈચ્છા વિરુદ્ધ લૂંટારા મેકહીથને પરણે છે, એટલે પિતા

જમાઈને ફાંસીએ ચડાવવા કાવતરું કરે છે. પણ પોલીસનો વડો 'ટાઈગર બ્રાઉન' મૅકહીથનો મિત્ર અને પગારદાર છે; એટલે જમાઈને પકડાવવા પીચુમ ધમકી સામે છે, કે નહીં તો રાણીના રાજ્યાભિષેક દિને અમે ભિખારીઓ હોહા કરી મૂકશું. મૅકહીથને લંડન છોડી જવા ચેતવણી મળે છે; પણ દર ગુરુવારે વેશ્યાવાડામાં જવાની એની આદતનું શું ? ત્યાં મોજમજા એ લૂંટતો હોય છે ત્યારે એની ધરપકડ થાય છે, પણ પોલીસના જ વડા બ્રાઉનની દીકરીની મદદથી એ ભાગી છૂટે છે. મૅકહીથ ફરીથી વેશ્યાઓને વાડે જાય છે અને પકડાય છે. હવે તો ફાંસીનો ફંદો ગળે ભેરવાયો જ છે, ત્યાં નવી રાણીનો સંદેશો મળે છે કે એને મુક્ત કરો, રહેવા ઘર આપો, દસ હજાર પાઉન્ડનું વર્ષાસન બાંધી આપો. અંતે વૃંદગાન ગવાય છે કે જગતે બધા બદમાશોને માફ કરી દેવા જોઈએ...

ગીતો, મેલોડ્રામા અને લાગણીશીલ દૃશ્યોને લીધે નાટક ખૂબ ભજવાયું, અને વિવેચકોના દંભી હુમલા છતાં તેઓ છાનેખૂણે બ્રેખ્તને વિનંતી કરતા કે મને એ ફરી જોવા સારી બેઠક ફાળવરાવ ! જો કે નાટકનો મુદ્દોય પરોક્ષ રીતે લોકોની આંખ ઉઘાડનારો હતો...

'મહાગોની શહેરનાં ઉદય અને અસ્ત' (૧૯૨૮/૨૯) : જેલમાંથી ભાગી છૂટેલા ચાર બદમાશોને લાગે છે કે સોનું ખોદવા કરતાં સોનાના ખાણમાલિકો પાસેથી કમાવું સારું; તેઓ મહાગોની નામનું શહેર બાંધી, સહુને પોતાની વૃત્તિ/મતિ મુજબ આનંદ લૂંટવા છૂટ આપે છે અને બધાં નીતિનિયમો નેવે મૂકે છે. ભયાનક વાવાઝોડામાં સર્વનાશ થાય છે, પણ એક આ મહાગોની ઊગરી જાય છે. પેલા ચારેય જુદી જુદી રીતે ભૌતિક આનંદ લૂંટતાં ફના થઈ જાય છે. ચોથા જેનીને મૃત્યુ સન્મુખ જ્ઞાન લાધે છે કે લાલચ અને લોભ માટેની મુક્તિ કંઈ મુક્તિ નથી. એના મૃત્યુ પછી, આ વાતની વિરુદ્ધ અને તરફેણમાં તામ્ને સરઘસો નીકળે છે. અંતે કોઈ ચીસ પાડે છે કે અમને, તમને કે કોઈનેય કશું ઉગારી શકે તેમ નથી.

આ સદીના ત્રીજા દાયકાના યુરોપીય સમાજના ચાર્વાક અનુયાયીઓ તથા આર્થિક કટોકટીની છબી બ્રેખ્તે એમાં ઝીલી હતી. કલાના પ્રયોજન વિશેય એ સ્પષ્ટ થવા માંડ્યો હતો.

'સેન્ટ જોઆન ઑફ સ્ટૉકયાર્ડ' (૧૯૨૯/૩૦) : સેન્ટ જોઆનની પ્રખ્યાત કથાને સમાંતર બ્રેખ્તે સર્જેલું આ પાત્ર તત્કાલીન રાજ/અર્થકારણનાં પરિબળો સામે ઝૂઝે છે. મૂડીવાદીઓ માને છે કે અમારી જેમ ગરીબો પણ બદમાશો હોય છે, એટલે નિર્દોષ અને સરળ જોઆનને ચકરાવે ચડાવે છે. કામદારોની હડતાલો અને પ્રતિહડતાલોનો દોર ચાલે છે, ભૂખીતરસી જોઆન મૃત્યુ પામે છે, પણ મૂડીપતિ એનેય શહીદી ગણાવી કાઢે છે. શેરબજારનાં દૃશ્યો મૂડીપતિઓની ધનલાલસા કરતાં વધારે તો એમની હિચકારી વૃત્તિ પ્રકટ કરે છે. આ નાટકમાં કોરસ અને પ્રતિકોરસની નાટ્યાત્મક રચના થઈ છે. બ્રેખ્ત પોતાના 'થીએટર'ની નજીક ને નજીક સરી રહ્યો હતો.

'એક્સેપ્શન એન્ડ ધ રૂલ' (૧૯૩૦): આ નાટક અને મક્સીમ ગોર્કીની નવલકથા 'મા'નું નાટ્યાંતર બ્રેખ્તના નાટ્યલેખનમાં મોટો વળાંક લાવે છે. હરીફો કરતાં વહેલા પહોંચવા શેઠ એના કુલીને રણપ્રદેશમાં જલ્દી ચાલવા દબાણ કરે છે; પાણી ખૂટતાં કુલી પોતાના પાણીનો ઘડો શેઠને ધરે છે, પણ એને 'હુમલાનું કૃત્ય' માની શેઠ એને ગોળીએ દે છે. કોર્ટમાં એવું સાબિત થાય છે કે, કુલી પાણી આપે એ તો 'દયા-માયા'. અને એ તો 'અપવાદ'; શેઠ એને 'નિયમ', 'રોજિંદુ કૃત્ય', થોડું માને ?' કુલીને શેઠ પ્રત્યે ધિક્કાર' એ નિયમ, શેઠ 'સ્વબચાવ'માં ખૂન કરે એ પણ નિયમ, 'તરસ્યાને પાણી પાવું' એ તો માત્ર અપવાદ. અને નિયમ મુજબ જીવાય. 'અપવાદ'થી જીવનવ્યવહાર નિશ્ચિત થાય કંઈ ? એટલે શેઠ છૂટી જાય છે, કુલીની વિધવા કકળતી બેસી રહે છે.

નાટકની વાર્તા કરતાં એના દૃશ્યવિભાજનમાંનું દ્વન્દ્વ નોંધપાત્ર છે. આપણે ત્યાં નિમેષ દેસાઈએ એનો પ્રયોગ કરેલો; ગેરેજ સ્ટુડિયો થીએટરે, કોર્ટ-દૃશ્યને કેન્દ્રે રાખી કુલી અને શેઠ બંનેની દૃષ્ટિએ બધા પ્રસંગો બે વખત રજૂ કરી એનું દ્વન્દ્વ પેશ કર્યું હતું; બીજા કુલીઓનું કોરસ પણ એ માટે ઉમેર્યું હતું. જુઓ નીચેની તસવીર.



'મધર :' (૧૯૩૦/૩૨) : અભણ મા દીકરાની ક્રાન્તિકારી વાત સમજતીય નતી ને મંજૂરેય નથી રાખતી; પણ એનું રક્ષણ કરવા એ ક્રાન્તિકારી પ્રવૃત્તિમાં સંડોવાય છે, લખતાં-વાંચતાં શીખે છે, પડોશીઓને શીખવે છે. પુત્રને ગોળી વાગતાં એનું અધૂરું કાર્ય સંભાળી લે છે, અને ૧૯૧૭ની રશિયન ક્રાન્તિને દિને બળવાખોરો સાથે સૂત્રો પોકારે છે.

મક્સીમ ગોર્કીની નવલકથામાંથી ઉઠાવેલું આ પાત્ર દીકરાને જમાડતાં, 'એક પૈસો ઓછી મજૂરી મળે તો રોટલા સાથે શાક ન મળે' એવું એને કહેતાં,

પ્રેક્ષક સાથે વાત કરવા માંડે, અને તવેથી ગરમ રોટલો ઉતારી પ્રેક્ષકોને પકડાવીય દે, એવી એની રૂસી ભાષામાં રજૂઆત મેં જોઈ હતી. બર્લિનર એન્સેમ્બલ (પૂર્વ જર્મનીના બ્રેખ્તના જ થીએટર)માં માનું પાત્ર વધુ માનવીય, મક્કમ, વીરત્વભર્યું બન્યું હતું : ક્રાન્તિકારીઓનેય હૃદય ધબકતું હોય છે ! જ્યારે દિલ્હીના શ્રી રામ સેન્ટરના બેઝમેન્ટમાં એનું એકએક ગીત પ્રેક્ષકોએ બુલંદ અવાજે ઝીલ્યું હું–



આ દરમ્યાન બ્રેખ્તને જર્મન અને વિશ્વનાટ્ય સાહિત્યમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. વિખ્યાત નટી હેલન વાઈગલ સાથેનાં લગ્ન (૧૯૨૮)થી નવા વિચારોની માર્ગદર્શક જીવનસાથી મળી ગઈ. આટલી સફળતા અને મથામણ પછી એનો આ અનુભવ જુઓ : એને શિકાગો ઘઉંબજાર વિશે નાટક લખવું હતું - અર્થશાસ્ત્રીઓ અને વેપારીઓને મળ્યો, પણ પેલા બજાર વિશે જોઈતી માહિતી ન મળી; એટલે માર્ક્સનું 'કૅપિટલ' વાંચવું શરૂ કર્યું_અને 'એપિક' થીએટરની એની વિભાવના સાકાર થવા માંડી : 'પ્રેક્ષકો **માત્ર ગ્રાહકો નથી, તેઓય નાટ્યસર્જનમાં સમભાગીઆ બનવા જોઈએ.'**

બ્રેખ્ત માનતો હતો કે એનું "થ્રી પેની" આ જ વિચારને પેશ કરે છે : ભદ્રવર્ગીય અને નિમ્નવર્ગીય સંવેદનજગત એમાં છે, એકસાથે; એટલે મેકહીથનું પાત્રાલેખન ભદ્રવર્ગીય ઘટના તરીકે રજૂ થવું જોઈએ. (જો કે પ્રેક્ષકોને તો ગીતો અને 'એક્શન'માં જ રસ પડ્યો હતો !) એ આટલું સ્પષ્ટ કહેતો છતાં ધનિક પ્રેક્ષકો બીજું જ સમજતા - 'બેંક સ્થાપવી કે લૂંટવીમાં શું તફાવત; માણસને મારવો કે નોકરીએ રાખવામાં શું ફેર ?'

અને એના 'મહાગોની' નાટકની રજૂઆત પછી એક વિવેચકે લખ્યું હતું કે, થીએટરની ગેલરિઓમાં હકડેઠઠ બેઠેલા ધનિકોને લાગ્યું કે જગતના મજૂરો એમની સામે માથું ઊંચકી રહ્યા છે હવે. જો કે અનેક પ્રેક્ષકોએ એને માત્ર ઓપેરા નાટક તરીકે જ લીધું હતું ! થીએટર 'ચટાકેદાર ફરસાણની દુકાન' (culinary) તરીકે ગણાતું એની સામે એને વાંધો હતો. જીવનનું દ્વન્દ્વ એણે વ્યક્ત કરવું હતું; જેથી એની પ્રક્રિયા માર્ગદર્શક બને; 'મનોરંજન' પણ પ્રત્યાયનનું સાધન બને.

એટલે તો 'સેન્ટ જોઆન' ભજવવાની કોઈની હિંમત ન થઈ; કારણ કે એમાં તેણે બૂમ પાડી છે : 'આ જગતમાંથી વિદાય લો ત્યારે સજ્જન તરીકે જ તમે વિદાય ન લો, પાછળ એવું જ સજ્જનોનું જગત પણ બીજા માટે છોડતા જાઓ, એની કાળજી તમારે લેવી પડે.' કારણ કે જોઆનને આટલું સમજાયું હતું : 'બળનું સામ્રાજ્ય હોય ત્યાં એનો જ વિજય થાય; માનવીય હોય તો જ માનવીને મદદ મળે.'

તો એનું આ 'એપિક' થીએટર શું છે ? પુરાણકથાઓ સાથે એને કોઈ નિસબત નથી, એ તો સહુ સમજે જ; પણ મુદ્દે છે એ નિરાળો અભિગમ.

પ્રેક્ષકોની લાગણીઓ કરતાં એની બુદ્ધિને આ થીએટરે જગાડવાની છે. માત્ર અનુભવના આદાનપ્રદાન કરતાં, તેમાં વસ્તુનું હાર્દ પકડાવું જોઈએ. જો કે લાગણીઓના સદંતર અનાદરનો અહીં ઉદ્દેશ નથી. કેમ, આધુનિક વિજ્ઞાનમાં લાગણીને સ્થાન નથી શું ? 'અભિનય' અંગેની એની પ્રશ્નોત્તરી સાંભળવા જેવી છે :

'તમારાં નાટકોમાં નટોને સફળતા મળે છે. તમને સંતોષ છે ?'

'ના.'

'તેઓનો અભિનય ખરાબ છે ?'

'ના, તેમનો અભિનય ખોટો છે ?'

'તો તેઓએ શું કરવું જોઈએ ?'

'વૈજ્ઞાનિક યુગના પ્રેક્ષકો માટે તેમણે અભિનય કરવાનો છે.'

'એટલે ?'

'પોતાનું જ્ઞાન પ્રદર્શિત કરવાનું છે તેમણે.'

'કયું જ્ઞાન ?'

'માનવ-સંબંધોનું, માનવ-વર્તનનું, માનવશક્તિનું.'

એના 'મધર' નાટકને, પોલીસની પજવણી છતાં પંદર હજાર સ્ત્રી-મજૂરોએ નિહાળ્યું અને એમનામાં જાગૃતિ, આણી હતી. બ્રેખ્તને બનાવેલી 'જગતનો માલિક કોણ' ફિલ્મ સામે સેન્સરે લાલ આંખ કરી હતી. ૧૯૩૩ના જાન્યુઆરીની ત્રીસમીએ જર્મન ફાસીવાદે સત્તા કબજે કરી થીએટર અને કલાને મોં-બંધી ફરમાવી હતી. લેખકો અને કલાકારોએ, ફેબ્રુઆરીની પ્રખ્યાત રેઈકસ્ટેગ આગ પછી દેશમાંથી ઉચાળા ભરવા માંડ્યા હતા. બ્રેખ્ત અને હેલન પણ અંધારું ઓઢીને ભાગી છૂટ્યાં_ .

કદાચ, કલાકારો સામે આવા પડકારો ખડા થતા રહેવા જોઈએ. બ્રેખ્ત માટે, જો કે એ વિદેશવાસ સર્જનાત્મક અને વિચાર-પ્રસારક બન્યો જ. પણ એની વાત હવે પછી. □

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુમાર ર. શુક્લ

જુગલકિશોર મિસ્ત્રી

જુગલકિશોરભાઈ સવિનય કાનૂનભંગની ચળવળમાં, ૧૯૩૨માં પિકેટિંગ કરતાં નડિયાદમાંથી પકડાયા હતા, અને તેમણે સાબરમતી તથા નાસિકની જેલમાં સજા ભોગવી હતી. 'હિંદ છોડો' ચળવળ શરૂ થઈ તે અગાઉ અમદાવાદમાં જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ, મોહનસિંહ સોલંકી, જુગલકિશોરભાઈ વગેરે વ્યાયામશાળાના કાર્યકરોએ ચર્ચાવિચારણા કર્યા બાદ લડત આપવા માટેની બધી તૈયારી કરી રાખી હતી. જુલાઈ ૧૯૪૨ સુધીમાં વૉર્ડનાયકો તથા જૂથનાયકો નીમવા, તેઓને શું કામગીરી સોંપવી, કોને કોને કઈ કામગીરી સોંપવી વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮મી ઑગસ્ટ પહેલાંથી અમદાવાદમાં 'ઈન્કિલાબ' નામની પત્રિકા પ્રકટ કરવામાં આવતી અને તેમાં લડતની તૈયારી માટે પ્રેરણા આપવામાં આવતી હતી. ૯મી ઑગસ્ટના રોજ વ્યાયામ મંડળના કાર્યકરોની સભા ભરવામાં આવી, જેમાં કાર્યકરોને કામની વહેંચણી કરવામાં આવી. જુગલકિશોરભાઈને પત્રિકાઓ, ભીંતપત્રો, પોસ્ટર્સ તૈયાર કરાવીને ચોંટાડાવવાં, સડકો પર સૂત્રો લખાવવાં વગેરે પ્રચારતંત્રની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે આ કાર્ય ઘણી સારી રીતે કર્યું. થોડા દિવસોમાં કૉંગ્રેસ પત્રિકા પ્રકટ કરવા માંડી. તે માટે ગેસ્ટેટનર કંપનીનાં ચાર સાઈક્લોસ્ટાઈલ મશીન, કાગળ, સ્ટેન્સિલ તેની શાહી વગેરે ખરીદ કરવામાં આવ્યાં.

ઉત્સવભાઈ પરીખ અને ઉમાશંકર જોશી, કૉંગ્રેસ પત્રિકાનું સંપાદન કરતા હતાં. આ ઉપરાંત પીતાંબર પટેલ તથા પુષ્કર ચંદરવાકરને પણ સંપાદન કરવા માટે તૈયાર રાખવામાં આવ્યા હતા. ઉત્સવભાઈ અને ઉમાશંકરે એક પછી એક મહિનાઓ સુધી કૉંગ્રેસ પત્રિકાનું સંપાદન કર્યું હતું. લડત અંગેના બનાવોના સમાચાર તથા ભવિષ્યનો કાર્યક્રમ વૉર્ડનાયકો મેળવીને વાસુદેવ ભટ્ટને મોકલી આપતા હતા. વાસુદેવભાઈ તે સમાચાર તથા કાર્યક્રમ દરરોજ ઉત્સવભાઈને ત્યાં મોકલી આપતા હતા. કૉંગ્રેસ પત્રિકામાં ચંદ્રકાન્ત ત્રિવેદી (ચન્દ્ર) વ્યંગચિત્રો દોરતા હતા. ચન્દ્ર પોસ્ટર્સ પણ બનાવતા.

ઉપર્યુક્ત ચાર સાઈક્લોસ્ટાઈલ મશીન (૧) ઘાસીરામની પોળમાં હરિવદન દેસાઈને ઘેર, (૨) શ્રીરામજીની શેરીમાં રમણલાલ દવેને ઘેર, (૩) રાયપુર ચકલા નજીક દુધિયા બિલ્ડિંગમાં તથા (૪) તળિયાની પોળમાં બબાભાઈ સતિયાના નિવાસસ્થાને રાખવામાં આવ્યા હતાં. ત્યારબાદ પ્રતિ સમાહ સાઈક્લોસ્ટાઈલ મશીન રાખવાનું સ્થળ બદલવામાં આવતું હતું. શહેરમાં એક નાની દુકાન ભાડે રાખીને તેના ઉપર બોર્ડ લગાવ્યું. 'કિતાબ ઔર કિતાબ.' તે દુકાનમાં કાગળ, શાહી, સ્ટેન્સિલ તથા બીજી અનેક આવશ્યક વસ્તુઓ મૂકી રાખવામાં આવતી હતી.

હમીરભાઈ ગઢવી કૉંગ્રેસ પત્રિકા માટે દરરોજ સ્ટેન્સિલ કટ કરી આપતા હતા. તેઓ વારંવાર વેશપલટો કરતા હતા. કોઈ વાર લાંબો ઝભ્ભો, ચશ્મા પહેરે અને જોકર જેવા બનીને આવે. પત્રિકાઓ સાઈક્લોસ્ટાઈલ કરવાનું કાર્ય રાત્રે બાર વાગ્યા પછી શરૂ કરવામાં આવતું. તે પછી તેનાં બંડલો બાંધીને વૉર્ડવાર બંડલો તૈયાર કરવામાં આવતાં હતાં. ખાડિયા વ્યાયામ-શાળાના કેટલાક ઉત્સાહી યુવાનો કનુભાઈ રાણા, બાલુભાઈ રાણા વગેરે આ કાર્યમાં ઘણી સારી મદદ કરતા હતા. અમદાવાદના સેંકડો યુવક-યુવતીઓ ઉત્સાહપૂર્વક વહેલી સવારે પોતપોતાના વૉર્ડમાં લત્તાવાર, પોળવાર અને ઘેરઘેર પત્રિકા વહેંચી દેતાં હતાં.

પત્રિકાઓ વહેંચવા માટે લઈ જવા યુવાનો વિવિધ યુક્તિઓ અજમાવતા હતા. દૂધનાં દસ-બાર કેન એવાં બનાવરાવ્યાં હતાં કે ઉપરના ભાગમાં દૂધ રહે અને નીચેના ભાગમાં ઘણી પત્રિકાઓ મૂકી શકાય. યુવાનો દૂધવાળાનો વેશ પહેરીને દૂધનાં કેનમાં સાયકલ ઉપર પત્રિકાઓ આપી આવતા હતા. કેટલાક યુવાનો પહોળા લેંઘા પહેરીને પત્રિકા પગે બાંધીને અથવા કોઈ છાપાવાળા, ટપાલવાળા કે અન્ય કોઈના વેશમાં પત્રિકા લઈ જતા હતા. વહેલી સવારે ચાર કે સાડા ચાર વાગ્યે પત્રિકાનાં બંડલો દરેક વૉર્ડમાં પહોંચાડી દેવામાં આવતાં હતાં.

જુગલકિશોર માથે કાળી ટોપી પહેરી સી.આઈ.ડી.ના જેવા વેશમાં ફરતા. તેથી એકવાર તેમણે માર ખાવાનો પ્રસંગ પણ બન્યો હતો. 'ચન્દ્ર'ની પાસે અંગ્રેજોની વિરુદ્ધના પ્રસંગો આલેખતાં પોસ્ટર્સ તૈયાર કરાવીને જુગલકિશોર તેને વિવિધ સ્થળોએ પ્રદર્શિત કરતા હતા; તથા અનેક પોળોના નાકે રાખવામાં આવેલાં ભીંતપત્રો ઉપર પણ એકસરખા સમાચાર દરરોજ લખાવવાની વ્યવસ્થા તેઓ કરતા હતા. મુલાકાત : ૧૯-૭-૧૯૭૦

રામચરણદાસ બાવાજી

બાવાજી ૧૯૩૦માં ગાંધીજીની પ્રેરણાથી સ્વતંત્રતાની ચળવળમાં જોડાયા હતા. તેઓ કૉંગ્રેસ સમાજવાદી જૂથના કાર્યકરોના ગાઢ સંપર્કમાં રહેતા હતા. અમદાવાદમાં તેઓ લેબર સેન્ટર ચલાવતા હતા. 'હિંદ છોડો' ચળવળ દરમિયાન કૉંગ્રેસના આગેવાનોની ધરપકડ થઈ ગઈ અને તેઓને અટકાયતમાં રાખવામાં આવ્યા હોવાથી સમગ્ર દેશમાં સમાજવાદી આગેવાનો વધુ સક્રિય થઈ ગયા હતા. એ રીતે અમદાવાદ શહેરમાં વ્યાયામ પ્રચારક મંડળના કાર્યકરો પણ સક્રિય બન્યા હતા.

૯મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ બપોરે ચાર વાગ્યે ડિસ્ટ્રિક્ટ લોકલ બોર્ડના મેદાનમાં રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા ગુલામ રસુલ કુરેશીના પ્રમુખપદે એક જાહેરસભા યોજવામાં આવી હતી. તે સભામાં એકઠા થયેલા લોકોને

વિખેરી નાખવા માટે અમદાવાદ શહેરમાં સૌ પ્રથમવાર અશ્રુવાયુના ટેટા છોડવામાં આવ્યા તથા લાઠીમાર પણ કરવામાં આવ્યો હતો. ૧૦મી ઑગસ્ટના રોજ નિર્મળકુમાર ડેએ વાડજ વિસ્તારમાં તાર કપાવ્યા હતા. તે દિવસે સવારે લૉ કૉલેજથી નીકળેલા વિદ્યાર્થીઓના સરઘસમાં બાવાજી તથા ડૉ. અમુભાઈ શુકલ પણ જોડાયા હતા. ગુજરાત કૉલેજના મેદાનમાં તે સરઘસ પર થયેલા લાઠીમારમાં તેઓ બંનેને માર પડ્યો હતો. તે દિવસથી બાવાજી શાહીબાગમાં નામદેવને ઘેર ભૂગર્ભમાં રહ્યા હતા.

આ ચળવળ દરમ્યાન બાવાજીને સૌરાષ્ટ્ર મોકલવામાં આવ્યા. તેમણે સુરેન્દ્રનગર (વઢવાણ શહેર)માં ત્રંબકલાલ ટ્રોલીવાળા તથા ભાનુપ્રસાદ શુકલની મદદ લઈને ભૂગર્ભ પ્રવૃત્તિનું સંગઠન સાધ્યું હતું. તેમણે મુંબઈથી પોટાશ, ફૉસ્ફરસ, રેડ મંચર્સ, વગેરે ખરીદ કરીને સુરેન્દ્રનગર મંગાવ્યો. ત્યાં કેટલાક સાથીઓની મદદ લઈને ડાયનેમાઈટ અને બૉંબ બનાવ્યા હતા. તેઓ સુરેન્દ્રનગરમાં ત્રંબકલાલ ટ્રોલીવાળાને ઘેર ગુપ્ત રહેતા હતા. તેમણે ભોગાવો નદીનો પુલ બૉંબ અથવા ડાયનેમાઈટ વડે ઊડાવી દેવાની યોજના ઘડી હતી. પરંતુ તેમના એક સાથી મારફતે પોલીસને બધી ગુપ્ત માહિતી પ્રાપ્ત થઈ જવાથી તેમણે ત્યાંથી નાસી જવાની ફરજ પડી હતી. ત્યારબાદ અમદાવાદના શારદા મંદિરવાળા વજુભાઈ દવેના નિવાસસ્થાને સુરેન્દ્રનગરમાં ગુપ્ત રહ્યા બાદ, બોટાદ જઈને મહેન્દ્રભાઈ મેઘાણીના નિવાસસ્થાને એક દિવસ રોકાઈ, ત્યાંથી ધંધુકા થઈને ઑક્ટોબર ૧૯૪૨માં અમદાવાદ ગયા હતા. હવે તેમને માટે અમદાવાદમાં રહેવું જોખમકારક લાગવાથી, બાવાજી ધરપકડથી બચવા માટે પંચમહાલ જિલ્લામાં ગોધરા ગયા. ત્યાં તેમના એક સંબંધી પ્રાણજીવન આચાર્ય એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હતા. બાવાજી તેમના નિવાસસ્થાને ગુપ્ત રહ્યા.

ગોધરા તાલુકા કિસાન પરિષદના મંત્રી શ્રી ભીમસિંહ વેચાત પરમાર ગોધરા અને શહેરા તાલુકાનાં ગામોમાં ભાંગફોડની પ્રવૃત્તિ કરતા હોવાથી તેમને મળવા બાવાજી સંતરામપુર ગયા. ત્યારબાદ શહેરા તાલુકાનાં ગામોમાં મુસ્લિમનો વેશ પહેરીને ફર્યા. આ દરમિયાન લડતની પ્રવૃતિ ચાલુ રાખવાના હેતુથી નાના સેલ બનાવીને દર અઠવાડિયે ગનપાવડરનો બૉંબ ફોડતા હતા. તેમાં કોઈ પણ વ્યક્તિને નુકસાન કરવાનો ઇરાદો ન હતો. ત્યાંથી બાવાજી અમદાવાદ પાછા ફર્યા. તેમણે ઘી કાંટા પોલીસ ચોકી પર એક વાર બૉંબ નાખ્યો હતો.

૨૬ જાન્યુઆરી ૧૯૪૩ના રોજ સ્વાતંત્ર્યદિન ઉજવવા માટે અમદાવાદ, માણેકચોકમાં એક જાહેરસભા યોજવામાં આવી હતી. તે સભામાં સ્વતંત્રતાની પ્રાપ્તિ માટેનું પ્રતિજ્ઞાવાચન કરવાનું હોવાથી બાવાજીએ પોતાના કેટલાક સાથીઓ સહિત તે સભામાં હાજરી આપી. ત્યાંથી બાવાજી સહિત ૧૪ સ્વાતંત્ર્ય સૈનિકોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી. તેમને સાબરમતી જેલમાં શરૂમાં અટકાયતમાં રાખવામાં આવ્યા. તે પછી તેમને છ મહિનાની કેદની સજા થઈ. અટકાયત સહિત તેમણે કુલ અગિયાર મહિનાની કેદની સજા ભોગવી હતી.

દેશની સ્વતંત્રતા માટેની આ છેલ્લી લડત હતી. આ લડતના ફળસ્વરૂપે અંગ્રેજોને પ્રતી થઈ ગઈ કે હવે વધારે સમય માટે તેઓ ભારત પર રાજ્ય કરી શકશે નહિ. આ ચળવળ દરમિયાન લોકોમાં નોંધપાત્ર જાગૃતિ અને હિંમત આવી તથા લોકોનો ઉત્સાહ વધ્યો હતો. મુલાકાત : ૮-૬-૧૯૭૦

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૧૨૨ પરથી

છોડની કળી નખથી ખોતરી નાખી, તેની અંદરનાં પુંકેસરનાં બધાં જ કણો ખેરવી નાખે અને પછી એકલાં સ્ત્રીકેસર ધરાવતી ડાંડલી આસપાસ નાની કાગળની કોથળી બાંધી દે. બીજે દિવસે સવારે બાજુના ક્યારાના વારા કપાસની કળીમાંથી પુંકેસરના કણો ભેગા કરી, લક્ષ્મી કપાસની સ્ત્રીકેસરવાળી ડાંડલી આસપાસ મૂકીને ઉપર શરબત પીવાની સ્ટ્રૉટ પાઈપનો ટુકડો લગાવી દે. થોડા દિવસે કળી ફળે અને વારાલક્ષ્મીનું સંકર બી ઉત્પન્ન થાય. બિયારણ ઉત્પાદનમાંથી વરસે ૨૫,૦૦૦ની કમાણી થાય છે, જેમાંથી ૧૫,૦૦૦ જમીન, ખાતર, પાણી તથા પગારદાર ખેડૂતોના પગાર બાદ કરતાં વધતા ૧૦,૦૦૦ રૂપિયા તે આ વિદ્યાર્થીઓની ફી થઈ !

વિદ્યાર્થીઓને દર વરસે ૨૦ દિવસ ખેડૂતને ઘેર રહેવાનું હોય છે. ખેડૂતના ઘરના માણસની જેમ તે રહે છે અને તેની સાથે કામ કરે છે. ખેડૂતને ત્યાં જ જમે છે, છતાં ખેડૂત તેને રોજના ૩ રૂપિયા આપે છે. આ સંસ્થાની એવી આબરૂ છે કે ખેડૂતો સામે ચાલીને માગણી કરતા આવે છે કે આ વખતે તમારા છોકરાને અમારે ઘેર મોકલજો.

છેને અમેરિકન પદ્ધતિની યુનિવર્સિટી પૂરા ભારતીય સ્વાંગમાં ? ☐

નવું લવાજમ

સંજોગવશાત્ 'કુમાર'નું લવાજમ જાન્યુઆરી ૧૯૯૩ થી રૂપિયા ૧૦૦ કરવામાં આવ્યું છે. સહુ ગ્રાહકો અને એજન્ટોએ આની નોંધ લેવી. હવેથી અમને જૂના દરે રૂપિયા ૭૫=૦૦ લવાજમ મળશે તો તેવા ગ્રાહકને સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી જ અંકો મોકલી શકાશે.

કથાસરિત્સાગર

(તરંગ ૨, લંબક ૪)

લોહજંઘ કથા (સંપૂર્ણ)

કનુભાઈ જાની

વિભીષણે આપેલું એ બધું લઈને, એકીફેરે લાખ યોજન પહોંચાડી દેતા ગરુડે ચડીને, વ્યોમ માર્ગેથી લંકાના સમુદ્રને ઉલ્લંઘીને લોહજંઘ સુખથી મથુરામાં પાછો આવી પહોંચ્યો. ત્યાં (નગર-)બહારની એક નિર્જન વાડીમાં ઊતર્યો. એક ઠેકાણે બધાં રત્નોનો ઢગલો સંતાડ્યો, ને પંખી બાંધ્યું. એક રત્ન લઈને (ઝવેરીની) દુકાને જઈને વેચ્યું. એમાંથી વસ્ત્રો ને અંગરાગ-આદિ લીધાં, ખાવાનું લીધું. એ વાડીમાં પોતે જમ્યો ને પક્ષીને જમાડ્યું. પછી વસ્ત્ર-અંગરાગ-પુષ્પ-આદિથી સજ્જ થયો. રાત્રે શંખ-ચક્ર-ગદાધારી થઈને, પક્ષીની પીઠે સવારી કરીને રૂપણિકાને ઘેર પહોંચીને, પોતે એ સ્થાનનો જાણકાર હોઈ, ઉપર આકાશમાં જ રહીને, એકાન્તે રહેલી પોતાની પ્રિયતમા સાંભળે તેમ એક ગંભીર સાદ દીધો. સાંભળતાં જ તે બહાર આવી, ને આકાશમાં એ રાત્રે નિરખ્યા રત્નવિભૂષિત નારાયણ સરખાને ! 'હું છું હરિ[1]. અહીં તારે કાજે આવ્યો છું' એમ એણે કહ્યું, ત્યારે નમીને એ બોલી, 'દેવ, દયા કરો' એટલે લોહજંઘ પક્ષી પરથી ઊતરીને, પક્ષીને બાંધીને, પ્રિયા સાથે વાસભવને પ્રવેશ્યો. ત્યાં એની સંગત માણી તરત પાછો નીકળી, વિહગારૂઢ થઈ, પાછો આકાશ માર્ગે વિદાય થયો.[2]

'હું તો ભાર્યા દેવ વિષ્ણુની. હવેથી મર્ત્યો સાથે નહીં બોલું' એમ રૂપણિકાએ તો સવારથી જ મૌન ધારણ કરી દીધું.

'દીકરી, આમ કેમ વર્તે છે ? જે હોય તે કહે' માતા મકરદંષ્ટ્રાએ પૂછ્યું ત્યારે એણે, વચમાં આડો પડદો રાખીને, વારંવાર માતાએ પૂછવાથી માતાને મૌનનું કારણ બતાવ્યું. રાત્રે જે કાંઈ બન્યું હતું તે કહી સંભળાવ્યું. માને શંકા ગઈ. પણ પછી તો રાત્રે નજરોનજર વિહગારૂઢ લોહજંઘ આવ્યો ને તત્ક્ષણ જોયું. પ્રભાતે, એકાન્તે પડદાઆડેથી એ કારભારણ મકરદંષ્ટ્રાએ બહુ નમ્રતાથી રૂપણિકાને વિનંતી કરી : 'તું તો, દીકરી, દેવની દયાથી આ જ મનખાવતારમાં દેવીનું પદ પામી ચૂકી. હું, તારી અહીંની જનેતા એટલે મને પણ અહીં જ આવી દીકરી બદલ કાંઈક ફળ આપ. જેથી આ જર્જર દેહ સાથે જ હું સીધી સ્વર્ગે સિધાવું. એ પ્રમાણે તું દેવને વિજ્ઞપ્તિ કર. આટલો અનુગ્રહ કર.' 'ભલે' કહીને રૂપણિકાએ તો, વિષ્ણુરૂપે આવ્યો ત્યારે એને એ પ્રમાણે વિનંતી કરી, ત્યારે દેવવેશી લોહજંઘે પોતાની પ્રિયતમાને જણાવ્યું : 'તારી માતા તો પાપિણી છે. એને ખુલ્લી રીતે સ્વર્ગમાં લઈ જવી તે યોગ્ય નથી. પણ અગિયારશને દિને સવાર પડતાં સ્વર્ગનાં દ્વાર જેવાં ખૂલે કે સૌથી પહેલાં જ શંભુના ઘણા ગણો એમાં પ્રવેશી જાય છે. એમાં ગણોના વેશમાં એમને ભેળવાશે. એ માટે એમણે અસ્ત્રાથી માથું બોડાવી, પંચકેશ રાખી, ગળે ઠ્ઠમાળા ધારણ કરવી. શરીરે કોઈજ વસ્ત્રો ન જોઈએ. પછી અડધું અંગ કરવું કાજળ-લેપવાળું ને બાકીનું અડધું સિંદૂરથી લીંપવું. એવા ગણરૂપમાં એ હશે તો એને હું સુખેથી સ્વર્ગપ્રવેશ કરાવીશ.' એમ કહીને પછી થોડી વાર ત્યાં ગાળી લોહજંઘ તો પાછો ચાલ્યો ગયો. પ્રભાતના પહોરમાં રૂપણિકાએ તો કહ્યા પ્રમાણેનો જ વેશ માતાજીનો કાઢ્યો. માતાજી પણ એ વેશમાં કેવળ સ્વર્ગને જ સન્મુખ નિહાળવા લાગ્યાં !

રાત્રીએ મુખ ખોલ્યું ત્યાં તો લોહજંઘ ત્યાં હાજર ! એટલે રૂપણિકાએ તો માતાને એને હવાલે કરી દીધી. એ તો વિહગારૂઢ થઈ, પેલી નિર્વસ્ત્ર ને વિકૃતવેશા મુકાદમડીને લેતોક ને ઝડપથી ગગનચારી થઈ ગયો. આકાશમાં જ હતો હતો ને એણે એક દેવમંદિરના પ્રાંગણમાં એક ઊંચોઊંચો પથ્થરનો થાંભલો જોયો; એની ટોચે હતો ચક્રનો આકાર. (એમાં પડખે ખોસેલી હતી ધજા.) ધજાની પછવાડે, એકમાત્ર પેલા ચક્રનો જ આધાર મળે એમ એણે એના ઉપર એને મૂકી દીધી ! મુકાદમડી ! પોતાના અપમાનના ઉપાયની આ પતાકા ફરકી ! 'તમે જરા એકાદ ક્ષણ અહીં જ ઊભાં રહો, ત્યાં હું પૃથ્વીલોકે જઈને સાન્નિધ્યનો અનુગ્રહ યાચું છું' કહીને એ તો એની નજર આગળથી અલોપ !

પછી ત્યાં એ યાત્રાના ઉત્સવે એકઠા થયેલા લોકોને એણે આકાશમાંથી જ સંભળાવ્યું : 'હે લોકો ! અહીં જ આજે હમણાં તમારા પર આકાશેથી પટકાશે મહામારી - સર્વવિનાશિની. માટે હરિનું શરણ લો !' આવી આકાશવાણી સંભળીને તો લોકો ભયવિહ્વળ થઈ ગયા. સમગ્ર મથુરાનું લોક દેવના આશ્રયે દોડી ગયું અને ઊગરવા માટેની યાચના કરવા લાગ્યું. પેલો લોહજંઘ પોતે પણ આકાશમાંથી હેઠો ઊતરી, દેવવેશ કાઢી નાંખી, લોકોમાં ભળી જઈ, પોતે ઓળખાય નહીં એમ (અદૃશ્ય રહીને) બધું જોવા લાગ્યો.

'હજુએ દેવ તો નાવ્યા, હુંયે સ્વર્ગે ન પહોંચી કે !'
એમ એ થાંભલે-ખોડી કુટ્ટિની તે વિચારતી

'ન આવ્યા દેવ ને મળ્યું સ્વર્ગ' એમ એ થાંભલાની ટોચે ટીંગાતી ઊભી ઊભી વિચારે છે. ત્યાં, બહુ વાર લાગવાથી, ન રહેવાતાં, ભયવિહ્વળ થઈ, જોરથી નીચેનું લોક સાંભળે એમ બૂમો પાડી કહેવા લાગી : 'ઓરે... ઓ... હું પડું છું.' લોકસમસ્ત, આ મહામારી હવે આપણી પર પટકાઈ એમ માનીને, આકુળ-વ્યાકુળ થતાં, દેવ સમક્ષ ધાઈને પોકરાવા લાગ્યાં : 'દેવી ! પડ મા, પડ મા !'

મથુરાનાં નાનાં-મોટાં, આબાલવૃદ્ધ સહુએ આ મહામારીના ભયથી એ આખી રાત ફફડાટમાં ગાળી. પહો ફાટ્યું, ને જોયું તો થાંભલે હજી વળગેલી પેલી મુકાદમડી. રાજા-પ્રજા સૌએ એને ઓળખી લીધી. મહામારીનો ભય તો ગયો. કૌતુક થયું. લોકસમસ્ત હસવા લાગ્યું.

એ સાંભળીને રૂપણિકા પણ ત્યાં આવી. પોતાની માતાને ઊંચે થાંભલા ઉપર સર્વની હાંસી વચ્ચે લટકતી જોઈ કે તરત જ સૌની મદદથી એને નીચે ઉતારી. ત્યારે સૌ કુતૂહલથી પૂછવા લાગ્યા કે આમ થયું કેવી રીતે. રૂપણિકાએ જે થયું તે કહ્યું. છતાં, માને કોણ ? આ અદ્‌ભુતકારક કામ તો કોઈક સિદ્ધબિદ્ધનું જ છે એમ રાજા-બ્રાહ્મણ-વેપારી વગેરે સૌ માનવા લાગ્યા. કહે, 'અનેકોને કામુકો કરી મૂકીને છેતરનારી આ ઠગારીને જેણે બનાવી એ જો પ્રકટ થાય તો તો એનું જાહેર સન્માન થવું જોઈએ.'

એ સાંભળીને લોહજંઘ પોતે ત્યાં પ્રગટ થયો. પૂછવાથી, બધો જ વૃત્તાંત માંડીને કહ્યો, અને ત્યાં એણે શંખ-ચક્રાદિ જે વિભીષણે મોકલેલાં હતાં તે પણ દેવને સમર્પિત કર્યાં. લોક વિસ્મયમાં ડૂબ્યું. સર્વે મથુરાવાસીઓ પ્રસન્ન થયાં. એનું સન્માન કર્યું અને રાજાના આદેશથી રૂપણિકા એને સોંપી દીધી. પછી તો લોહજંઘ, કુટ્ટિનીના કૃત્યનો બદલો વાળી, પ્રિયાની સાથે ત્યાં, લંકાથી મળેલા બહુરત્નોના ઢગથી સમૃદ્ધ થયેલા ખજાનાથી, સુખચેનમાં રહેવા લાગ્યો.

આમ અન્ય વેશધારી વસન્તકને મુખેથી, બંધનમાં પડેલાં વત્સરાજની સન્મુખ થતી, આવી કથા સાંભળીને વાસવદત્તા ઘણી પ્રસન્ન થઈ.

આમ થયો પૂરો મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત
કથાસરિત્સાગરમાંનો કથામુખલંબક નામનો
ચતુર્થ તરંગ.

પાદટીપ

૧. અહીં 'હરનાર' એવો અર્થ લેતાં શ્લેષ થશે. અહીં 'હરિ' તે વિષ્ણુ. પોતાની વિષ્ણુ તરીકેની ઓળખાણ આપે છે. લોહજંઘ.

૨. આની સાથે સરખાવો 'પંચતંત્ર' (અનુ સાંડેસરા: '૪૯; પૃ. ૫૨)ના 'મિત્રભેદ' નામે પ્રથમતંત્રની પાંચમી વાર્તા 'વિષ્ણુનું રૂપ લેનાર વણકર અને રાજકન્યા'. ત્યાં પણ પ્રેમિકાને મેળવવા પ્રેમી વિષ્ણુનું રૂપ લઈને છળ કરે છે ને એમાં જીતે છે ! કથા ટૂંકમાં આમ છે.

એક સુથાર અને વણકર. લંગોટિયા ગોઠિયા. એક મહોત્સવમાં સાથે ગયા. યુવાન વણકરને રાજકન્યા જોઈને કામ વ્યાપ્યો. વણબોલ્યે આત્મહત્યા માટે તૈયાર થયો. મિત્રે કારણ જાણ્યું. ત્યારે વણકર કહે, 'એ તો રાજકન્યા. વળી એકદંડિયા મહેલમાં. છેક ઉપર સાતમે માળ, ચોકીપહેરા નીચે છે. ત્યાં વાયુ સિવાય કોઈનોય પ્રવેશ નથી. તું શી રીતે મને મદદ કરી શક્વાનો હતો ?'

સુથાર કહે, 'જો, મારી કળા.' એણે તો અર્જુનવૃક્ષના લાકડામાંથી કળવડે ઊડતો એક ગરુડ બનાવ્યો; પછી એની પર એને બેસાડી, શંખ-ચક્ર-ગદા-પદ્મવાળા વિષ્ણુના હાથ તૈયાર કરીને કિરીટને કૌસ્તુભમણિસહિત એને શણગારીને આબેહૂબ વિષ્ણુ જેવો કરી દીધો. કળ ચલાવવાની સમજૂતી આપી.

આ નકલી વાસુદેવ તો ઊડ્યા. પહોંચ્યા પેલીને સાતમે માળો. સાત પગલાં આકાશમાં ! જગાડી. કહે, 'ખુદ લક્ષ્મીને ત્યાગી ને તારો થયો રાગી.'

'એ શી રીતે બને ? હું તો માનવ ને તમે દેવ !'

'આ પહેલાં પણ મેં ગોકુળમાં ગોવાલણોને ચાહેલી ને રાધાને અનુગ્રહેલી.'

'તો, મારા પિતા પાસે મારી માગણી કરો ને !'

'હું મનુષ્ય સાથેના આવા વ્યવહારો કરતો નથી.'

આમ બન્ને વચ્ચે દલીલબાજી થઈ ને આખરે ગાંધર્વ લગ્ન. પછી તો રોજ રાત્રે આવે ને સવાર પડતાં અલોપ !

કન્યાના દેહમાં થયેલા ફેરફારથી દાસીઓને ગંધ આવી ગઈ. રાજાને વાત કરી. રાજાએ રાણીને ચેતવી. રાણીનેય વાત સાચી લાગી. પૂછ્યું. કુમારીએ આખી વાત માતાને જણાવી દીધી. રાણીએ રાજાને કહ્યું, 'એના પર નારાયણ પ્રસન્ન છે. નિત્ય મધ્યરાત્રિએ આવે છે.'

પછી તો રાજા-રાણી બન્નેએ છુપાઈને શંખચક્રગદાપદ્મયુક્ત નારાયણને આકાશમાર્ગેથી આવીને પોતાના મહેલની સાતમી અટારીએ ઊતરતા નજરોનજર જોયા. આંખો થઈ ગઈ ધન્ય !

ખુદ નારાયણ જેનો જામાતા એને પછી કેવો મદ ચડે ! સૌ રાજાઓને એ પુન્કારવા લાગ્યો. સરહદો પચાવવા મંડ્યો. સૌ કંટાળ્યા. એક પછી એક ચડાઈઓ ચાલી. રાજા હસતો ચાલ્યો. જામાતા કાંઈ ન કરે ! જોયા કરે !

પણ કુંવરી કહે, 'તમે સુદર્શન ફેંકો ને ! સર્વના ચૂરેચૂરા કરી દોને !'

ત્યારે કહે, 'મારે હાથે મરે તો તો એ વૈકુંઠ પામે. એમ કર, કાલે સવારે હું આકાશેથી ચડી આવીશ ને એમને ભગાડીશ, ત્યારે રાજા નીચેથી ભાગતા સૈન્યનો બરાબર પીછો કરે - એમ કહેજે.'

ને ભયથી પર તો ભડવીરોય ક્યાંથી હોય ? આકાશમાંથી ગરુડારોહી ખુદ વિષ્ણુને વેગે રાજાની વહારે ધસી આવતા જોયા કે સૈન્ય ભાગ્યું, એવું જ રાજાએ તેનો પીછો કર્યો.

આ બધું અસલી વસુદેવ ને ગરુડ જોતા હતા ! ગરુડ કહે, 'મહારાજ, આ તો હદ થાય છે ! નકલી જીતે છે !'

નારાયણ કહે, 'શું કરીએ ? આપણા માહાત્મ્યનો સવાલ છે ! તું એમ કર : તું પેલા નકલી ગરુડમાં પ્રવેશ કર ને હું ક્ષણ વાર પેલા નકલી વાસુદેવમાં, ને એને જિતાડીએ. નકલીએ પણ માહાત્મ્ય જોઈને નકલ કરી છે ને ?'

સર્વ શત્રુઓનું એમ નિકંદન વળ્યું. પેલો આકાશેથી ઊતર્યો એટલે સૌએ એને ઓળખ્યો : 'અરે, આ તો વાસુદેવ નહીં, સાળવી !' પણ એનું સાહસ અપૂર્વ હતું એટલે રાજાએ એને સન્માન્યો. વાર્તાનો સાર કાઢ્યો કરટક-દમનકે કે બધે શરીરબળ ન ચાલે, યુક્તિ ને બુદ્ધિ ચલાવવી જ પડે. યુક્તિ એ પરાક્રમીનું એક મોટું સાધન છે.' - એમ કહીને પાછી કાગડીએ નાગનો કેવી રીતે પરાભવ કર્યો એની વાત માંડી. પણ એની સાથે આપણે નિસ્બત નથી. આ કથા, આમ, બહુ જૂની છે, વિષ્ણુના માહાત્મ્ય જેટલી જૂની. 'તો વિષ્ણુનું માહાત્મ્ય કેટલું જૂનું ?' એમ પૂછશો મા. વાતનેય ક્યાંક વાળવી પડે ! પણ આ કથા 'એરેબિયન નાઈટ્સ'માં છે; બોકાશિયોના 'દેકામેરોન'માં છે. 'ધ સ્કવાયર્સ ટેલ'ના નામથી ચોસરમાં છે. યુરપમાં પણ રોમન વગેરે દેવતાઓને લઈને આવી યુક્તિઓ લડાવનાર પ્રેમીઓની કથાઓ છે. જ્યાં જ્યાં પ્રેમીઓ છે ત્યાં ત્યાં આવી યુક્તિઓય છે !! ને પ્રેમ ક્યાં નથી ? □

શતાબ્દી ઉજમાળનું શિક્ષકજીવન

નલિન રાવળ

ગુજરાતના એક પ્રતિભાવંત વિદ્યાગુરુ પ્રો. ફિરોઝ કાવસજી દાવરનું આ જન્મશતાબ્દી વર્ષ વિશાળ શિષ્યગણ અને ચાહક વર્ગમાં પ્રસન્નકર સ્મૃતિઓ જગવી જશે. ગાંધીજીના આગમન સાથે રાષ્ટ્ર-નવવિધાન અર્થે શિક્ષણ, સાહિત્ય, રાજકારણ આદિ ક્ષેત્રે જે નિષ્ઠાવંત શિક્ષિતજનો કાર્યપ્રવૃત્ત થયા, તે સૌમાં સ્વતંત્ર ભારતના નિર્માણ અર્થેની અનન્ય લગન હતી. પ્રોફેસર દાવર આવી ભવ્ય જનપેઢીના એક પ્રતિનિધિ હતા. એમનું જીવન શિક્ષણને સમર્પિત. વિદ્યાવિતરણ એમની એકમાત્ર પ્રિય પ્રવૃત્તિ - કહો કે ધર્મપ્રવૃત્તિ. એમનો જન્મ અહમદનગરમાં નિવસતા દાવરકુટુંબમાં ૧૬ નવેમ્બર ૧૮૯૨નાં રોજ. પિતા કાવસજી જાહેર બાંધકામ ખાતામાં ઊંચા હોદ્દા ઉપર નેકદિલ વ્યક્તિ. માતા દીનામાય સાહિત્યના અનુરાગી. આરમઈતી ઉપનામથી લેખનકાર્ય કરતા. દાવરસાહેબ માતાપિતાનું સાતમું સંતાન. તેમની ચાર વર્ષની વયે એટલે કે ૧૮૯૬ના અરસામાં દાવરકુટુંબ અહમદનગરથી અમદાવાદ આવી વસ્યું. સાબરમતીના પૂર્વકાંઠા પર ખાનપુરના નાકા ઉપર આવેલા 'દાવર-નિવાસ' ગૃહનું વય પણ આજ શતકે પહોંચવા આવ્યું હશે. વિદ્યાર્થીજીવન અત્યંત તેજસ્વી. પ્રાથમિક - માધ્યમિક અભ્યાસ સરકારી મિડલ સ્કૂલ, આર.સી. હાઇ સ્કૂલમાં. આ અભ્યાસકાળ દરમિયાન ખુરશેદજી કોન્ટ્રાક્ટર તેમના 'આદર્શ શિક્ષક, જેમના પ્રભાવ તળે આવ્યા, જેમનું સ્મરણ તે અવારનવાર કરતા.



મુંબઈ યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા અંગ્રેજી-પર્શિયન વિષયો સાથે ૧૯૧૩માં ઉત્તિર્ણ કરી અને પોતાની માતૃસંસ્થા (Alma mater) ગુજરાત કોલેજમાં દક્ષિણા ફેલો તરીકે નિયુક્ત થયા. ૧૯૧૬માં LL.B. થયા અને પારસી વિદ્યાર્થીઓમાં Equity વિષયમાં શ્રી મંચેરજી નવરોજજી બનાજી પારિતોષિક મેળવ્યું. વકીલાતમાં રુચિ નહીં એટલે પિતાની ઇચ્છા છતાં વકીલાતનો વ્યવસાય ન સ્વીકારતા પોતાને ગમતો શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો. પૂનાની ડેકકન કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ૧૯૧૬માં જોડાયા. અહીં બે વર્ષ કામ કરી ૧૯૧૮માં ગુજરાત કોલેજમાં અંગ્રેજીના અધ્યાપનનો કાર્યભાર સંભાળ્યો. પોતાની જ વિદ્યાસંસ્થામાં ૧૯૪૭ લગી એટલે કે લગભગ ત્રણ દાયકા સુધી કામ કર્યું. આ દરમિયાન પોતે જેને અધ્યાપક તરીકેનો આદર્શ ગણતા તે સાક્ષરવર્ય આનંદશંકર ધ્રુવના ગાઢ પરિચયમાં મુકાયા અને તેમના પ્રભાવ તળે આવી એક સંસ્કારસંપન્ન અધ્યાપક તરીકે શિક્ષણના ઉચ્ચ આદર્શને મૂર્તિમંત કરતા રહ્યા.

શિક્ષણ એક કેવી મહાન સામાજિક પ્રવૃત્તિ છે અને શિક્ષક સર્વાંગી જીવનઘડતર-રાષ્ટ્રઘડતરની એક કેવી પરમ પ્રેરણામૂર્તિ છે તેનો ખ્યાલ દાવરસાહેબ જેવા શિક્ષણકારોનું જીવનકાર્ય અવલોકતાં સહેજે આવે. તેમના અધ્યાપન તળે તૈયાર થયેલા અસંખ્ય વિદ્યાર્થીઓ સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત થયા છે. તેમના વિદ્યાર્થીઓમાં જયંતિ દલાલ, રોહિત મહેતા, ઉમાશંકર જોશી આદિ વ્યક્તિવિશેષ તરીકે સન્માનિત થઈ લોકરાહબર બની પ્રકીર્તિત થયા છે. દાવરસાહેબ ગાંધીવિચારસરણીના અભ્યાસી, પણ પ્રત્યક્ષ રાજકારણથી અલિપ્ત. વિદ્યાપીઠ તેમ જ સાબરમતી આશ્રમ જતા. ગાંધીજીની પ્રાર્થનાસભામાં ક્યારેક હાજરી આપતા, વર્ગમાં 'The Saint of Sabarmati'ના ઉલ્લેખો અવારનવાર કરતા. તેમના રાષ્ટ્રવાદી વલણની નોંધ કોલેજના આચાર્ય શ્રી ફિન્ડલે શિરાઝે લીધેલી અને ચેતવણી પણ મળેલી કે તેમને આ કારણે પસ્તાવું પડશે. શ્રી શિરાઝને નીડરતાથી જવાબ વાળતા તેમણે આ શબ્દો કહેલા : 'Let me be true to myself and my motherland.' શ્રી શિરાઝ હતા ત્યાં સુધી દાવરસાહેબને પ્રમોશન ન મળ્યું. દાવરસાહેબને આનો રંજ ન હતો. તેઓ નિઃસ્પૃહ ભાવે કહેતા, 'એક Indian તરીકે મેં મારો ધર્મ બજાવ્યો; એક શાસક અમલદાર તરીકે પ્રિન્સિપાલે એમની ફરજ બજાવી.' Literary Club, Society 28 કે બઝમે અદબ જેવી સાહિત્ય બેઠકોમાં રસ લેતા. તે આગ્રહપૂર્વક સ્પષ્ટતા કરતા : 'કૉલેજસમય બાદ મારે ક્યાં ભાષણો કરવાં કે કયો અભિપ્રાય ધરાવવો અને ઉચ્ચારવો તેમાં હું મુખત્યાર છું.' અવિરામ સ્વાધ્યાય અને પ્રવચન એ તેમનો મુદ્રાલેખ. સ્વાધ્યાય દ્વારા જ્ઞાનવૃદ્ધિ અને પ્રવચન દ્વારા તેનું વિતરણ અધ્યાપકે સતત કરતા રહેવું જોઈએ એમ તે કહેતા. તેમનાં વર્ગવ્યાખ્યાનો

અભ્યાસના આજસથી ઝળાઝળા થતા. તેમના અસ્ખાલન વાક્ધારામાં પારદર્શી બુદ્ધિ ઝળહળી રહેતી. અનેક સંદર્ભોથી તે કથ્ય વિષયને સ્પષ્ટ કરતા. ગુજરાત કોલેજમાંથી તે '૪૭માં નિવૃત્ત થયા અને તરત એલ.ડી. આર્ટ્સ કોલેજમાં જોડાયા, જ્યાં ૧૯૬૬ લગી અંગ્રેજી વિભાગના વડા તરીકે અધ્યાપન કર્યું. આમ, અર્ધશતકના અધ્યાપનકાળ દરમિયાન વિદ્યાર્થીઓની ત્રણ પેઢીઓએ તેમણે અંગ્રેજી સાહિત્યનું શિક્ષણ આપ્યું. તેમના હાથ તળે તૈયાર થયેલા અનેક અભ્યાસીઓ અંગ્રેજીના ખ્યાત અધ્યાપકો છે.

જેટલો સ્વચ્છ, સુઘડ અને ચોક્સાઈભર્યો તેમનો વાણીવ્યવહાર તેટલો જ સ્વચ્છ, સુઘડ અને ચોક્સાઈભર્યો તેમનો જીવનવ્યવહાર. એ જ્યાં હોય ત્યાં સમયસર હોય. એ જ્યાં હોય ત્યાં સ્વસ્થ હોય. સવારના પાંચથી લઈ રાત્રિના દસ લગી ઘડિયાળના કાંટે કાંટે તેમના વિવિધ કાર્યની ગતિ ચાલ્યા કરતી. રોજિંદા કાર્યમાં જો સ્હેજ પણ વિલંબ થયો તો 'આ વહી ગયેલો સમય કઈ રીતે વાળી લેવો' તેની ચિંતા તેમને રહેતી. માત્ર સાંપ્રદયિક અર્થમાં નહીં, પણ એક વિશાળ અર્થમાં તે ધર્મપરાયણ હતા. પ્રાતઃવિધિ 'ગાયત્રીમંત્ર'થી આરંભાતી. 'અવસ્તા'માંથી બંદગી કરી ભગવદ્‌ગીતા અને બાઈબલની વાણીનું મનન કરતા. આ ધર્મશાસ્ત્રોના અનેક શ્લોકો તેમને કંઠસ્થ હતા. નર્મદ-ન્હાનાલાલનું પ્રિય પદ 'પ્રેમભક્તિ' તેમણે પોતાના નિવાસના નામકરણ અર્થે વિચારેલું. જરસ્થોની ધર્મ એક રીતે જોઈએ તો નિર્ગુણ બ્રહ્મને લક્ષ્ય કરે છે - અગ્નિ, સૂર્ય ચન્દ્ર, દીપ આદિ બ્રહ્મતેજનાં પ્રતીકો પારસીઓમાં ઉપાસ્ય છે. દાવરસાહેબે ઈશ્વરના આ ભર્ગરૂપને આરાધ્યું હતું. ચિંતનમનન ઉપરાંત તદ્દન નિર્વિચાર મનઃસ્થિતિ પણ તેમને પ્રિય. દરેક પ્રવૃત્તિમાં પૂરો રસ, પણ પુસ્તકો તેમના આત્માના અંતેવાસીઓ. અનેક ગ્રંથોના સંદર્ભો તે તત્કાળ આપે. આથી વિદ્યાર્થીવર્ગમાં તેમને અર્થે પ્રચલિત બીરુદ 'Walking Library.' તેમની યાદદાસ્ત એટલી તીવ્ર કે તેમના અભ્યાસ-ખંડમાંના સેંકડો ગ્રંથોમાંથી જોઈતું પુસ્તક તે તરત મેળવી લે - ઉત્તરવયમાં આંખોનું નૂર ઓછું છતાં માત્ર સ્પર્શ પરથી પુસ્તકને ઓળખી લેતા. મુઠ્ઠી પર હડપચી ઠેરવી તે વાત કરતાં હોય ત્યારે એક સાથે દૃઢતા અને વિનમ્રતાનો અનુભવ થાય. વાર્તાલાપ દરમિયાન એ જાણે આખા અંગથી ન વિચારતા હોય ! મુખ પર પથરાઈ હોઠ ઉપર અરધું છલકઈ કંઠમાં ઊતરી જતું એવું ખુલ્લું મધુર હાસ્ય તે કરતા. તમારી વાત જો તેમને સ્પર્શી ગઈ તો વહેતાં પાણી જેવી ચમક તેમની આંખમાં પથરાઈ રહેતી. તેમના ગુજરાતી ઉચ્ચારણોમાં પળેપળ ઊઘડતી મીઠાશ હતી. પારસીશાઈ લઢણ કે લહેકો તેમનાં વ્યાખ્યાનો કે વાર્તાલાપોમાં ક્યારેક ફરકી જતો. ન્હાનાલાલના તેમજ તેમની કવિતાના તે પરમ ચાહક. એક સમારંભમાં ન્હાનાલાલની કવિતા ઉપર બોલતા વિશ્વકવિતાના ઉત્તમોત્તમ કલ્પનોમાં સ્થાન પામે તેવું કલ્પન તેમણે આ પંક્તિમાં પ્રમાણેલું - 'ચંદનીથી ચીતર્યા સમીર રે'. ન્હાનાલાલને પણ દાવરસાહેબના જ્ઞાન પ્રત્યે અપાર આદર. અંદરની હૂંફથી ભરીભરી બંનેની મૈત્રી. રાસ, ગરબા અને સંગીત પ્રત્યે તેમનો લગાવ ગાઢ. જીવનની દરેક પ્રવૃત્તિમાં રસ લેવાની તેમની શક્તિને કારણે તેમની જીવનદૃષ્ટિમાં એક પ્રકારની વ્યાપક સમતાનો અનુભવ થતો. અંગ્રેજી, ફારસી, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના ગ્રંથો તુલનાત્મક દૃષ્ટિએ વાંચતા. દર્શનશાસ્ત્રો - ધર્મશાસ્ત્રોનો અભ્યાસ એક વૈચારિક ભૂમિકા તૈયાર કરવા માટે કરેલો. જીવનમાં આવેલી ગંભીર માંદગી વખતે તેમણે મૃત્યુ પર સતત ચિંતન કરેલું. દાર્શનિકોના મૃત્યુ વિષેના ચિંતનને તેમણે આત્મસાત કરી 'મોત પર મનન' નામના પ્રસિદ્ધ ગ્રંથનું લખાણ કરેલું. શ્રી અરવિંદનો અતિમનસનો સિદ્ધાંત તેમને આકર્ષી ગયેલો. પણ તેમના જીવનમાં જડાઈ ગયેલ પયગામ હોય તો તે અશો જરથુષ્ટ્રનો આ પયગામ 'સુખ તેને છે, જેનાથી સુખ બીજાને છે.'

ઉત્તર વયમાં ધાર્મિક-સાંસ્કૃતિક વ્યાખ્યાનશ્રેણીઓ આપવા તેમણે માદરે વતન ઈરાનનો બે વાર પ્રવાસ ખેડેલો. ૧૯૫૬માં તહેરાન યુનિવર્સિટીમાં નિમંત્રિત વ્યાખ્યાતા તરીકે તેમણે ઈરાનના પ્રાચીન-અર્વાચીન ઈતિહાસ પર વ્યાખ્યાનો આપેલાં. આ અભ્યાસયાત્રાના ફળરૂપ તેમણે પુસ્તક રચ્યું : Iran and India Through Ages. ૧૯૬૬માં તહેરાનમાં ભરાયેલી World Congres of Iranologistsમાં ભારતના પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપી હતી અને ઈરાનના શાહના આગ્રહથી વિશેષ વ્યાખ્યાનો આપી ઈરાન સંસ્કૃતિવિદ Iranologist તરીકે સવિશેષ ખ્યાતિ પામેલા. દાવરસાહેબે લેખનના વિષય તરીકે પુનઃ પુનઃ ઈરાનની સંસ્કૃતિ તેમજ પોતાના મૂળિયાં જે ધર્મસંસ્કારમાં છે તે જરથુસ્ત ધર્મને ચિંતવ્યો છે. 'ઈરાનનો ચેરાગ', 'જરથુસ્ત દર્શન' અને 'Iran and Its Culture' તેમનાં પ્રસ્તુત વિષયને સ્પર્શતા અન્ય ગ્રંથો છે. 'Socrates and Christ' તેમનું એક ઉત્તમ અંગ્રેજી પુસ્તક છે, જેમાં તેમણે યુરોપના બે મહાન પુરુષોએ પ્રબોધેલ તત્ત્વવિચાર અને ધર્મવિચારનો આલેખ આપ્યો છે. 'Art and Morality' તેમનાં અંગ્રેજી વિવેચનાત્મક લખાણોનો સંગ્રહ છે. જીવન કળા કરતા મહાન છે અને જે કળામાં નીતિલક્ષી જીવનમૂલ્યોનો આદર થતો હોય, તે કળાનો તે મહિમા કરતા. આથી નીતિલક્ષી સાહિત્યગ્રંથો તેમની પર્યેષણાને વિશેષ અનુકુળ આવતા. આનો અર્થ એ નથી કે તે ચોખલિયા Prudish હતા. શેક્સપીયરનાં નાટકો અને અંગ્રેજી રોમેન્ટિક કવિઓનાં કાવ્યોના રસાસ્વાદ કરાવતી વેળાએ તેમની સાહિત્યિક રસિકતા અછતી રહેતી ન હતી. એમની ચિંતનકણિકાઓ 'Reflection' નામક પુસ્તકમાં સંગૃહીત કરવામાં આવી છે.

તેમની ૭૫મી જન્મજયંતીએ યોજાયેલ અપૂર્વ અભિવાદન સમારંભ પ્રસંગે ગુજરાતની સંસ્કારસભાએ કરેલા તેમના બહુમાનના ઉત્તરરૂપે તેમણે આપેલું વ્યાખ્યાન શિક્ષણકારની ધર્મનિષ્ઠાનો અનુભવ કરાવે તેવું સમૃદ્ધ હતું. આ જ સભામાં શ્રી ઉમાશંકર જોશીએ દાવરસાહેબનું અભિવાદન ઋષિ તરીકે કરેલું. તેમની શૈક્ષણિક સેવાઓ અને તેમની વિદ્વત્તાનો પુરસ્કાર ગુજરાત યુનિવર્સિટીએ તેમને 'ડૉકટર ઑફ લિટરેચર'ની માનદ્ પદવી આપી કરેલો.

અત્યંત સોહામણા અને ઋજુ સ્વભાવના પત્ની સુનાબહેન સાથેનું દાવરસાહેબનું ગૃહજીવન પરસ્પરને પૂરક એવું આદર્શ ગૃહજીવન હતું. તેમનાં દીકરી અને બી.ડી. આર્ટ્સ કોલેજનાં હાલનાં આચાર્યા આરમઈતીબહેન દાવરે પિતાના પ્રિય ચિંતનવિષય-મૃત્યુ-ને પોતાના અભ્યાસમાં પ્રયોજી 'Death in Shakespeare' નામક શોધપ્રબંધ પીએચ.ડી. ડિગ્રી માટે તૈયાર કરેલો.

૮૯ વર્ષનું ભર્યુંભર્યું જીવન વિતાવી દાવરસાહેબે ત્રીજી ફેબ્રુઆરી ૧૯૭૮ના રોજ ચિરવિદાય લીધી. આજે જ્યારે તેમની જન્મશતાબ્દીનું વર્ષ ચાલી રહ્યું છે ત્યારે પૂજનીય પ્રેરણામૂર્તિ સમા દાવરસાહેબનું સ્મરણ બલકે પવિત્ર સ્મરણોની પરંપરા તાજી થશે. ચિત્તની બૌદ્ધિક કક્ષાને કેળવવાનું પ્રાથમિક કાર્ય શિક્ષણ કરે, પણ શિક્ષણની યથાર્થતા ચારિત્ર્યના સર્વાંગી વિકાસને સાધવામાં રહેલી છે, તેવો તેમનો સ્પષ્ટ અભિમત. કળા અને નીતિમત્તા પરત્વેના એમના વિચારોમાં પરસ્પરનાં પૂરક તત્ત્વોની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આખાય સૈકા પર પથરાયેલું કર્મઠ જીવન એ જીવી ગયા. વીસમી સદીને ઉજમાળનારા વિરલ શિક્ષણકારોમાં એમનું સ્થાન અનેક દૃષ્ટિ ચિરસ્મરણીય છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

જેઈન ઑસ્ટિન

ડૉ. મધુસૂદન પારેખ

રિચાર્ડસનની 'પામેલા' નવલકથા પછી એ ક્ષેત્રમાં અવનવા વળાંક આવતા જ રહ્યા. એમાં એક વળાંક ભૂતપ્રેતની રોમાંચક નવલકથાનો (Novel of Terror)નો હતો. એ નવલકથા-પ્રકારે તત્કાલ ઘણા વાચકોને આકર્ષ્યા. નવલકથાકાર સ્કોટે (Walter Scott)તો એ જમાનામાં ધૂમ મચાવી. પણ આ પ્રકારની રોમેન્ટિક નવલકથાની સાથે કૌટુંબિક-સામાજિક નવલકથા પણ મક્કમ પગલે ગતિ કરી રહી હતી.

મિસ ફેની બર્નેએ (Fanny or Francis Burney- ૧૭૫૩ - ૧૮૪૦)તેની ઈવલિન (Evelina ૧૭૭૮) અને સેસિલિયા (Cecilia- ૧૭૮૨) દ્વારા સમાજિક નવલકથાલેખનમાં સારું ગજું દર્શાવ્યું. તેની ચકોર અને હળવી કટાક્ષાત્મક દૃષ્ટિએ મધ્યમવર્ગના ઘરનાં કુટુંબનાં વાસ્તવિક ચિત્રો પ્રથમવાર આલેખ્યાં. પુરુષ લેખકોએ અત્યાર સુધી આલેખેલાં ચિત્રો કરતાં એ જુદાં - અનોખાં જ હતાં. એક સ્ત્રીનો દૃષ્ટિકોણ તેમાં પ્રકટતો હતો. પણ એના આલેખનમાં અનાવશ્યક વિસ્તાર અને કૌટુંબિક કથા પ્રત્યે ઝોક હતો. એની દૃષ્ટિ કુટુંબના વર્તુળમાં જ વિચરતી હતી. એની પણ જેઈન ઑસ્ટેને (Jane Austen -૧૭૭૫-૧૮૧૭) નાનકડા મધ્યમવર્ગીય સમાજના વર્તુળ પર પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરી અને પોતાના ગામનાં, પરગણાનાં સમાજચિત્રો એવી તો સ્વસ્થતાથી, હળવા કટાક્ષથી અને વાસ્તવિકતાથી આલેખ્યાં કે જે અપૂર્વ હતાં.

જેઈન ઑસ્ટિન, પરગણાના એક પાદરીની દીકરી, સારું શિક્ષણ પમેલી; અને પોતાના જ ગામની આસપાસના સમાજમાં, વાતાવરણમાં તેની જિંદગી કોઈ ખાસ ઘટના વિના જ ઘરસંભાળનાં કામોમાં વીતી. નાની વયથી જ તેણે નવલકથા રચવાનો આરંભ કરેલો અને એની ત્રણેક નવલકથાઓ તો અઢારમી સદીના અંત પહેલાં એટલે કે તેની પચીસી પૂર્વે લખાઈ ચૂકેલી; પણ તે બધી પ્રકાશિત મોડેથી થઈ : 'સેન્સ એન્ડ સેન્સિબિલિટી' (Sense and Sensibility) ૧૮૧૧માં, 'પ્રાઈડ એન્ડ પ્રેજ્યુડીસ' (Pride and Prejudice) ૧૮૧૩માં, 'મેન્સફીલ્ડ પાર્ક' (Mansfield Park) ૧૮૧૪માં, 'એમા' (Emma) ૧૮૧૬માં અને 'નોર્ધન્જટર એબી' (Northanger Abbey) તથા 'પર્સ્વેસન' (Persuasion) તેના મરણ પછી, ૧૮૧૭માં પ્રકાશિત થઈ હતી.

મિસ બર્ને કરતાં જેઈન ઑસ્ટિન વિષયની રજૂઆતની બાબતમાં વધારે ચોક્કસ છે. એની નવલકથામાં વિષય ચળાઈને આવે છે, ખપપૂરતી વિગતો જ તે વર્ણવે છે. એના અનુભવનું વર્તુલ એકદમ સીમિત છે. પરંતુ એ સીમિત વર્તુલમાં રહીને પણ પોતાની આસપાસના સમાજની રહેણીકરણીનાં, એમની સમસ્યાઓનાં, એમના દૃષ્ટિકોણનાં જે વર્ણનો આપે છે તેમાં તેની વિશિષ્ટ શક્તિ પ્રકટ થાય છે. એ નાનકડા સમાજમાં નથી અર્થનો-ધનનો અતિરેક કે નથી નરીનકરી ગરીબી. એ સામાન્ય મધ્યમવર્ગનો જ સમાજ છે. એમાં સદ્‌ગૃહસ્થો છે, પાદરીઓ છે અને સામાન્ય સ્તરના લોકો છે. એમાં પરસ્પરનો વ્યવહાર કશી આંટીઘૂંટી વિનાનો શુદ્ધ અને સરળ છે. કોઈ



મહાન ઘટનાઓ તો ત્યાં બનતી દેખાતી જ નથી. એટલે આ લેખિકાની કલમમાંથી નાટ્યાત્મકતા નીતરે જ ક્યાંથી ? એની કલમ તો બસ, વિવિધ પાત્રોનાં છાયાંકન રજૂ કરે છે. પણ એના આલેખનમાં જે વાસ્તવ છે તેની પાછળની માનસશાસ્ત્રીય દૃષ્ટિ અનેરી, અનોખી છે. રિચાર્ડસનની કલમ કરતાં જેઈનની કલમ ચિત્રો આલેખવામાં વધુ સૂક્ષ્મ છે; એનું કારણ છે - ઊર્મિલતા અને કરુણતાના ગાઢ રંગોના વળગણથી તે મુક્ત છે. જેઈન નિરાંતે, મુક્તપણે પરિસ્થિતિઓ આલેખે છે અને એમાં વાસ્તવિકતાનો વિશેષ સ્પર્શ વરતાય છે. પાત્રોનાં, તેમના પરસ્પર વટવ્યવહારનાં, તેમના કલહ-કંકાસનાં, સ્નેહસંબંધોનાં વિવિધ ચિત્રો ભાવકને સદ્ય પ્રસન્ન કરી મૂકે છે, અને રસિક, માર્મિક વાર્તાલાપો-સંવાદો એ તો જેઈનની કલાની આગવી વિશેષતા છે.

જેઈનમાં જાણે કે પરકાયાપ્રવેશની વિદ્યા હોય તેમ તે ચરિત્રોનાં આંતર વ્યક્તિત્વને સ્ફુટ કરે છે. એનું સમાજનિરીક્ષણ તેમજ માનવસ્વભાવનું અવલોકન સૂક્ષ્મ અને વેધક છે. આત્મપ્રેમમાં રાચનારા મનુષ્યોનાં ચિત્તની આંટીઘૂંટીઓ, એમના મિથ્યાચારો, એમની સૂક્ષ્મ સ્વાર્થવૃત્તિને એ તટસ્થતાથી, ઠરેલતાથી એવી તો આસાનીથી દર્શાવે કે સૂચવી દે છે કે લેખિકાની અંગત રુચિ-અરુચિનો અણસાર પણ આવતો નથી. સર્જકનું તાટસ્થ્ય જેવું જેઈન ઑસ્ટિનમાં છે તેવું વિરલ ગણાય. પણ આ સર્વ વૃત્તિના આલેખનમાં અવારનવાર પક્વ કલમમાંથી સૂચવાતો હળવો કટાક્ષ વચકને ખાસ અપીલ કરી જાય છે. આ કટાક્ષવૃત્તિ એ તેની મુખ્ય શક્તિ છે.

રિચાર્ડસનથી માંડીને મિસબર્ને સુધીનાં સર્જકોમાં પ્રકટતી લાગણીની ભરતીનો અહીં સર્વથા અભાવ છે. જેઈન ઑસ્ટિનની બૌદ્ધિકતા અને તર્કશીલતા વાચકનું ખાસ ધ્યાન આકર્ષી લે છે - કોઈ પ્રશિષ્ટ સર્જકની હેસિયતથી તે કથાની ઇમારત ચણે છે, રોમેન્ટિક વલણોથી જાણે તે સાવ અપરિચિત છે - એની આસપાસ એવી રોમેન્ટિક કૃતિઓ ઘૂમતી હોવાં છતાં.

જેઈન 'નોર્ધન્જર એબી' નવકલથામાં કૃત્રિમ જીવન જીવનારા, આત્મપ્રતારણામાં રાચતા મધ્યમવર્ગીય કુટુંબનો ચિતાર આપે છે. એ પોતે ઊંચા સંપન્નવર્ગના મોભાદાર માણસો હોવાનો ડોળ દમામ રાખે છે અને પ્રેમસંબંધ અથવા લગ્નસંબંધમાં પણ સામી વ્યક્તિની સુશીલતા અગર નીતિમત્તાનો નહિ, પણ સમાજમાં એનો મોભો કેવો છે, એની ધનસંપત્તિ કેવી છે તેનો ખ્યાલ રાખે છે. આ નવલકથાનું વસ્તુ સાદું અને નીરસ લાગે; જેઈન ઑસ્ટિને ઘટનાઓને નાટ્યાત્મક બનાવવાનો અગર તો પાત્રોના

લાગણીવેડા દર્શાવવાનો ક્યાંય પ્રયત્ન કર્યો નથી; નવલકથાને લોકપ્રિય બનાવવાની તરકીબો તેમણે પ્રયોજી નથી; છતાં કથા જીવંત લાગે છે; કારણ જે જીવન પોતે જીવી રહી હતી તેવા આસપાસના રોજિંદા જીવનને જ કેન્દ્રમાં રાખીને કટાક્ષપૂર્વક તેણે એવા જીવનનો મર્મ સ્ફુટ કરી દીધો છે. એક પ્રકારની સમભાવપૂર્વકની સમજ નવલકથામાં સતત પ્રવર્તતી દેખાય છે. 'સેન્સ એન્ડ સેન્સિબિલિટી'માં મૃત પિતાની બે, એકબીજીથી અલગ પ્રકૃતિ ધરાવતી બહેનોને કેન્દ્રમાં રાખીને લેખિકાએ એમની દ્વારા તત્કાલીન સમાજના તેમના ચિત્ત પર પડેલા આઘાત-પ્રત્યાઘાતનું સ્વસ્થ કલમે સુરેખ ચિત્ર આલેખ્યું છે. મૉરિયાને (Marianne) આ નવલકથાની નાયિકા જીવનમાં રંગીનતાની ચાહક છે, સંવેદનશીલ છે. એક યુવાન સાથે તે ઉત્કટ પ્રેમથી સંકળાય છે, પણ એ યુવાન કંઈક અકળ કારણોસર તેનો દ્રોહ કરે છે; અને નાયિકા એ પ્રેમીની અગાઉ પોતે એક પ્રૌઢ સાથે સંબંધમાં આવી હતી. (જો કે તેને પ્રેમી તરીકે કદી જોયો નહોતો) તેની સાથે લગ્ન કરી સંસારનું સંયમશોભનું સુખ માણે છે. એની બહેન એલિનર (Elinor) લાગણીની બાબતમાં સાવધાન અને સંયમી છે, અંગત ઊર્મિઓને નિયંત્રણમાં રાખી શકે છે. તેની સહાયથી જ તેની બહેનનો લગ્નનો માર્ગ સુગમ બને છે.

અહીં પણ વિષયવસ્તુ નાનકડા વર્તુલમાં વિચરતું સીમિત છે. પાત્રો પણ વસ્તુની જરૂરિયાત પૂરતાં મર્યાદિત છે. પણ નવલકથની કલા આસાનીપૂર્વક ચીવટ અને ચોક્સાઈથી આલેખાયેલી પરિસ્થિતિઓમાં અને એ પરિસ્થિતિમાં કાર્યરત બનતાં પાત્રોના મનોભાવના આલેખનમાં છે. અને કટાક્ષનું તત્ત્વ તો લેખિકાની અનોખી શિષ્ટ રીતિનું દ્યોતક છે : થોડાંક વાક્યોમાં અથવા તો એકાદ પરિચ્છેદમાં અર્થપૂર્ણ ચિત્ર ઉપસાવવાની લેખિકાની કલા અદ્‌ભુત છે, જો કે અગાઉની નવલકથામાં જે 'યુનિવર્સલ અપીલ' હતી તે અહીં નથી.

'પ્રાઈડ એન્ડ પ્રેજ્યુડીસ' એ જેઈન ઑસ્ટિનની ઉત્તમ નવલકથા તરીકે પ્રસિદ્ધિ પામી છે. (ગુજરાતમાં પણ તે 'વહેમી વનિતા' શીર્ષકથી અનૂદિત થઈ છે.) શિલ્પ અને શૈલીનો ઉત્તમ સમન્વય આ નવલકથામાં જ પામી શકાય. એમાં સ્વમાનના તીવ્ર ભાનવાળી યુવતી ઈલિઝાબેથ (Elizabeth) પોતાના પ્રેમી યુવાન 'ડાર્સી' (Darcy)ની લગ્ન વિશેની માગણી એટલા માટે ઠુકરાવે છે કે એ યુવાન તેના પરિવારની અવમાનના કરે છે. આ નવલકથાનાં વિવિધ પાત્રો - ચોકઠાં ગોઠવનારી મિસિસ બેનેટ (Mrs Bennet), મિજાજે આક્રમક એવી 'મહાન સન્નારી' કેથેરીન દ બોર (Catherine de Bourgh), આનંદી, ચતુર અને સ્વાભિમાનમાં શ્રીમંત કુટુંબના નબીરા ડાર્સી (Darcy)થી જરાય ઊતરે નહિ તેવી ઈલિઝાબેથ, મૂર્ખતાના પ્રતિનિધિ સમો કૉલિન્સ (Collins) - અને એમની મનોવૃત્તિઓ પર લેખિકાએ અહીં એવો પ્રકાશ પાડ્યો છે કે રસિક વાચક તેની કલાથી મુગ્ધ બની રહે છે. જેઈન ઑસ્ટિનની હાસ્ય નિષ્પન્ન કરવાની શક્તિ, કટાક્ષકળા, સચોટ માર્મિક સંવાદો યોજવાની કુશળતા, વિવિધ ચિત્રાત્મક પરિસ્થિતિઓ અને દશ્યો ઉપજાવવાની તથા પ્રતિભા અને એની ઠરેલ પ્રજ્ઞાનો અહીં ઉત્તમ પરિચય મળી રહે છે.

લેખિકાએ પોતે આ નવલકથા વિશે નોંધ્યું છે કે it 'is rather too light, and bright and sparkling; it wants shade.'


કદાચ આ નવલકથાની લોકપ્રિયતાનું કારણ એના આ વિધાનમાં રહેલું છે. મિસિસ બેનેટમાં પોતાની સુંદર, ચતુર છતાં પૈસેટકે મધ્યમ એવી દીકરીઓને ઠેકાણે પાડવાની તીવ્ર ઇચ્છા અને એના ઉદ્‌ગારો દ્વારા, પ્રયત્નો દ્વારા પ્રકટતું તેનું હાસ્યપ્રેરક ચરિત્ર વાચકોને અનેરી લિજ્જત પૂરી પાડે છે. અને મિસિસ બેનેટની પુત્રીઓ વિવિધ મોભો અથવા સ્વભાવ ધરાવતાં સમાજનાં પાત્રો સાથે પરિચયમાં આવે છે. અભિગમ અને પૂર્વગ્રહો (Pride and Prejudices) એ સંબંધોમાં અવરોધક બને છે. વળી, તેમાંથી નવા ફણગા ફૂટે છે, નવી નવી તડજોડ થાય છે. આ સર્વ સામાજિક ઘટનાઓનું કુતૂહલપ્રેરક રસિક અને ચિત્રાત્મક આલેખન આ ઉત્તમ કૃતિમાં છે.

'મેન્સફીલ્ડ પાર્ક' વળી એક જુદું ચિત્ર રજૂ કરે છે. અહીં નાયિકા ફેની પ્રાઈસ (Fanny Price) 'પ્રાઈડ એન્ડ પ્રેજ્યુડીસ'ની નાયિકા ઈલિઝાબેથ જેવી પ્રતિભાશાળી નથી; તે નમ્ર છે, ગરીબ છે, પૈસાપાત્ર પિતરાઈઓમાં તે ઊછરી છે. જેઈનની તમામ નાયિકાઓમાં સહુથી નિષ્ક્રિય કોઈ હોય તો આ ફેની છે. એ બીજાના નિર્ણયો પર જ જીવે છે તેમ છતાં તેનું નૈતિક બળ આશ્ચર્યપ્રેરક છે. અનેક યુવતીઓની નજરમાં વસેલા આકર્ષક અને છટાદાર હેન્રી ક્રૉફર્ડ (Henry Crawford)ની લગ્નની માગણીનો તે અનેક વડીલોનાં દબાણ છતાં અસ્વીકાર કરી શકે છે.

પણ 'પ્રાઈડ એન્ડ પ્રેજ્યુડીસ'ના વાચકોને 'એમા' નવલકથા જરૂર ગમશે. નવલકથાની નાયિકા એમા શ્રીમંત કુટુંબની ચતુર યુવતી છે, પણ પરાયા લોકોને પોતે પલકમાં પામી જઈ શકે છે એવા ઘમંડમાં અને પોતાના સમકક્ષ સાથે તેમજ નિમ્ન કક્ષાના વિવિધ માણસો સાથે ઘાલમેલ કરવામાં તે ભ્રમણામાં સપડાય છે અને એ ભ્રમણાઓ ભાંગી જતાં તેના ચિત્તને જબરી ચોટ લાગે છે; પણ એમાંથી જ તેને જેઈની ઊણપ હતી એવો સ્વાનુભવ મળી રહે છે.

'પર્સ્વેસન' નવલકથામાં વિચારની ઉષ્મા વિશેષ ધ્યાન ખેંચી રહે છે. જો કે લાગણીની નજાકત પણ વાચકોને સ્પર્શી જશે. એન એલિયટ (Anne Elliot) આ કથાનું મુખ્ય પાત્ર છે અને એના અંતરની લાગણીને અહીં સમર્થ અભિવ્યક્તિ મળી છે. કથામાં લેખિકાનું દૃષ્ટિબિંદુ - સામાજિક દરજ્જાની ઉચ્ચાવચતા ઈષ્ટ નથી - પ્રકટ થતું જોઈ શકાય. □

જેઈન ઑસ્ટિને જ્યાં જીવનનાં છેલ્લાં આઠ વર્ષ ગાળ્યાં હતાં તે ચૉટન ગામમાંનું મકાન





... સીતાજી, લક્ષ્મણજી અને હનુમાન ...


કચ્છ અને રામરાંધ

(કલાવાર્તા)

ઈતિહાસ, ભૂગોળ, ભાષા, સંસ્કૃતિ, જનસમાજ અને રસમોરિવાજ તથા કલાકૌશલ વગેરે અનેક દૃષ્ટિએ ગુજરાતમાં કચ્છ એક આગવો જ પ્રદેશ રહ્યો છે. લગભગ સૂકા રણ જેવા આ પ્રદેશમાં મુખ્યત્વે સાધારણ ખેતી પર અહીંની સીધી સરળ પણ સાહસિક પ્રજાનો ખમીરવંતો ઈતિહાસ, એમની દરિયાખેડોનાં સાહસો, દૂર દેશાવરોમાંથી શીખી આણેલા કસબનો દેશમાં કરેલો વિકાસ વગેરેની કથા કચ્છીઓને અનોખું ગૌરવ અપાવે છે. અગાઉ 'કુમાર'માં શ્રી રામસિંહજી રાઠોડે એનો વિસ્તૃત પરિચય કરાવ્યો છે. તેનાથી 'કુમાર'ના વાચકો પરિચિત તો છે જ. 'કચ્છનું સંસ્કૃતિદર્શન' નામે એ લેખો તથા અન્ય સામગ્રી તથા મબલખ ચિત્રો સાથેનું એમનું પુસ્તક ૧૯૫૯માં પ્રકટ થયું. '૬૧માં તેને રાષ્ટ્રપતિના પારિતોષિક સાથે સાહિત્ય અકાદમીનો અવૉર્ડ પણ મળ્યો. એ પહેલાં દ્વિભાષી મુંબઈ રાજ્યનું સાહિત્યનું પારિતોષિક તથા '૬રમાં ગુજરાત સાહિત્યસભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક પણ મળ્યો. આ ઉપરાંત કચ્છ પ્રત્યેની અનહદ ચાહનાથી પ્રેરાઈ એમણે કચ્છના ખૂણેખૂણે ફરી વળી કચ્છ વિષેની મબલખ સામગ્રી એકઠી કરવા સાથે કચ્છી કળાના લોકમેળા ને ઉત્સવોનું પણ આયોજન કર્યું અને કચ્છના સંગ્રહસ્થાનોને પણ સુવ્યવસ્થિત સ્વરૂપ આપી કચ્છી કળાની સમૃદ્ધિને પ્રકાશમાં આણી છે.

કચ્છ અંગે પોતે એકઠી કરેલી મબલખ સામગ્રીને સર્વજનહિતાય એમણે ભુજમાં 'ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી તે ભેટ આપી દીધી છે. અને એનું એક ટ્રસ્ટ રચી તેને ઉત્તરોત્તર વધુ સમૃદ્ધ બનાવવામાં પ્રવૃત્ત છે. આ ફાઉન્ડેશન દ્વારા 'કચ્છ એન્ડ રામરાંધ' (કચ્છ અને રામરાંધ) નામે એક અત્યંત સુંદર અને માહિતીથી ભરપુર પુસ્તક પ્રકટ કર્યું છે, જેમાં કચ્છી રામરાંધનો વિસ્તૃત અને મબલખ રંગીન ચિત્રો-સાથેનો પરિચય અને રામરાંધને કેન્દ્રમાં રાખીને કચ્છનાં અનેક પાસાંનો અભ્યસનીય પરિચય કરાવ્યો છે.

રામરાંધ એ કચ્છી લોકનાટ્યનું એક અંગ છે. તેમાં વર્ણવાતી રામકથાનો સમગ્ર કચ્છ ઉપર વ્યાપક પ્રભાવ રહ્યો છે. રામલીલામાં જે અર્થ 'લીલા'નો છે એવો જ અર્થ રામરાંધમાં રાંધનો છે. મૂળ કચ્છી ભાષામાં રચાયેલ આ રામરાંધરૂપ લોકરામાયણનો બહુ ઊંડો પ્રભાવ છે. મૂળ તો દિવાળી પછી 'રામમોલ' (નવો પાક) ખળામાં આવે ત્યારે રામરાંધની ભજવણી કરતા 'પેડા' ગામેગામ ફરી રાતે રામરાંધ ભજવે. કચ્છભી જંતર અને અન્ય કચ્છી વાદ્યોના સૂર સાથે પાંચેક જણની ટોળીનો નાયક રામરાંધ ગાય અને અન્ય જનો તેની લોકપરંપરા પ્રમાણે ભજવણી કરે. બદલામાં એમને નવધાન્યમાંથી એમનો 'લાગો' અપાય. બદલાતા સમયમાં આજે તો પરંપરા નહિવત્ બનની ગઈ છે, પણ એ રામરાંધ - લોકરામાયણની કથા



કચ્છની લોકકળામાં રામાયણનો મોટો મહિમા છે. કચ્છના લોકનાટકમાં, ગૃહશણગારમાં તેમજ ચાકળા ચંદરવા જેવાં રોજિંદા વપરાશનાં ભરતગૂંથણ વગેરેમાં વ્યાપકપણે તે પ્રતિબિંબિત થાય છે. ઘરના મુખ્ય પ્રવેશદ્વારવાળી ભીંત ઉપર લટકાવાના ભરત ભરેલા લાંબા વસ્ત્રપટ એટલે કે 'પછીતપાટી'નો એક નમૂનો ઉપર દર્શાવ્યો છે. ઓગણીસ ફુટ લાંબી આ પછીતપાટી મોતીભરતથી ભરી છે અને સ્વાભાવિક જ તેમાં રામાયણના વિવિધ પ્રસંગો ગૂંથી લેવાયા છે. પછીતપાટીના આ ભાગમાં હાથમાં હાથ પરોવી લગ્નમંડપમાં બાજઠ ઉપર બેઠેલાં રામ-સીતાના લગ્નોત્સવમાં આનંદની સ્ત્રીઓ દર્શાવી છે. આ જ રીતે હીરભરત તેમજ આરી ભરત ભરેલા કચ્છી ચાકળામાં પણ રામાયણના વિવિધ પ્રસંગો જોવા મળે છે. કચ્છી શોભનાકૃતિઓ સાથે માનવપાત્રો, પ્રાણીઓ, વનવાટિકા તેમજ શુભાકૃતિઓની સરળ છતાં સચોટ રજૂઆતમાં ત્યાંની લોકકળાનાં આગવાં દર્શન થાય છે. આટલું જ નહીં, કચ્છમાં ટપાલના પોસ્ટકાર્ડ ઉપર પણ રામાયણનાં ચિત્રો છપાતાં. ઈ. ૧૯૦૬ની ૧૨ ડિસેમ્બરે લક્ષ્મણગઢથી પોસ્ટ થયેલા એવા એક પોસ્ટકાર્ડનો નમૂનો નીચે આપ્યો છે, જેના પર રામના નામ સાથે રામદરબારનું ચિત્ર છાપેલું છે. એ કાળે માત્ર ત્રણ પાઈ (=૧/૬૪ રૂપિયો)માં પોસ્ટકાર્ડ ટપાલમાં જતું.

ચિત્રાવલી રૂપે હજી જળવાઈ રહી છે. કચ્છની આગવી લોકશૈલીમાં રામરાંધના છૂટક છૂટક પ્રસંગો તેમ જ તેનાં પાત્રોનું ઘરની ભીંતના લીંપણ ઉપર કરેલું આલેખન શુકનવંતું ગણાઈ હજીએ ક્યાંક ક્યાંક જોવા મળે છે. એટલું જ નહીં કચ્છી નારી પોતાના રોજિંદા વપરાશના ચાકળા વગેરેમાં પણ હીર-મોતીથી ભરતમાં ઉતારતી રહી છે.

પણ સમગ્ર રામરાંધનું આલેખન તો તેરા ગામના દરબાર ગઢમાં સચવાએલું છે. અહીં આ લોકરામાયણને વર્ણવતાં ભીંતચિત્રોની એક સળંગ હારમાળા છે. જે કાળે તેનું આલેખન થયું એ સમયમાં ઉત્તમ કહી શકાય તેવાં આ ચિત્રો છે. ભારતીય લોકપરંપરાની તે ચિત્રરીતિમાં કચ્છી કમાંગીરીની હૈયાઉકલતવાળો અભિગમ તેમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

ભુજથી ૮૫ કિલોમીટર દૂર છબાસર, સુમરાસર અને ચનાસરના કાંઠા પર અબડાસા તાલુકામાં તેરા વસેલું છે. મહારાવ દેશળજી બીજાના ફટાયા કુંવર હમીરજી (ગગુભા)ને તેરાનો ગિરાસ મળ્યો ત્યારે તેરામાં એમણે વિશાળ દરબારગઢ બંધાવ્યો. તેની ડેલીમાં એક આવાસ છે. આ આવાસના આગળના ભાગે કચેરીનો એક મોટો ઓરડો છે અને તેની પાછળ અંદરના એમના શયનખંડમાં ફરતી ચારે ભીંતો ઉપર સળંગ પટ્ટીમાં સંપૂર્ણ રામરાંધનું આલેખન છે. એક છેડે રાજા દશરથના પુત્રકામેષ્ઠિ યજ્ઞના પ્રસંગથી આરંભી





આષાઢી બીજ, કોઠારાના જૈન મંદિરમાંનું એક સંજ્ઞાત્મક આલેખન.

આષાઢી બીજ એટલે કચ્છના નૂતનવર્ષનો આરંભ. કચ્છી પ્રજામાં તેનો ઘણો મહિમા છે. બહુ આનંદ-ઉત્સાહથી તે ઉજવાય છે. ચોમાસાનો એ આરંભ. 'રામમોલ' - રામકૃપાથી મળતો મોલ - અનાજ, એની વાવણીનો એ આરંભકાળ. મોટા ખેડૂતો કે જમીનદારો 'બિજલા'ને પોતાને આંગણે બોલાવે. નવા લીંપેલા આંગણામાં માનપાનથી સ્વાગત કરી ત્યાં બેસાડે. ધોતી, જામો, ખેસ અને કચ્છી પાઘડીધારી આ બિજલા આશીર્વચનો બોલીને બેસે. ઘીનો દીવો પ્રકટાવાય, આશાપુરી હીરકણીનો ધૂપ થાય, શકામોલ વાવણીના બાજરાનો શ્રી આશરે પથરાવ થાય, બિજલા સૌને રામનામનું તિલક કરે, લાપશીનું નૈવેદ્ય ધરાય ને સૌ તેનો પ્રસાદ લે, રામધૂન બોલાય અને બિજલા ધૂણીને રામના નામે રામમોલને આશિષ આપે ને પાંચ રામભજન ગાય અને સારી ફસલ માટે સર્વશક્તિમાન ભગવાન રામને પ્રાર્થના કરે. આમ, કચ્છી લોકજીવનમાં રામ અને રામાયણનો મહિમા સર્વત્ર પ્રસરિત છે.

ખંડની ચારે ભીંતો ઉપર કંદોરાબંધ ચિત્રપટ્ટીમાં સળંગ રામકથાનું આ લગભગ પોણોસો ફુટ જેટલું લાંબુ આલેખન રામ-રાજ્યાભિષેક સાથે પૂરું થાય છે. કચ્છી કમાંગરીનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રામના પરમ ભક્ત ગગુભાએ સવારમાં ઊઠતાં વેંત જ રામના દર્શન થાય એ ઉદ્દેશથી શયનખંડમાં રામરાંધ ચિતરાવી હતી.

તેરાની રામરાંધની આ ચિત્રપટ્ટી પરથી જ અસલ એવા જ સ્વરૂપમાં રામસિંહજીએ 'ભારતીય સંસ્કૃતિદર્શન'માં ભીંત ઉપર તેનું આલેખન કરાવીને જાહેર પ્રજાને તેનું દર્શન લભ્ય બનાવ્યું છે. આ રામરાંધનો સર્વાંગ પરિચય, તેની ચિત્રરીતિની સમજ અને આસ્વાદ આપવા સાથે એમણે આ પુસ્તકમાં એનાં સંખ્યાબંધ રંગીન ચિત્રો સાથે સંપૂર્ણ રામરાંધનો પ્રત્યેક પ્રસંગ વર્ણવ્યો છે. આ ઉપરાંત, કચ્છની પરંપરિત કળા, ભરતકામ, નાટ્યકલા અને લોકસાહિત્યને વધુ સ્પષ્ટ પણે સમજાવ્યાં છે. મૂળ કચ્છી રામરાંધ સાથે તેનો ગુજરાતી અનુવાદ તથા રામરાંધના પ્રત્યેક ચિત્ર સાથે અંગ્રેજીમાં તેની સમજ આપી છે. એટલું જ નહીં પણ આ વિષય સાથે એક યા બીજી રીતે સંકળાતી ચિત્રો સાથેની જે માહિતી અને ઓળખ આપી છે તેના દ્વારા કચ્છ અને તેની લોકપરંપરાની સંસ્કૃતિનો પણ ઘણો સારો પરિચય મળે છે. પુસ્તકમાં ૯૬ જેટલાં પૂર્ણરંગી ચિત્રો, ૬ નકશા, ૬૦ જેટલાં સ્થળવિશેષ અને વ્યક્તિ-વિશેષનાં ફોટોચિત્રો, ૫૫ જેટલાં એકરંગી ચિત્રો અને ૫૦ જેટલાં રામરાંધ અને કચ્છી લોકકલાને લગતાં શોભાંકનોથી પુસ્તકને માહિતી અને ચિત્રોથી સમૃદ્ધ બનાવ્યું છે. એમાંની જરાશી વાનગી રૂપે થોડી ચિત્રસામગ્રી અમે આ સાથે આપી છે, પણ 'કચ્છ અને રામરાંધ'ના આ પુસ્તકને ખરો ન્યાય અને મૂલ્યાંકન તો પુસ્તક જોયા પછી થઈ શકે. પાકી બાંધણીમાં બંધાએલાં ૮ .3/૪ X ૯. 3/૪ ઈંચના કદમાં પૂર્ણત: આર્ટપેપર ઉપર પાને પાને ચિત્રો સહિત છપાએલા આ પુસ્તકની કિંમત રૂ ૬૦૦ છે.

આપણી લોકસંસ્કૃતિને આ બહુમૂલ્ય અર્પણ છે.

પ્રકાશક : ભારતીય સંસ્કૃતિ દર્શન ફાઉન્ડેશન - ભુજ (કચ્છ).

□

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૧૩૭ પરથી

માટે કાશ્મીર, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના મળી કુલ ૯૮ કલાકારોને આમંત્રણ અપાએલું. એમાંથી ૫૮ કલાકારોએ ભાગ લીધો હતો. આ પ્રદર્શન માટે કલાકારોએ સ્વેચ્છાએ પસંદ કરેલી પોતાની કૃતિઓ મોકલવાની હતી એટલે પ્રદર્શન સુંદર અને વૈવિધ્યપૂર્ણ રહ્યું. પ્રત્યેક કૃતિનું નિજી તત્ત્વ ભાવકને માટે આકર્ષણરૂપ રહ્યું અને કૃતિઓનું વેચાણ પણ સારું રહેલું. ગુજરાત ખાતે આ પ્રદર્શન યોજાયા પછી હવે પ્રતિવર્ષ ગુજરાતના કલાકારો પણ તેમાં ભાગ લઈ શકશે.

લખનૌનું કેન્દ્ર મધ્યસ્થ લલિતકલાનું પ્રાદેશિક કેન્દ્ર હોઈ ભારત સરકાર તેને દસ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપે છે. કલાકારોના કેમ્પ, સેમિનાર, ગ્રાફિક્સ તેમ જ પોટરીના વર્કશોપ, ફોટોકલા પ્રદર્શન તેમ જ આવાં કલાકારોએ પોતે જ ચૂંટીને મોકલેલી પોતાની કૃતિઓનાં પ્રદર્શન વગેરે વિધવિધ પ્રવૃત્તિઓ આ કેન્દ્ર કરતું રહે છે.

અમદાવાદના આ પ્રદર્શનમાં પ્રણાલિગત લઢણથી માંડીને અદ્યતન કલાના પ્રવાહોથી પ્રભાવિત કલાકૃતિઓ રજૂ થઈ હતી. કલાકૃતિ કઈ શૈલીની છે તેના કરતાં તેમાં કલાતત્ત્વ કેટલું છે તેનું મહત્ત્વ છે. નાથુલાલ વર્માની ભારતીય પરંપરામાં સર્જાએલી 'પતંગ' કૃતિ સહેજે પ્રશંસનીય રહી. ચિત્રમાં અવકાશનો સરસ ઉપયોગ કરવા સાથે એમણે તેમાં સુંદર રંગવિધાન દર્શાવ્યું હતું.

પ્રદર્શનમાં શિલ્પો પણ હતાં, જેના પરથી આજના શિલ્પકારોના નવા અભિગમો અને પ્રયોગશીલતાનો પણ ખ્યાલ મળતો હતો. વિવિધ માધ્યમોમાં રજૂ થયેલી શિલ્પકૃતિઓમાં જે તે માધ્યમ પરનો તેમનો કાબૂ તથા વિષયનું નાવીન્ય ધ્યાન ખેંચતું હતું.

આમ, ગમ્યથી અગમ્ય સુધીની યાત્રા કરાવતી આ પ્રદર્શનમાં રજૂ થએલી વિધવિધ કલાકૃતિઓમાં પ્રયોગશીલતાભર્યો અભિગમ પ્રકટ થતો હતો. આજના યુગમાં કલાકારોની ગતિવિધિ કઈ દિશાજાણવા નાણવામાણવા મળે છે.


નટુ પરીખ



ઇમેજ (ચિત્રકાર કિશન વીકામળે - અમદાવાદ) પરિચિત આકારોની અગમ્ય સૃષ્ટિ




પતંગિયા (જગમલ વર્મા-જયપુર) ભારતીય પરંપરાની ઢબે જાણીતા વિષયની નવીન રજૂઆત.



વૃષભ (વિનોદ સિંગ-બનારસ) સબળ સંયોજનવાળું શિલ્પ. કાળા પથ્થર સાથે એલ્યુમિનિયમનો ઉપયોગ.



ગાય (અનંત મહેતા - અમદાવાદ) ભાવુક પાત્રો સાથેનું સુંદર સબળ સંયોજન



એક્સ્પ્રેશન - ૯૨ (હિતેશકુમાર દેસાઈ - નડિયાદ) અવકાશના અમૂર્ત સાથે કલ્પનાશીલતા

પાંચમું ઉત્તરક્ષેત્રીય પ્રદર્શન એ અમદાવાદને આંગણે અનોખો અવસર હતો. માત્ર વાણિજ્યનગર તરીકે પંકાએલા આ શહેરે કલાક્ષેત્રે પણ હવે આગવી લગન અને સૂઝ દાખવવા માંડ્યાં છે તે આ પ્રકારનાં પ્રદર્શનોનું આયોજન, તેમાં રજૂ થતી કલાકૃતિઓને મોંઘા દામે પણ ખરીદવા આગળ આવતા કલાગ્રાહકોની સંખ્યા પરથી પ્રતીત થાય છે. આ પ્રકારનાં પ્રદર્શનો પ્રજાનાં રસરુચિનું ઘડતર, સંવર્ધન અને સંમાર્જન કરવામાં સહાયભૂત થતાં હોઈ ખૂબ જ આવકાર્ય છે.

વર્ષો પછી અમદાવાદમાં આવું અખિલ ભારતીય સ્તરનું કલા-પ્રદર્શન યોજાયું. મધ્યસ્થ લલિતકલા અકાદમી - નવી દિલ્હી, લખનૌ કલાકેન્દ્ર અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે અહીંની રવિશંકર રાવળ આર્ટ ગેલરિમાં યોજાએલા આ પ્રદર્શન

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૯ પર)

નરેશ મેહતાને જ્ઞાનપીઠ પુરસ્કાર

ભોળાભાઈ પટેલ

હિન્દી સાહિત્યકાર નરેશ મેહતાને તેમની સમગ્ર સાહિત્ય સેવાને સંદર્ભે ઉત્તમ ભારતીય સાહિત્યકાર તરીકેનો ૧૯૯૨ના વર્ષનો જ્ઞાનપીઠ પુરસ્કાર મળવાની ઘોષણા થઈ છે. તેમના અગાઉ ગયા વર્ષે બંગાળી કવિ સુભાષ મુખોપાધ્યાયને આ પુરસ્કાર મળેલો.

નરેશ મેહતાને આપણે તો નરેશ મેહતા કહેવાના. મૂળે ગુજરાતના પણ અનેક પેઢીઓ પહેલાં તેમના પૂર્વજોએ મધ્યપ્રદેશમાં સ્થળાંતર કર્યું હશે. નરેશ મેહતાનો જન્મ ૧૯૨૨માં ૧૫મી ફેબ્રુઆરીના રોજ માળવાના શાજાપુરમાં એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. ઈન્ટર સુધીનો અભ્યાસ ઉજ્જૈનમાં કર્યો, તે પછી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. ૧૯૪૨ની સ્વતંત્રતાની લડતમાં ભાગ લીધો હતો. તે પછી પણ કૉન્ગ્રેસ અને કૉમ્યુનિસ્ટ પાર્ટીમાં સક્રિય રહ્યા હતા. પરંતુ તેમના જીવનનો ઘણો બધો સમય પણ અલ્લાહાબાદમાં વીત્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષો ઉજ્જૈનમાં વિક્રમ યુનિવર્સિટીના પરિસરમાં પ્રેમચંદ સૃજન પીઠના નિદેશક તરીકે રહી અત્યારે એક દૈનિકના તંત્રી તરીકે સેવાઓ આપે છે.



નરેશ મેહતા મુખ્યત્વે તો કવિ છે, પણ નવલકથાકાર તરીકે પણ હિન્દી સાહિત્યમાં તેમણે નામનાં કાઢી છે. ઉપરાંત ટૂંકી વાર્તા, નાટક એકાંકી, ભ્રમણવૃત્ત વગેરે સાહિત્ય સ્વરૂપોમાં પણ સફળતાપૂર્વક લખ્યું છે.

કવિ તરીકે નરેશ મેહતા શ્રી અજ્ઞેય પ્રવર્તિત 'પ્રયોગવાદી' અને તે પછી નઈ કવિતા કાવ્યધારાના એક અગ્રણી કવિ તરીકે પ્રસ્થાપિત થયા હતા. તેમના 'તારસપ્તક'માં પ્રકટ થયેલાં અને પછી 'બનપાખી સુનો' અને 'બોલને દો ચીડ કો' એ બે કાવ્ય સંગ્રહોનાં કાવ્યોમાંના કલ્પનોની તાજગી અને ભાષાગત સૌંદર્યથી સમકાલીનોમાં કવિ તરીકે જુદા તરી આવ્યા. તે પછી 'ઉત્સવા', 'તુમ મેરા મૌન હો' અને 'અરણ્યા' સંગ્રહો પ્રકટ થયા. 'અરણ્યા' માટે તેમને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો.

'સંશય કી એક રાત' અને 'મહાપ્રસ્થાન' ને તેઓ ખંડકાવ્ય કહે છે, પણ આપણે કદાચ નાટ્યકાવ્ય કહી શકીએ. 'સંશય કી એક રાત'માં કાવ્ય નાયક રામ છે. કાવ્યપ્રસંગ છે, સીતાહરણ પછી સેતુ નિર્માણ પછી લંકા પર ચઢાઈની આગલી રાત્રિનો. રામના મનમાં સંશય જાગ્યો છે - લંકા પર ચઢાઈ કરવી કે નહિ ? યુદ્ધ શા માટે ? સીતાને પાછી લાવવા - પણ સીતા છેવટે તો રામનો વ્યક્તિગત પ્રશ્ન છે. એ માટે આટલા બધા નરવાનર ભલ્લુકને શા માટે યુદ્ધમાં સંડોવવા ? સંશયગ્રસ્ત રામ સેતુના સમુદ્ર તટ પર પ્રશ્નવિદ્ધ થઈ બેચેન છે લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન, વિભીષણ સાથે તર્ક કરે છે - સ્વર્ગલોકગત પિતા દશરથ પણ આદેશ આપે છે, તેમ છતાં રામના મનમાં સંશયની અણી રહી જાય છે, એ યુદ્ધનો આદેશ આપે છે, પણ કહે છે :

'અબ મૈં નિર્ણય હૂં સબ કા,
અપના નહીં'

ફરી એક વાર કલ્પનોની તાજગી અને નાટ્યગર્ભ વાણીની કવિની સિદ્ધિ આધુનિક ભાવબોધ સાથે જોવા મળે છે. 'મહાપ્રસ્થાન' નો વિષય પણ મહાભારતના મહાપ્રસ્થાનિક પર્વમાંથી લીધો છે. તેમાં ત્રણ પર્વ છે - યાત્રા પર્વ, સ્વાહાપર્વ અને સ્વર્ગપર્વ. યાત્રા પર્વમાં હિમગિરિ ચઢતા પાંડવાની યાત્રાનું વર્ણન છે, જેમાં 'હિમ કેવળ હિમ' એ પ્રથમ પંક્તિથી હિમ અને હિમગિરિનું લગભગ ત્રણસો પંક્તિઓ સુધી વિસ્તારનું વર્ણન છે. (આપણા કવિ ઉમાશંકરનું આ જ પ્રસંગ પરનું આખું કાવ્ય ત્રણસો પંચોતેર પંક્તિનું છે.) એ પછી દ્રૌપદી સહ દરેક પાંડવનું માનવીય વ્યક્તિચિત્ર આલેખાય છે. સ્વાહાપર્વમાં દ્રૌપદીસહ એક પછી એક પાંડવોનું પતન અને પ્રશ્નોત્તરીની પેટર્ન અહીં છે, પણ નરેશ મેહતા વ્યાસથી જુદા પડે છે. નરેશ મેહતા, ભીમ-અર્જુન, યુધિષ્ઠિરની પ્રશ્નોત્તરીમાં સમકાલીન રાજનીતિબોધ એટલે કે રાજ્ય, રાજ્યવ્યવસ્થા, એ વ્યવસ્થાની અમાનવીય પ્રકૃતિ આદિ વિષે પોતાનો દૃષ્ટિકોણ પ્રસ્તુત કરે છે. નરેશના યુધિષ્ઠિર 'રાજ્યાન્વેષી' નહિ 'મૂલ્યાન્વેષી' છે. તે મનુષ્યની પ્રતિષ્ઠા કરવા માગે છે. એ કહે છે :

કિસી ભી સામ્રાજ્ય સે બડા હૈ
એક બન્ધુ
એક અનામ મનુષ્ય.

'કટોકટી' પહેલાં લખાયેલી આ રચનામાં નિરંકુશ રાજ્યસત્તાની કાર્યવાહીનો સંકેત છે.

નરેશ મેહતાની ૧૯૫૫માં પ્રકટ થયેલી એમની પહેલી નવલકથા 'ડૂબતે મસ્તુલ' હિન્દી કથાક્ષેત્રે એક પ્રયોગશીલ કથા રીતિને કારણે જેટલી ચર્ચિત રહી, તેટલી તેની નાયિકા રંજનના ચરિત્રથી. પરંતુ જે નવલકથાએ નરેશને યશસ્વી બનાવ્યા તે તો 'યહ પથ બંધુ થા' છસો પાનાંની આ બૃહદ્કાય નવલકથામાં આ સદીના પૂર્વાર્ધની વાત વણી લેવામાં આવી છે. કથાનો નાયક છે શ્રીધર ઠાકુર, માળવાના એક કસબાની શાળાનો શિક્ષક. સાધારણ વ્યક્તિની અસાધારણ કથા છે 'યહ પથ બંધુ થા' શ્રીધરની પત્ની સરોનું-સરસ્વતીનું - એક સહનશીલા નારીનું અવિસ્મરણીય પાત્ર આ કથામાં નરેશ મેહતાએ આપ્યું છે.

'દો એકાન્ત'માં સુશિક્ષિત પતિ-પત્નીની- વિવેક અને વાનીરાની વાત છે. સુખી દંપતીના જીવનમાં 'ત્રીજા' નો પ્રવેશ થવાથી એ કેવી રીતે વિચ્છિન્ન બને છે અને પછી પતિ અને પત્ની પોતપોતાના એકાંતમાં કેવી વિવશતાથી જીવે છે, તેની મર્મસ્પર્શી કથા અત્યંત લાઘવથી 'દો

શબ્દકથા

બાબરી

વાળ ઓળવાની એક વ્યવસ્થિત રીતને બાબરી કહે છે. તેના મૂળમાં દેશી 'બબ્બરી-બર્બરી' છે, જેનો અર્થ 'વાળ ઓળવાની ખાસ પ્રકારની રીત' થાય છે. તો 'वर्बरस्तु केशंचक्रले' (અનેકાર્થકોશ કાંડ - ૩, શ્લોક ૫૭૫) કહીને હેમચન્દ્રાચાર્ય વિશેષ પ્રકારની કેશરચના માટે વપરાતા 'बर्बर' શબ્દને સંસ્કૃત કહે છે.

ઉદાહરણ ગાથા -

सा बंमणी इव तप्यते तव विरहोष्मणा लुलितबदवरिया
बप्पीहबोल धनाधनषमा लकालेडपि नैव निर्याति ४३८

- જેની બાબરી હળી રહી છે એવી તે તારા વિરહની ઉષ્મા - સંતાપને લીધે બ્રાહ્મણીની પેઠે એવી તપી રહી છે કે, ચાતકના અવાજવાળા અને મેઘના ગડગડાટવાળા સમયે (વર્ષાઋતુમાં) પણ શાંતિ પામતી નથી.

'ભગવદ્ગોમંડળ (સંક્ષિપ્ત પૃ. ૫૮૧) બાબરીનો આવો અર્થ આપે છે.

બાબરી : સ્ત્રી. માથા ઉપરના સુંવાળા ટૂંકા વાળ.

ગુજરાતીમાં પણ શબ્દ પ્રયોગ છે - 'બાબરી પાડવી' જે વાળ ઓળાવતી એક ચોક્કસ રીત સૂચવે છે.

હસમુખ વ્યાસ

એકાન્ત'માં કહેવાઈ છે. આ ઉપરાંત 'નદી યશસ્વી હૈ', 'ધૂમકેતુ: એક શ્રુતિ', 'પ્રથમ ફાલ્ગુન', 'ઉત્તર કથા' આદિ' નરેશની દીર્ઘકાય નવલકથાઓ છે. ઉપરાંત 'તથાપિ' અને 'એક સમર્પિત મહિલા' એ બે વાર્તાસંગ્રહો 'સુબક કે ઘંટે', 'ખંડિત યાત્રાએં' એમની નાટ્યકૃતિઓ છે.

વ્યક્તિ તરીકે નરેશ મેહતા વૈષ્ણવી સ્વભાવના સુકુમાર સજ્જન લાગે. ૧૯૮૬માં ઉજ્જૈનમાં વિક્રમ વિશ્વ વિદ્યાલયના પરિસરમાં એમના નિવાસમાં મળવાનું થયેલું. તે પછી અમદાવાદમાં પણ. પ્રવાસમાં, અને તેમાંય હિમાલય યાત્રામાં એમની રુચિ છે. બીજી રુચિ તો તે છે પાન અને અત્તરની. પાનનો શોખ નાગર હોવાની ગવાહી જાણે ન હોય! સંગીત, જ્યોતિષમાં પણ રતિ. વાતચીતના પણ એવા જ શોખીન છે નરેશ મેહતા.

એમની સમગ્ર સાહિત્ય સેવાએ એમને ઘણા પુરસ્કાર અપાવ્યા છે. મધ્યપ્રદેશ સરકારનું શિખર સમ્માન, ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન તરફથી એક લાખ રૂપિયાનું ભારત-ભારતી સમ્માન વગેરે. હવે ભારતીય જ્ઞાનપીઠથી તેઓ પુરસ્કૃત થયા છે. આપણા સૌનાં શ્રી નરેશ મેહતાને અભિનંદન. ☐

અવલોકન

સંસ્થાકથાના સ્વાંગમાં આત્મકથા

'સદ્દિભ: સંગ:' મનુભાઈ પંચોળી 'દર્શક' (પ્ર. આર. આર. શેઠની કં. અમદાવાદ ૧૯૮૯, પૃ. ૪૧૪, મૂલ્ય રૂ. ૬૭.૦૦)

'સદ્દિભ: સંગ:'ને પ્રકાશકે Autobiography તરીકે ઓળખાવી છે પણ લેખક દર્શકે પ્રાસ્તાવિક 'ઉદ્ભવ'માં નોંધ્યું છે, 'આ કોઈ આત્મકથા નથી. ને લખવી હોય તો મારાં વ્યક્તિગત મંથનો કેન્દ્રમાં રાખીને મારે વાતો લખવી પડે...આ તો સંસ્થા અને તેની જોડે ચાલેલા જાહેર જીવનની કથા છે.' (પૃ. ૬) લેખકે નાનાભાઈ જન્મશતાબ્દી નિમિત્તે 'ગ્રામદક્ષિણામૂર્તિ' અને 'લોકભારતી'ની કથા કહેતાં કહેતાં તે સંસ્થામાં કામ કરતાં તેમને જે નાના મોટા કાર્યકર્તાઓ અને મહાનુભાવોનો ભેટો થયો તેમને અહીં સ્મૃતિબદ્ધ કર્યા છે. ઉપર્યુક્ત સંસ્થાઓના જન્મ, વિકાસ અને ઈતિહાસની ગાથા સાથે આપણને આ રચનામાં દર્શકની ઊગતી યુવાનીથી માંડી તેમની પરિપક્વ અવસ્થા સુધીના ચૈતસિક તથા સામાજિક વિકાસની ગાથા પણ સાંપડે છે.

અઢાર પ્રકરણોમાં વિભાજિત આ બૃહદ્ રચનાના પ્રથમ પ્રકરણમાં પૂર્વવૃત્ત આપી લેખક બીજા પ્રકરણથી સંસ્થાકથા આલેખે છે. તેઓ આરંભે જ પાયાની સ્પષ્ટતા કરી દે છે, 'અમે ગામડામાં નિશાળ શરૂ કરી નહોતી. અમે ગામડાની નિશાળ શરૂ કરી હતી.' (પૃ. ૨૫) લેખકની અભિવ્યક્તિની મૌલિકતા અહીં પ્રકટ થાય છે. 'ગ્રામદક્ષિણામૂર્તિને અમે કેવળ ચાર દીવાલ વચ્ચે ભણાવનારી શાળા કદી કલ્પી નહોતી.' (પૃ. ૭૮) એમ કહેનાર લેખકે આ જીવંત સંસ્થાના વિકાસનું અને તેના પ્રદાનનું સમ્યક્ પણ પ્રભાવક ચિત્ર ખડું કર્યું છે.

સંસ્થાની સફળતાનો મહિમા ગાનાર દર્શક બરાબર જાણે છે કે 'બધાં પ્રાયોગિક કામોનો આધાર નિષ્ઠાવાન કાર્યકરો છે.' (પૃ. ૫૨) અને તેથી જ આ સંસ્થાકથામાં તેમણે નાનામોટા બધા કાર્યકરોનું કૃતજ્ઞતાભર્યું વર્ણન કર્યું છે. લેખકે રચનામાં વણી લીધેલાં વ્યક્તિચિત્રો પૈકી નાનાભાઈ ભટ્ટ, મૂળશંકરભાઈ ઉપરાંત વનસ્પતિઓના મરમી ઈસ્માઈલભાઈ, સાચા શિક્ષક ભાઈશંકરભાઈ રાજ્યગુરુ, વ્યાયામવીર ગુણવંતભાઈ, પ્રામાણિક હિસાબનીશ દામાભાઈ, સહકારી ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર જ્યવંતસિંહ જાડેજા, દિલાવર દિલના કુબેરભાઈ, કર્મઠ પુરુષ રામજીબાપા, દુલેરાય માટલિયા, ઢેબરભાઈ, ઠાકોરભાઈ, વજુભાઈ, રામભાઈ વગેરનાં વ્યક્તિચિત્રો યાદગાર બન્યાં છે. આ બધા વિશે દર્શકે ઉમળકાપૂર્વક લખ્યું છે. વિનોબા અને જયપ્રકાશ નારાયણ વિશે લેખકે વિસ્તારથી લખ્યું છે. તેમના પ્રત્યેનો લેખકનો પૂજ્યભાવ અછતો નથી રહેતો, છતાં વિનોબાજીએ કટોકટીની ટીકા ન કરી અને એક વરસનું મૌન ધારણ કર્યું તેને તેઓ સ્વીકારી શકતા નથી. એ વિશે તેમણે લખ્યું છે, 'હજુયે હું આ મૌનના નિર્ણયને સમજી શક્યો નથી. પણ મહાપુરુષોનાં અંત:કરણ જાણવા કઠણ પણ છે.' (પૃ.૩૧૧) જોઈ શકાશે કે મતભેદ હોવા છતાં લેખક મનભેદ થવા દેતા નથી.

આત્મકથાના લેખક પાસે સૌથી વધુ જરૂરી છે સત્યનિષ્ઠા અને સત્યકથન કરવાની હિંમત. દર્શક

પાસે આ બંને છે. લેખકે પોતાની ભૂલો અને નિષ્ફળતાઓ, સંસ્થાની મર્યાદાઓ પર ઢાંકપિછોડો કર્યો નથી, પણ તટસ્થ રીતે આત્મનિરીક્ષણ કર્યું છે અને સ્પષ્ટપણે તે નિરૂપ્યું છે. આ સંસ્થાકથા હોવા છતાં તેમાંથી લેખકના જીવનની ઘણીબધી વિગતો મળે છે. લેખકે આરંભમાં જ સ્પષ્ટતા કરતાં લખ્યું છે, 'મારાં અંગત સુખદુ:ખોની આ આત્મકથા નથી. છતાં અંગત જીવનને સાવ છૂટું પાડી શક્વાનું અશક્ય છે.' (પૃ.૧૮) લેખકે પોતાનાં લગ્ન વિજયાબહેન સાથે થયાં તે બાબત, તેમના દામ્પત્યજીવન તથા કુટુંબજીવનની, તેમના વિદેશપ્રવાસોની, તેમના રાજકીય જીવનની ઠીક ઠીક વાતો અહીં કરી છે.

શિક્ષણસંસ્થાની આ કથામાં લેખકની, આજીવન કેળવણીકારની શિક્ષણવિષયક વિચારણા વ્યક્ત થાય એ સ્વાભાવિક છે. દર્શકનું માનવું છે કે સાચી કેળવણી સનાતન હોવાની સાથે યુગધર્મ પણ હોય છે. યુગની માંગને સનાતન મૂલ્યો સાથે તે સાંકળે છે. દર્શકને શિક્ષણના પ્રત્યેક તબક્કે કૌટુંબિક સ્નેહ અને પ્રકૃતિનો સંપર્ક જરૂરી જણાયો છે. વર્ગની ચાર દીવાલોમાં અપાતા શિક્ષણને તેઓ લાકડાના હાથી સાથે સરખાવી કહે છે કે તેના પર સવારી થઈ શક્તી નથી. તેઓ સહશિક્ષણની હિમાયત કરે છે. શિક્ષણનું ધ્યેય સારો માણસ તૈયાર કરવાનું છે એમ કહ્યા પછી છેલ્લા પ્રકરણમાં તેઓ સરકારી અંકુશ નીચે શિક્ષણના થઈ રહેલા વ્યાપારીકરણ સામે લાલબત્તી ધરે છે.

શિક્ષણને રાજકારણથી અળગું રાખવું જોઈએ એમ માનતા હોવા છતાં દર્શક આપદ્ધર્મ તરીકે રાજકારણનો સ્વીકાર કરે છે અને તેમાં સક્રિયપણે ઝંપલાવે છે. પુસ્તકમાં રાજકારણની મીમાંસા પણ ઠીક ઠીક માત્રમાં થઈ છે. પહેલાં તેઓ ભાવનગર રાજ્યની વાત કરે છે. તેના મહારાજાએ એક વાર કહેલું, 'જેના રાજા વેપારી, એની પ્રજા ભિખારી' (પૃ. ૧૦૫) પછી સૌરાષ્ટ્ર રાજ્યની વાત આવે છે. એના કર્ણધાર ઢેબરભાઈ એક વિદ્યાર્થી આંદોલન વખતે પોલીસને કહી દે છે, 'વિદ્યાર્થીઓ પર ગોળીબાર કરીને મારે રાજ્ય નથી કરવું.' (પૃ. ૧૧૭) એ લોકોના રાજ્યવહીવટ વિશે વાંચ્યા પછી લાગે છે કે અત્યારના રાજકારણીઓ કરતાં તો તેઓ લાખ દરજ્જે સારા હતા. વિધાનસભામાં ચૂંટાયા પછી તેમણે જે કામ કર્યું તે વિશે પણ તેમણે લખ્યું છે. રાજ્યના રાજકારણની સાથે તેમણે સંક્ષેપમાં દેશના રાજકારણ વિશે, ખાસ તો ઈન્દિરા ગાંધીના શાસનકાળ વિશે લખ્યું છે અને તેની ઉચિત ટીકા નિર્ભીકપણે કરી છે. દેશના રાજકારણની સાથે શિક્ષણ-જગતના રાજકારણ વિશે પણ તેમણે પ્રસંગોપાત ટિપ્પણી કરી છે અને અંતિમ પ્રકરણમાં સમાજજીવનમાં રાજકારણના વધતા પ્રભાવ સામે ચેતવણી પણ આપી છે.

લેખકની ભાષાશૈલી વિષયને અનુરૂપ સહજ, પ્રવાહી અને ક્વચિત વ્યંગાત્મક છે. સામાન્ય રીતે લેખકે નિરલંકાર ભાષામાં વાત કરી છે, પણ જરૂરિયાત જણાય ત્યાં તેમની ભાષા ઉચિત સૌમ્ય અલંકારો પણ ધારણ કરે છે. જુઓ એક દ્દષ્ટાંત : 'પહેલે જ વરસાદે તળાવ છલોછલ ભરાઈ ગયું જાણે પ્રસન્ન થયેલા દેવતાનું હિલોળા મારતું હૃદય.' (પૃ. ૪૫-૪૬) નેકદિલ, નિર્ભય જયપ્રકાશજીનો પરિચય કરાવતાં તેમણે લખ્યું છે, 'ઢાંકપિછોડા વિનાનું, હેમંતના નિર્મળ સૂર્યપ્રકાશ જેવું વ્યક્તિત્વ.' (પૃ. ૨૯૨) તેઓ સંક્ષેપમાં વેધક રજૂઆત પણ સરસ કરી જાણે છે. સત્તાધારી પક્ષના ભ્રષ્ટાચાર સંબંધે તેઓ એક વાક્યમાં જ ઘણું સૂચવી જાય છે, 'મા ઊઠીને દૂધમાં ઝેર પાય પછી કઈ અદાલત પાસે જવું ?' (પૃ. ૪૧૩) માર્મિક હળવા વ્યંગકટાક્ષમાં તેમની વિનોદવૃત્તિ (sense of humour) દૃષ્ટિગોચર થાય છે. તેમનાં પત્ની વિજયાબહેનને તેઓ લગ્ન પૂર્વે ભણાવતાં તે વિશે તેમણે લખ્યું છે, 'હું નિયમિત ભણાવતો. પ્રવેશ તો મળી ગયો, પણ મારું ભણાવવાનું ચાલું રહ્યું - રહેજ ને !' (પૃ. ૧૯) જોઈ શકાશે કે લેખક જાત પર પણ હસી શકે છે. તેમનો કટાક્ષ નિર્દંશ હોઈ કઠતો નથી. વિધાનસભામાં એક બિલ કશા વિરોધ વિના પસાર થયું એમ કહ્યા પછી હળવેથી તેઓ કહે છે, 'બિલ હતું ધારાસભ્યોના પગાર અને ભથ્થાં વધારાનું.' (પૃ.૨૩૭) મોરારજીભાઈ પ્રત્યે અહોભાવ ધરાવતા લેખક તેમની સરકાર તોડનાર ચરણસિંહ, લિમયે વિશે લખતાં (જુઓ, પૃ. ૩૨૩) થોડા કટુ થઈ ગયેલા લાગે છે. લેખકનો પુણ્યપ્રકોપ સવિશેષ તો પ્રકટ થયો છે કટોકટીની ટીકા કરતાં. એ પ્રસંગે તેમણે સ્વાતંત્ર્ય સૈનિકનું તામ્રપત્ર સરકારને પરત કરતાં રાજ્યપાલને લખેલો પત્ર તેમના સ્વાતંત્ર્યપ્રેમને તીવ્રપણે પ્રકટ કરે છે. વિનોબાજી સમક્ષ પણ તેઓ આ સમયે સ્પષ્ટપણે પોતાના વિચારો પ્રદર્શિત કરે છે. આ બે પત્રોની સાથે મોરારજીભાઈને લેખકે લખેલો પત્ર પણ ઉલ્લેખનીય છે.

'સદ્દભિ: સંગ:' સંસ્થાકથા નિમિત્તે અમુક અંશે દર્શકની આત્મકથા જ છે. કેમ કે તેમના જીવનનો મોટોભાગ આ સંસ્થાઓ સાથે જ સંકળાયેલો છે. આ ગ્રંથમાં આપણે ગ્રામદક્ષિણામૂર્તિ તથા લોકભારતી વિશે જેટલું જાણવા પામીએ છીએ તેટલું જ દર્શકના જીવન વિશે, તેમના વિચારો, કાર્યો, આદર્શો વિશે પણ જાણવા પામીએ છીએ. કેળવણીકાર, કવિ સ્નેહરશ્મિની આત્મકથાના ત્રીજા, ચોથા ભાગમાં આપણને એક અર્થમાં સંસ્થાકથા જ મળી છે ને ? સંસ્થાકથાના સ્વાંગમાં મળેલી દર્શકની આ આત્મકથા બીજી રીતે શિક્ષણ, સમાજ અને રાજકારણની પણ ભાતીગળ આસ્વાદ્ય કથા છે.

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

જાણીએ જોડણી

પ્રકરણ ૪

સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી

પ્રાસ્તાવિક : તત્સમ શબ્દોની જોડણી અંગેના ચોક્કસ અને સંપૂર્ણ સંતોષકારક નિયમો તારવવા શક્ય નથી. ગુજરાતી ભાષામાં સ્વીકૃત તત્સમ શબ્દનો તેની મૂળ ભાષામાં ખરો ઉચ્ચાર શો થાય છે ને ગુજરાતીમાં એ કેમ લખી શકાય તે જાણવા માટે આપણે હજી કોઈ સંપૂર્ણ માનક વ્યવસ્થા ઊભી કરી શકાઈ નથી.

હમણાં અખાતી યુદ્ધ દરમિયાન સ્કડ મિસાઈલ શબ્દ ઘણો વપરાયો. આમાં સ્કડ ખરું ? સ્કદ ખરું ? સ્કુદ ખરું ? આપણી પાસે ચોક્સ જવાબ નથી. વિશેષ નામોમાં તો લગભગ અરાજકતા જેવી સ્થિતિ છે, અથવા કહો કે વૈવિધ્યવિસ્તારવૃત્તિ કામ કરે છે. સદ્દામ હુસેન માટે સદ્દામ અને સાદ્દામ શબ્દો પણ વપરાયા. ટૉલ્સ્ટૉય ખરું કે તૉલ્સ્તોય ?

'વિદ્યાપીઠ', 'બુદ્ધિપ્રકાશ', 'રાજભાષા', 'પરબ', 'નવનીતસમર્પણ' જેવાં સામયિકોએ કે ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાસભા, ભાષાનિયામકની કચેરી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતીના અધ્યાપકોનો સંઘ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, યુનિવર્સિટીઓનાં ભાષાભવન જેવી સંસ્થાઓએ આ પ્રશ્ન પરત્વે વધારે લક્ષ આપવાની જરૂર છે.

'ડૉન ક્વિગ્ઝોટ'નો ખરો ઉચ્ચાર 'ડૉન કિહોટે' થાય એની ખબર શ્રી ચંદ્રવદન મહેતા સ્પેન ગયા ત્યારે જ પડેલી ! વળી, એક વિદ્વાને મને જણાવ્યું કે સ્પેનની ભાષામાં ટ અને ડ નથા, ત અને દ છે તેથી ખરી રીતે તો 'દોન કિહોતે' કહેવાય અને ડૉન = શ્રી તેથી શ્રી કે શ્રીમાન કિહોતે વિશે આપણે હજી સ્પષ્ટ થઈ શક્યા નથી. જર્મન મહાકવિ ગ્યૂઈથે આપણે ત્યાં ગટે, ગથે, ગઅથ, ગોઈથે તરીકે પણ પ્રચલિત છે ! જોડણીકોશ 'ગેરીલા' આપે છે તેને વૈષ્ણવ 'ગારિલા' જણાવે છે. આમાં કાગણમૂલક મતાગ્રહી ભિન્નતા ભલે રહે, પણ જાણકારી ને પ્રસારણના અભાવની મર્યાદા તો દૂર કરવી જ રહી!

સંસ્કૃત, અરબી, અંગ્રેજી, બંગાળી, મરાઠી, જર્મન, તમિળ, રશિયન, ફ્રેંચ ઇત્યાદિ તત્સમ શબ્દોવાળી બધી ભાષાઓની જાણકારી કોઈને ભાગ્યે જ હોઈ શકે; પણ એટલું ખરું કે જેટલી વધુ ભાષાઓની જાણકારી હોય તેટલી આમાં વધુ મદદ મળે. આવા શબ્દો માટે જોડણીકોશ ઉપરાંત જે તે ભાષાના પ્રમાણભૂત શબ્દકોશની મદદથી જોડણીનો પરિચય ઉચિત ગણાય.

સંસ્કૃત તત્સમ શબ્દો : ગુજરાતીમાં સામાન્યત: સંસ્કૃત શબ્દોની પ્રથમ વિભક્તિનાં એકવચનનાં રૂપ સ્વીકારાયા છે. દા.ત. સંસ્કૃતમાં નેતૃ પણ ગુજરાતીમાં નેતા, સંસ્કૃતનાં મન: પણ ગુજરાતીમાં મન. વળી, આવા શબ્દો વ્યંજનાન્ત હોય તો ગુજરાતીમાં તો અ ઉમેરી સ્વરાન્ત ગણવામાં આવે છે. નિયમ ૭માં આનો ઉલ્લેખ આપણે કરી ગયા છીએ. આવા શબ્દોની જોડણીમાં બહુ મુશ્કેલી પડતી નથી. વળી, સંસ્કૃત તત્સમ શબ્દો સારુ જોડણીકોશ ઉપરાંત આપ્ટેનો સંસ્કૃત-અંગ્રેજી ને સંસ્કૃત-હિંદી કોશ પણ ખૂબ મદદગાર નીવડે છે.

આપણી જોડણીમાં સૌથી વધારે ભૂલો ઇને બદલે ઈ તથા ઈને બદલે ઇ. અને ઉને બદલે ઊ તથા ઊને બદલે ઉ વાપરવાથી થતી હોય છે. પરંતુ સંસ્કૃત ભાષાની એક ખાસિયત છે : ઉ/ઊની વપરાશ તેમાં સાપેક્ષ રીતે ઓછી છે. આથી ઇ અને ઈના ઉપયોગની ચાવી આપણને આવડે તો સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી ઘણી સરળ થઈ જાય.

આ સારુ આવો સામાન્ય નિયમ બનાવી શકાય : ઈય, ઈન, ઈણ પ્રત્યયાન્ત શબ્દોમાંનો ઉપાન્ત્ય સ્વર ઈ દીર્ઘ હોય છે, જ્યારે ઇક, ઇકા, ઇત, ઇલ, ઇનિ પ્રત્યયાન્ત શબ્દોમાંનો ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ હોય છે. ઉપરાંત તિ છેડે હોય તેવા શબ્દોમાં અન્ત્ય ઇ મહદંશે અને તે સિવાયના ઇકારાન્ત શબ્દોમાં પણ અન્ત્ય ઇ મોટે ભાગે હ્રસ્વ હોય છે.

સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી માટે આપણે ૧૩ નિયમો જોઈશું, પણ ક્રમાંક સળંગ જ આપીશું.

નિયમ ૩૧ : ઈય પ્રત્યય ધારણ કરી વિશેષણ બનેલા સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઈ દીર્ઘ હોય છે.

દાખલા : આત્મીય, જાતીય, પક્ષીય, પ્રાંતીય, શાસ્ત્રીય, સ્વર્ગીય; કમનીય, દર્શનીય, ભવદીય, ભારતીય, માનનીય, રમણીય, રાજકીય, સંસદીય, સ્પૃહણીય; પંચવર્ષીય, પ્રશંસનીય, વિશ્વસનીય વગેરે.

વિકલ્પ : યજ્ઞીય-યજ્ઞિય, રાષ્ટ્રીય-રાષ્ટ્રિય.

અપવાદ : ક્ષેત્રિય, ક્ષોત્રિય.

નોંધ : (ક) ક્ષત્રિય, ઇન્દ્રિય (ને એકેન્દ્રિય, કર્ણેન્દ્રિય વ.) સંજ્ઞા છે, વિશેષણ નહીં.

(ખ) પ્રિય, ક્રિય (ને અક્રિય, નિષ્ક્રિય, સક્રિય વ.)માં ઈય પ્રત્યય લાગેલો નથી.

(ગ) તદ્ભવ શબ્દોમાં ય પૂર્વેનો ઇ હ્રસ્વ હોય છે - નિયમ ૧૯ મુજબ.

નિયમ ૩૨ : ઈન અને ઈણ પ્રત્યયાન્ત સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઈ દીર્ઘ હોય છે.

દાખલા : અધીન, કાલીન, કુલીન, નવીન, પ્રાચીન, અર્વાચીન, ગ્રામીણ વગેરે.

નોંધ : (ક) અધીનમાં ઉપાન્ત્ય સ્વર ઈ દીર્ઘ હોવાથી તેની સાથે સંધિથી જોડાયેલા આ શબ્દો પણ નિયમાધીન લાગે છે: આજ્ઞાધીન, પરાધીન, સ્નેહાધીન, સ્વાધીન.

(ખ) ઈન-ઈણ પ્રત્યયથી સાધિત ન હોય તેવા નીચેના સંસ્કૃત શબ્દો જુદા પડે છે : આશ્વિન, કઠિન, દક્ષિણ, દ્રવિણ, નલિન, પુલિન, મલિન, હરિણ.

(ગ) આ બીજી ભાષાઓના તત્સમ શબ્દો છે :

(અ) અરબી શબ્દો જામિન, મુમકિન વ.

(આ) અંગ્રેજી શબ્દો બૉબિન, વાયોલિન વગેરે.

રામજીભાઈ પટેલ

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સંસ્કાર પારિતોષિક - ૧૯૯૩

૧૯૯૩ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થએલ મૌલિક વાર્તાઓ, કાવ્યો, જીવનચરિત્રો અને અન્ય લેખો પૈકી શ્રેષ્ઠ ઠરનાર પ્રત્યેક કૃતિને રૂપિયા ૧૨૫=૦૦નું ઉપર નિર્દેશેલું પારિતોષિક અપાશે. સહુ સર્જકને પોતાની કૃતિ મોકલી આપવા નિમંત્રણ છે.



માધુકરી

છીછરાં નીરમાં હોય શું નાવું ?
તરવા તો મઝધારે જાવું;
ઓર ગાણામાં હોય શું ગાવું ?
ગીત ગાવું તો પ્રીતનું ગાવું.

બાલમુકુન્દ દવે

કવિ બાલમુકુન્દનું નિધન

૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ કવિ બાલમુકુન્દ દવે દિવંગત થયા. કવિ ૧૯૧૬માં જન્મયા હતા. તિથિ મુજબ ૭૮માં વર્ષે તેમના જન્મદિને તેમણે ચિરવિદાય લીધી !

વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં ૭-૩-૧૯૧૬ના રોજ જન્મેલા આ કવિએ પ્રાથમિક શિક્ષણ અનુક્રમે મસ્તુપુરા અને કુકરવાડામાં લીધું હતું. માધ્યમિક શિક્ષણ વડોદરાની શ્રી સયાજી હાઈ સ્કૂલમાં લીધું હતું. ૧૯૩૮થી કવિ અમદાવાદમાં સ્થિર થયા.

શરૂમાં કવિ બાલમુકુન્દ દવેએ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં થોડો સમય સેવા આપી; થોડોક સમય પત્રકારિત્વના ક્ષેત્રે કામ કર્યું. પણ જીવનના ત્રણ દાયકા તેમણે 'નવજીવન' કાર્યાલયને આપ્યા. એ સંસ્થામાંથી જ નિવૃત્ત થયા. ૧૯૪૯માં કવિને કુમાર ચન્દ્રક મળ્યો. 'નવજીવન'ની કામગીરી દરમ્યાન તેમણે 'લોકજીવન' સામયિકનું સંપાદન સંભાળ્યું; નિવૃત્ત થયા પછી કેટલાંક વર્ષો સુધી આ કાર્ય જારી રાખ્યું. આ સમાજલક્ષી સામયિકમાં તેમણે સાહિત્યની છાંટ ઉમેરી કાવ્યોના આસ્વાદો પણ લખ્યા.

કવિ બાલમુકુન્દ દવેના વ્યક્તિત્વમાં ઋજુતા અને પ્રેમસભરતાનો સુયોગ થયો હતો. 'કુમાર', મુ. બચુભાઈ અને બુધસભાના ઋણસ્વીકારનો તેમનો ઊમળકો તેમના ભાવસભર હૈયાની પ્રતીતિ કરાવે છે. જીવનપંથમાં વેણીભાઈ પુરોહિત જેવા બંધુ બદામી કવિએ સન્નિષ્ઠ સથવારો આપ્યો.



'વડોદરા' નગરી તો તેમની પ્રથમ પ્રેમિકા જ ! વળી, દાદીમાનાં પ્રભાતિયાં, કુદરતની પ્રીત તેમ જ લગ્નગીતનું શ્રવણ તેમના કિશોર દિલને ઝંકૃત રાખે છે. ધ્યેયલક્ષી ગ્રંથોનું વાચન તેમને જાગ્રત રાખે છે; સર્જક સૃષ્ટિમાં સ્વસ્થ રાખે છે.

૧૯૫૫માં પ્રકટ થયેલા 'પરિક્રમા' નામના કાવ્યસંગ્રહમાં પ્રીતની હુલાસી છોળો અનુભવી શકાય છે.



યુ.એસ.એ.માં સાઉથ ડાકોટા રાજ્યમાં ગ્રેનાઈટના બનેલા માઉન્ટ રશમોર પહાડની દીવાલ પર કોતરેલા અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખોના ચાર વિશાળ ચહેરા જગવિખ્યાત છે. પણ બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલનો આ ચહેરો કોઈ શિલ્પીએ નહીં પણ કુદરતે જ કોરેલો છે. અલબત્ત, આ કોઈ શિલ્પકારની કારીગરી નથી, પણ કુદરતી પરિબળો વડે ભાંગતાં કોરાતાં આ આકાર રચાઈ ગયો છે ને અકસ્માત જ એ ચર્ચિલના પ્રભાવશાળી ચહેરાની યાદ આપે છે. પાકિસ્તાનમાં રાવલપિંડીની ઉત્તરે આવેલા મુરી પર્વતમાં હવાપાણીનાં ઝાપટાંઓથી કોરાતા જતા પહાડમાં આ આકૃતિ સરજાઈ છે.

'ગીત ગાવું તો પ્રીતનું ગાવું' એવા ઉદ્ગારો તેમના કવિ-વ્યક્તિત્વનો એક વિશેષ બને છે. 'સંગમ'માં કવિ હુલાસથી છલકાઈને કહે છે :

'રાગની પ્યાલી રાગમાં રેડી
આપણે ગીતની બંસરી છેડી.'

સદ્ગત પત્નીને સંબોધેલી રચનાઓમાં ઊંડું દર્દ રજૂ થયું છે. 'ચમેલીને ઠપકો', 'બંદો અને રાણી', 'મિલનમર્મર' તેમ જ 'ગોરી અને ઘેરૈયો' જેવી રચનાઓ સહજ ચારુ અભિવ્યક્તિ અને લયહિલ્લોળની ગવાહી આપે છે. કવિના સર્જનમાં ભાવોની આર્દ્રતા અનવદ્ય જ ગણાય તેવી છે.

કવિ બાલમુકુન્દ દવેનાં પ્રકૃતિ વિષયક કાવ્યોમાં 'ચાંદની', 'ફટાયો ફાગણ' 'વનચંપો', 'આકાશી અસવાર' જેવી ઘણી રચનાઓ મુગ્ધ કવિના ચેતોહર હૃદયપ્રસ્પંદો જેવી છે. વસંત અને વર્ષા સાથે તેમણે જીવનભર સખ્ય માણ્યું છે; 'ગ્રીષ્મ'ને પણ કેટલીક વાર હૈયે ઝુલાવી છે.



ન ર્નિર્માણ આંદોલન વખતે અમદાવાદમાં ઇ.સ.૧૯૭૪ની ૧૧ ફેબ્રુઆરીના રોજ શહેરના કાલુપુર વિસ્તારમાં ં રકીનંદન માર્કેટમાં પ્રચંડ આગ લાગી હતી. આ આગ ઠારવા જતાં શહેરની ફાયરબ્રિગેડના ૫૯ વર્ષના બક કર્મચારી કાસમમીયાં અકબરમીયાં ઊંચેથી જમીન ઉપર પટકાઈને બધું ભાનસાન ગુમાવી બેઠેલા. ૧૭૬ ત્યારથી શહેરની વાડીલાલ હૉસ્પિટલમાં તેઓ સતત ઓગણીસ વર્ષ સુધી આમ બેભાન જ રહ્યા. શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશને એમના પુત્રને નોકરી આપવા સાથે એમની સારવારનો બધો ખર્ચ ભોગવ્યો હતો. એમની આ બેભાનાવસ્થા દરમિયાન એમની બે પુત્રી મોટી થઈ, એમનાં લગ્ન પણ થઈ ગયાં પણ નશુદ્ધ પિતાને તેની કશી જ જાણ થઈ શકી નહોતી. હમણાં ગઈ તા. ૨૧ માર્ચે એમનું અવસાન થયું. ત મભગ બે દાયકા સુધી સતત બેભાનાવસ્થામાં જીવિત રહેવાનો આવો કિસ્સો જવલ્લે જ જોવા મળ્યો હતા. અહીં ફોટોમાં કાસમમીયાં અને એમનાં પત્ની જોવા મળે છે. શુકદેવ ભચેચ

કવિએ કરેલો ગાંધીમહિમા તેમનું આગવું પ્રદાન છે. આ પ્રકારની રચનાઓમાં 'હરિનો હંસલો' અને 'આપ છેલ્લા જ ?' સ્મરણીય અને રમણીય છે.. એમના બીજા કાવ્યસંગ્રહ 'કુન્તલ'માં અછાન્દસના પ્રયોગની સાથે માનવ સભ્યતાની અવળી ગતિ માટે ગાઢ-ઊંડો વિષાદ અભિવ્યક્ત થયો છે. 'પરિક્રમા'માં કોડિયું અને દીવા જેવાં પ્રતીકો દ્વારા તેમણે અધ્યાત્મની રાગિણી છેડી છે. 'સંચાર'માં સ્મૃતિનો ઝંકાર છે.' કવિનું છંદ, ગીત અને સોનેટ પરનું પ્રભુત્વ અત્યંત પ્રશસ્ય રહ્યું છે.

'ઝરમરિયાં' કવિનો ગીત સંગ્રહ છે; 'સોનચંપો' અને 'અલ્લક દલ્લક' તેમના આકર્ષક બાલકાવ્યોના સંચયો છે. પ્રૌઢો માટે તેમણે પાંચ પ્રબોધ પુસ્તિકાઓ પ્રકટ કરી 'પ્યાસ અને પરબ'માં તેમણે રમ્ય રસાસ્વાદો સંઘર્યા છે.

પૃથ્વીના પ્યાસી કવિ બાલમુકુન્દમાં ભાવના અને ભાવજગતનું અપૂર્વ સંયોજન થયું છે. એકાન્ત પ્રિય અને પદ્મા સનસ્થ બાલમુકુન્દ ઊંચી કોટિના સર્જક છે - અંતર્મુખ સર્જક છે. 'જૂનું ઘર ખાલી કરતાં' અને 'તીર્થોત્તમ' જેવી સોનેટ રચનાઓનું આજે પણ અનેક દિલોમાં અનુગુંજન ચાલ્યા કરતું હશે જ. લોકબાનીના સ્વામી આ કવિએ ભક્તિ સંપ્રદાયના ભર્જાનકરાગ સાથે ગરવું અનુસંધાન જાળવ્યું છે. 'કુન્તલ'માં સંઘરાયેલી 'અત્તરિયા'ને નામની કૃતિમાં તેમના જીવન-કવનની ધ્રુવપંક્તિ સંભળાય છે :

'અત્તરિયા ! અત્તરના સોદા ન કીજીએ,
અત્તરિયા ! અત્તર તો એમ તેમ દીજીએ.'

પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ: માનવપ્રેમ અને રાષ્ટ્રપ્રેમના સંયમોલ્લાસભર્યા સર્જક એટલે બાલમુકુદ. આ નિર્દંભ અને નિર્વ્યાજ મનોહર શબ્દના સન્નિષ્ઠ બંદાને આપણે સ્નેહ-સન્માનભરી શ્રદ્ધાંજલી અર્પીએ. - વ્રજલાલ દવે

માથાની જૂ ગુનાશોધનમાં પણ ઉપયોગી

આજે ગુનાશોધનને ક્ષેત્રે કીટવિજ્ઞાન બહુ મોટો ફાળો આપી રહ્યું છે, પણ આ વિજ્ઞાન અપરાધ ગુનાશોધનમાં મહત્ત્વનું બની શકે છે એનો પુરાવો તો તેરમી સદીમાં બનેલી એક ઘટનાએ આપી દીધો હતો.

તેરમી સદીમાં ચીનમાં એક ખેડૂતની હત્યા કરાઈ હતી. હત્યાની તપાસ કરી ગુનેગારને શોધવાની જેની જવાબદારી હતી એ અધિકારીએ આસપાસના વિસ્તારોના ખેડૂતોને ભેગા કર્યા. તેમને પોતાનાં દાતરડાં પણ સાથે લાવવાનું કહેવામાં આવ્યું હતું. બધા ખેડૂતો આવી ગયા એટલે સૌને એક હારમાં ઊભા રાખી પોતપોતાનાં દાતરડાં સામે મૂકવા કહ્યું : બધાં દાતરડાં આ રીતે મુકાઈ ગયાં એટલે થોડી રાહ જોવામાં આવી. થોડી વાર થઈ ત્યાં એક દાતરડા પર માખીઓ બેસવા માંડી. એ દાતરડું જેનું હતું તેને હત્યાના આરોપસર પકડી લેવામાં આવ્યો અને વધુ તપાસ બાદ એણે પોતાનો ગુનો કબૂલી પણ લીધો.

હત્યાની તપાસમાં હત્યાનો ચોક્કસ સમય ક્યો એ માહિતી પણ ખૂબ મહત્ત્વની બની રહે છે. કીટ વિજ્ઞાનની મદદથી આવી મહિતી પણ મેળવી શકાય છે. ૧૯૬૨ની પાંચમી મેના રોજ સોવિયેત સંઘના અઝર બૈજાનમાં એક લાશ દરિયાનાં પાણીના ખાડામાંથી મળી આવી. લાશ કોહવાઈ ગયેલી હતી. લાશ પરથી માખીનાં જીવિત ઈંડાં એકઠાં કરવામાં આવ્યાં. તેના અભ્યાસ પરથી એવું તારણ કાઢવામાં આવ્યું કે આ વ્યક્તિને સાતથી દસ દિવસ પહેલાં મારવામાં આવી હતી અને લાશને ખાડામાં મોડેથી ફેંકવામાં આવી હતી.

આ કેસમાં જે હત્યારો પકડાયો તેણે કબૂલ કર્યું કે પોતે ૨૬મી એપ્રિલે ખૂન કરીને ૪થી મેના રોજ લાશને ખાડામાં ફેંકી હતી.

સામાન્યપણે શબ કોહવાવાની ક્રિયામાં એક અઠવાડિયા સુધી ખુલ્લી જગ્યામાં પડી રહેલા શબની સરખામણીમા પાણીમાં બે અઠવાડિયાં સુધી ડૂબેલા કે ધરતીમાં ચાર અઠવાડિયાં સુધી દફનાવાયેલા શબના કોહવાવાનું પ્રમાણ એકસરખું હોય છે.

અનુકૂળ પરિસ્થિતિમાં કીટ શબ પર આક્રમણ કરીને માત્ર બે અઠવાડિયામાં તેને હાડપિંજર બનાવી નાંખે છે. માણસ મરે ત્યારે તેના માથામાં જો જૂ હોય તો તે ત્રણથી છ દિવસ બાદ મરે છે. આ જૂ અંગેના અભ્યાસ પરથી નિષ્ણાત મૃત્યુના સમયનું અનુમાન કરી શકે છે.

જૂ પાણીમાં ૨૪ કલાક સુધી જીવતી રહી શકે છે. ૨૪ કલાક પહેલાં તેને પાણીમાંથી બહાર કાઢવામાં આવે તો તેનામાં ફરી ચેતન આવી જાય છે. તે કેટલા કલાક પાણીમાં રહી તેના આધારે તેનો ચેતનમાં આવવાનો સમય બદલાય છે. જેમ કે પાણીમાં બાર કલાક રાખ્યા પછી કાઢવામાં આવે તો તે એક કલાકમાં ચેતનવસ્થામાં આવી જાય છે, પણ ૧૮ થી ૨૪ કલાક પાણીમાં રાખવામાં આવે તો ચેતનાવસ્થામાં આવતાં ચારથી પાંચ કલાક લાગે છે. જોકે એવું પણ જોવામાં આવ્યું છે કે પાણીમાં ડૂબેલા શબ પરથી જૂ બાર કલાકમાં જ મરી જવા પામી હતી, પણ આ બધી બાબતોનો આધાર પરિસ્થિતિઓની વિશેષતા પર રહેલો છે. (તારવેલું) □

> ઈંટ પથ્થર સે બની, મંદિર ઔર મસ્જિદ;
> ખુદા ઈશ્વર એક હૈ, સોચો યહ તત્ત્વવિદ
>
> કબીર

નેપોલિનય બોનાપાર્ત એક દિવસ પોતાની પ્રેયસી સાથે રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. પેલી પ્રેયસી ધનના મદમાં ચકચૂર હતી. તેઓ જે રસ્તેથી પસાર થઈ રહ્યાં હતાં તે સાંકડો હતો અને સામેથી એક મજૂર પોતાના શિર પર ભાર ઊંચકીને આવતો હતો. પેલી બાનુને આની કંઈ જ પરવા જણાતી નથી. રસ્તા પર મદઘેલી બની વટપૂર્વક તે ચાલતી હતી. પેલો બિચારો મજૂર સંકોચાઈને ચાલતો હતો. નેપોલિયને આ જોયું અને તરત જ પોતાની પ્રેયસીનો હાથ પકડી રસ્તાની બાજુ પર ખેંચી લીધી અને જણાવ્યું, 'આ માણસના શિર પર આટલો બધો ભાર હોય ત્યારે આપણી ફરજ છે કે તેને માર્ગ આપવા માટે આપણે બાજુ પર ખસી જવું જોઈએ.' આમ, શ્રમજીવીનો મહિમા કરી નેપોલિયનને શ્રમનું ગૌરવ વધાર્યું !

¤

મદ્રાસમાં ફોર્ટ સેન્ટ જ્યોર્જમાં ૧૫૦ ફુટ લાંબો ધ્વજદંડ છે. ઈ.સ. ૧૬૮૭માં ગવર્નર યેલે તેના ઉપર યુનિયન જેક લહેરાવ્યો હતો. ઈ.સ. ૧૭૭૦માં આ ધ્વજદંડને આજના સ્થાને ફેરવવામાં આવ્યો હતો. ભારતનો એ ઊંચામાં ઊંચો ધ્વજદંડ છે અને તે સાગનો બનેલો છે. આજે હવે તેના ઉપર આપણો ત્રિરંગો ધ્વજ ફરકાવાય છે.

¤

ચરબી ઉતારવા માટે ફક્ત છાશ પીવાનો તથા એક ચમચી ત્રિફળા-ત્રિકટુ લેવાનો પ્રયોગ લાભકારક નીવડશે.

¤

તમે નહીં માનો, પણ જ્યોર્જ વૉશિંગ્ટન કાંડા-ઘડિયાળ પહેરવાને બદલે 'સન-ડ્રાયલ' પહેરતો અને તેના ચંદા ઉપરની ત્રિકોણ પટ્ટીના પડછાયાને આધારે સમય કહેતો.

¤

સિનેમાની શોધ ફ્રાન્સના 'લુમીએ' ભાઈઓએ કરેલી. ૧૮૯૫ના ડિસેમ્બરની ૨૮મીએ ગ્રાન્ડ કાફેના ભોંયરામાં તેમણે જાહેર જનતા સમક્ષ પહેલી ફિલ્મ પ્રદર્શિત કરેલી-વ્યક્તિદીઠ એક ફ્રાન્કની ટિકિટ સાથે. તે ફિલ્મનું નામ હતું. 'L'arrive d'un train engau (સ્ટેશન પર ગાડીનું આગમન) દૂરથી લૉંગ શૉટમાં ધસમસાટ આવતી ગાડી જેમ જેમ ક્લોઝઅપમાં નજીક ને નજીક આવતી ગઈ ત્યારે પ્રેક્ષકોએ ચીસાચીસ કરી મૂકી હતી.

¤

ન્યાયાધીશે એક ગુનેગારને પૂછ્યું, 'તને વારંવાર અહીં આવતાં શરમ નથી આવતી ?' ગુનેગારે જવાબ આપ્યો, 'ના, નામદાર, આપ પણ અહીં દરરોજ આવો જ છો ને.'

¤

૧૯૯૧માં ફ્લોરિડામાં લૅરેન્ઝો અને અન્ય ૧૫૦ જેટલા રસોઈયાઓએ સાથે મળીને વિશ્વનો સૌથી મોટો પિત્ઝા બનાવ્યો હતો, જે ૧૪૦ ફુટ લાંબો અને ૨૨ ટન વજનનો હતો.

¤

અરુચિ દૂર કરવા માટે જાંબુડાનો સરકો બનાવી ૧૦ ગ્રામ લઈ પાણીમાં પી જવાથી ફાયદો જણાશે.

¤

ફ્રાન્સની તારણહાર ગણાતી જોન ઑફ આર્કનું સાચું નામ જ્યાં દાર્ક (Jaenne Darc) હતું, પરંતુ પછી તેને સમ્માન આપવા ખાતર Darcને બદલે ખોટી રીતે d'Arc લખાવા લાગ્યું, અને અંગ્રેજ ઈતિહાસકારોએ એનો ખોટો તરજૂમો કર્યો 'ઑફ આર્ક'.

¤

જાણો છો કે વૉટરપ્રૂફ કાગળની સૌપ્રથમ શોધ ઈ.સ. ૧૮૯૭માં થઈ હતી ?

¤

દરિયાની ઊંડાઈ માપવાની એક રીત છે અવાજનું આંદોલન દરિયાને તળિયે મોકલી તેને પાછા ફરતા લાગતો વખત માપી નિર્ણય કરવો તે.

¤

> સુયોજિત કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણ આજ જેવો મંગલદાયક દિવસ બીજો નથી.
>
> શ્રીમદ્ રાજચંદ્ર

કહેવતસાર

'ખોખરી ડાંગ પણ હાંડલાજોગ ખરી.' અસલમાં મજબૂત વસ્તુ કે વ્યક્તિ જીર્ણ થયાં પછી પણ પ્રસંગ આવ્યે પોતાનું હીર દાખવે છે એ અર્થને અભિવ્યક્ત કરતી આ કહેવતને મળતી બીજી કહેવત છે 'ભાંગ્યુ તો યે ભરૂચ.'

¤

જોડણીભેદે અર્થભેદ

સબલ - બળવાન

શબલ - કાબરચીતરું

¤

કલા કણિકા

દક્ષિણ ભારત તરફ શાકપાન સમારવા કે કોપરાના વાટકાના ખમણવા આવું સાધન વપરાય છે. મહારાષ્ટ્ર તરફ તેને 'વિળી' કહે છે. અન્યત્ર પણ ઘણે સ્થળે એ વપરાય છે. છે તો માત્ર એ રોજિંદા વપરાશનું ધારદાર વળાંકવાળું સાધન જ, પણ તેના બનાવનાર કારીગરે એને કલગીવાળા પક્ષીનો આકાર આપ્યો છે. એના ધારદાર વળાંક પર શાકપાન કે માછલી વગેરે સમારાય અને કલગીના છેડા પરના ગોળાકારની દાંતાવાળી કિનારથી કોપરું ખમણાય. કલા અને ઉપયોગિતાનો કેવો સુભગ સમન્વય !

